MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૧-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ૧૭૯ દેશોમાં કોરોના વાયરસનો પગપેસારોઃ મૃત્યુઆંક ૧૦,૦૦૦ને પાર

5 બોલિવૂડ સ્ટાર્સે પીએમ મોદીના જનતા કર્ફ્યૂની વાતને સપોર્ટ કર્યો

7 કોરોના ઇફેક્ટઃ ૩૧મી સુધી પાનના ગલ્લાઓ પણ બંધ,થૂંકવા પર દંડ બમણો

11 લો બોલો કોરોના વાયરસના હાઉ વચ્ચે જાહેરમાં થૂંકનાર દંડાય છે ત્યારે એટીએમમાં થૂંકવાની પણ ઘટના સામે આવી..?!

વધુ ૫ શંકાસ્પદ કેસો સહિત રાજ્યમાં કુલ કેસોની સંખ્યા થઈ ૭

ગુજરાતમાં ભયાનક કોરોનાનો પ્રવેશઃ કુલ સાત દર્દી પોઝિટિવ

અમદાવાદમાં ફિનલેન્ડ તેમજ યુએસથી આવેલી બે મહિલાઓને અને વડોદરામાં સ્પેનથી આવેલા એક યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટીવ

૧૫૦ સેમ્પલ લેવાયા છે તેમાંથી પના રિપોર્ટ પોઝિટિવ, ૨૨ના રિપોર્ટ આવવાના બાકી
શોપિંગ મોલથી લઈને પાનના ગલ્લા સુધી તમામ બંધ,મોટા ભાગના શહેરોમાં કલમ-૧૪૪ લાગૂ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસની સંખ્યા ગઈકાલે ૨ હતી તે એક દિવસમાં જ વધીને આજે ૭ થઈ ગઈ છે. અમદાવાદમાં એક જ દિવસમાં ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં ૨ મહિલા અને એક યુવકનો સમાવેશ થાય છે. જ્યારે વડોદરાના બે રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેના પગલે બીજા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ભારે ફફડાટ અને ખળભળાટ વ્યાપી ગયો છે તથા સમગ્ર આરોગ્ય વિભાગ સહિત વહીવટી તંત્રને ખડેપગે રહેવાના આદેશો બહાર પાડવામાં આવ્યા છે. જેમના પગલે બીજા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ભારે ફફડાટ અને ખળભળાટ વ્યાપી ગયો છે તથા સમગ્ર આરોગ્ય વિભાગ સહિત વહીવટી તંત્રને ખડેપગે રહેવાના આદેશો બહાર પાડવામાં આવ્યા છે. અમદાવાદમાં જેમના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે તેમાંથી એક યુવતી ન્યૂયોર્કથી આવી હતી જ્યારે બીજી મહિલા ફિનલેન્ડથી અને યુવક લંડનથી આવ્યો હતો. જ્યારે વડોદરામાં જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તેમાંથી એક યુવાન સ્પેનથી આવ્યો હતો. આ અંગેની જાહેરાત કરતાં રાજ્યના આરોગ્ય વિભાગના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર કરાઈ છે. અગાઉ આરોગ્ય કમિશનર સુશ્રી જયંતિ રવિએ જણાવ્યું છે કે, અત્યારસુધી ગુજરાતમાં જે પણ કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે તે બધા વિદેશથી આવેલી વ્યક્તિના છે, કોઈ લોકલ કે ડોમેસ્ટિક સિટિઝન કેસ પોઝિટિવ આવ્યો નથી. અમદાવાદમાં જે ત્રણ કેસ પોઝિટિવ આવ્યા હતા તે દર્દીઓ હોમ આઇસોલેશનમાં હતા એટલે વધુ કોઈને તેમનો ચેપ લાગવાની શકયતા ઓછી જણાય છે. આ ઉપરાંત ગુજરાતમાં પણ મોટા ભાગના

અનુ. પાના નં. ૬ પર

ભાજપે મારી સાથે નહીં પણ રાજ્યની પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો છેઃ કમલનાથ

ફ્લોર ટેસ્ટ પહેલાં જ કમલનાથનું મુખ્યમંત્રી પદેથી રાજીનામું



મ.પ્રદેશમાં કમલને કચડી 'કમળ'નાથઃ ભાજપ હવે સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે, મુખ્યમંત્રી તરીકે શિવરાજસિંહ ચૌહાણનું નામ લગભગ નક્કી,કોંગ્રેસના બળવાખોર ૨૨ ધારાસભ્યોના રાજીનામા મંજૂર થતાં જ સરકાર પડી ગઈ

રાજકારણ જનસેવાનું માધ્યમ હોવું જોઈએઃ સિંધિયા

કમલનાથની પ્રેસ કોન્ફરન્સ પછી કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા એમપીનાં મહારાજ જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વિટર પર લખ્યું છે કે, મધ્યપ્રદેશમાં આજે જનતાનો વિજય થયો છે, હું હંમેશાં માનું છું કે રાજકારણ જનસેવાનું માધ્યમ હોવું જોઈએ, પરંતુ રાજ્ય સરકાર રસ્તો ભટકી ગઈ હતી, ફરીથી સત્યનો વિજય થયો છે, સત્યમેવ જયતે,.

ન્યુ દિલ્હી

૧૭ દિવસના પોલિટિકલ ડ્રામા બાદ અંતે મધ્યપ્રદેશની કમલનાથ સરકાર શુક્રવારે પડી ગઈ છે. કમલનાથે રાજ્યપાલ લાલજી ટંડનને રાજીનામુ આપ્યું છે. ભાજપ પર પ્રહાર કરતા કમલનાથે જણાવ્યું કે, ભાજપે ૧૫ વર્ષ સુધી સાશન કર્યું તેની તુલનાએ કોંગ્રેસની સરકારને ૧૫ મહિના જ કામ કરવા મળ્યું. પ્રજાએ પાંચ વર્ષ માટે કોંગ્રેસની સરકારને ચૂંટી હતી. કમલનાથે જણાવ્યું કે જેટલો સમય તેમને મળ્યો તેમાં તેમણ રાજ્યની તસવીર બદલવાના પ્રયાસ કર્યા હતા. તેઓએ હંમેશા વિકાસમાં વિશ્વાસ રાખ્યો છે.

કમલનાથે જણાવ્યું કે ૧૫ મહિનામાં ભાજપે મારી સરકાર ઉથલાવવા પ્રયાસો કર્યા હતા. ભાજપ પ્રથમ દિવસથી જ ષડયંત્રો કરી રહ્યું હતું અને આજે કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને કર્ણાટકમાં ગોંધી રાખવામાં આવ્યા છે. ભાજપે કરોડો રૂપિયામાં ખેલ પાડ્યો છે. ભાજપે મારી સાથે જ નહીં પરંતુ મધ્ય પ્રદેશની જનતા સાથે પણ વિશ્વાસઘાત કર્યો છે જેને પ્રજા ક્યારેય માફ નહીં

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન થોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ચાર નરાધમોને વહેલી સવારે એક સાથે ફાંસીના માંચડે લટકાવાયા

આખરે સાત વર્ષ બાદ નિર્ભયાને ન્યાય મળ્યો

ફાંસીના કેટલાક કલાક પહેલાં પણ કાનૂની જંગ ખેલાયો પરંતુ અંતે નરાધમો હાર્યા અને લટકાવી દેવાયા,પરિવારજનો સહિત દેશભરમાં ખુશીનો માહોલ

૩૦ મિનિટ સુધી લટકતા રહ્યા ચારેયના મૃતદેહો..

અંદાજે ૩૦ મિનિટ સુધી ચારેયની લાશ તખ્તા પર લટકતી રહી હતી. ૬ વાગે મેડિકલ ઓફિસરે ચારેય દોષિત પવન, અક્ષય, મુકેશ અને વિનયને મૃત જાહેર કર્યા. સવારે ૮.૩૦ વાગે દિન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં મેડિકલ ટીમ દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ત્યારપછી મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવ્યાં હતા.

ન્યુ દિલ્હી

૬ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ દિલ્હીની એક ૨૩ વર્ષિય યુવતી પર ચાલુ બસમાં સામુહિક બળાત્કાર અને હત્યાના દોષી ઠેરવવામાં આવેલા ૬ પૈકીના ચાર દોષિત નરાધમો મુકેશ સિંઘ (૩૨), પવન ગુપ્તા (૨૫), વિનય શર્મા (૨૬) અને અક્ષય કુમાર સિંઘ (૩૧) ને, ભારતના કાયદાની આંટીઘૂંટીમાં વિલંબ થયા પછી પણ આખરે ૭ વર્ષ, ૩ મહીના અને ૩ દિવસ બાદ દિલ્હીની તિહાર જેલમાં આજે ૨૦ માર્ચ, શુક્રવારે વહેલી સવારે સુરજ ઉગે તે પહેલાં ૫.૩૦ વાગ્યાના સુમારે અંધકારમાં એક સાથે ફાંસી આપવામાં આવી હતી, તેના પગલે ભારતના લાંબા ઇતિહાસમાં એક ભયાનક અને કલંકિત પ્રકરણનો પણ અંત આવ્યો હતો. અને ભોગ બનનાર નિર્ભયાને અને તેમના પરિવારને પણ લાંબી કાનૂની લડત બાદ ન્યાય મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ફાંસી બાદ ટ્વીટ કરીને સંદેશો આપ્યો હતો કે ન્યાયની જીત થઈ છે. ફાંસી પછી નિર્ભયાની માતા આશા દેવીએ કહ્યું હતું કે અંતે દોષિતોને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા. આજે અમને ન્યાય મળી જ ગયો. આજનો દિવસ દિકરીઓના નામે છે. હું સરકાર અને ન્યાયપાલિકાનો આભાર માનુ છું. આ પહેલીવાર છે જ્યારે દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલ સંકુલ તિહાર જેલમાં ચાર ગુનેગારોને એક સાથે ફાંસી

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

મુંબઈ સહિત મહારાષ્ટ્રના ચાર શહેરો ૩૧ માર્ચ સુધી બંધ રહેશે

કોરોનાનો આતંકઃ રાજસ્થાનમાં વધુ એક મોત,મૃત્યુઆંક 5

ભારતમાં કુલ ૨૦૫ લોકો સંક્રમિત, મહારાષ્ટ્રમાં ૩ અને ઉતર પ્રદેશમાં ૪ નવા દર્દીઓ મળ્યા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાવાઈરસથી પાંચમું મોત રાજસ્થાનમાં થયું છે. શુક્રવારે ૬૯ વર્ષના ઈટલીના નાગરિકે જીવ ગુમાવ્યો છે. આ ૧૭ લોકોનું ગ્રુપ ભારતમાં ફરવા આવ્યું હતું. સંક્રમિતોની સંખ્યા પણ આજે ઝડપથી વધી રહી છે અને તે ૨૦૫ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ૩, ઉતર પ્રદેશમાં ૪, તેલંગાણામાં ૨, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં ૧-૧ કેસ પ્રકાશમાં આવ્યા છે.

આ પહેલા મહારાષ્ટ્ર, કર્ણાટક અને પંજાબમાં પણ લોકોની મોત થઈ ચૂકી છે. આ તમામ લોકો વૃદ્ધ હતા જેઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. ઈટાલીના નાગરિક સાથે દેશમાં કુલ મોતનો આંકડો હવે પાંચ સુધી પહોંચી ચૂક્યો છે.

મોતનો શિકાર બનેલ ઈટલીની આ પ્રવાસી મહિલા છેલ્લા દિવસોથી ભારત આવેલા ૨૩ સભ્યોના ગ્રુપની સદસ્ય હતી. અહીં તપાસ દરમિયાન કોરોના વાયરસનું સંક્રમણ હોવાનું સામે આવતાં સારવાર ચાલી રહી હતી. એના સાથીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હતો. બંનેની અહીંની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જે બાદ રિપોર્ટ નેગેટિવ થયો હતો.

જેને પગલે બંનેને આરયુએચએસમાં કોરેન્ટાઈન માટે શિફ્ટ કરાયા હતા. ત્યાર બાદ ઈટલી દૂતાવાસના આગ્રહને પગલે ગુરૂવારે ઈટલીના આ પર્યટકને ફોર્ટિસ હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. ફોર્ટિસમાં એના મોતનું કારણ હાર્ટ એટેક જણાવાઈ રહ્યું છે. આ પર્યટક અહીંનો કોરોના વાયરસનો પ્રથમ પોઝેટિવ કેસ હતો. ત્યાર બાદ આ કુલ ૯ કેસ પોઝેટિવ સામે આવ્યા છે.

કોરોના વાઈરસની મહામારીથી સૌથી વધારે અસર પામેલા મહારાષ્ટ્રમાં મુંબઈ, પુણે, નાગપુર, પીંપરી-ચિંચવડને લૉકડાઉન કરવાની જાહેરાત મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ કરી છે. લોકલ અને બસ સેવા ચાલુ રહેશે પણ તમામ દુકાનો અને ઑફિસો ૩૧ માર્ચ સુધી બંધ રહેશે. સરકારી કચેરીઓમાં પણ ફક્ત ૨૫ ટકા સ્ટાફ કામ કરશે.

દિલ્હીમાં તમામ મોલ સદંતર બંધ રાખવા આદેશ

કોરોનાના ભયને કારણે દિલ્હી સરકાર હવે સતર્ક થઈ છે. દિલ્હી સરકારે મોલને સદંતર બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલાં કેજરીવાલ સરકારે રેસ્ટોરન્ટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ અંગેની જાણકારી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા ટ્વીટ કરી આપવામાં આવી હતી.

મહારાષ્ટ્રમાં પરીક્ષા વિના પાસ થશે ધોરણ ૧થી ૮ના છાત્રો, પરીક્ષાઓ રદ

મહારાષ્ટ્ર સરકારે આ વાયરસ સામે લડવા માટે ઘણા મોટા નિર્ણયો કર્યા છે. શાળા, કોલેજો, મૉલ અને સાર્વજનિક સ્થળોને માર્ચના અંત સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન શુક્રવારે સરકારે ધોરણ ૧થી ૮ સુધીની પરીક્ષાઓ રદ કરી દીધી છે, બધા છાત્રોને પરીક્ષા વિના જ આગામી ધોરણમાં મોકલી દેવામાં આવશે જ્યારે ૯થી ૧૧માં સુધીના છાત્રોની પરીક્ષાઓ એપ્રિલ બાદ કરાવવામાં આવશે.



આજે વિશ્વભરને કોરોના વાઈરસના ભોરિંગે ભરડો લીધો છે ત્યારે હર કોઈને એકબીજા માટે પ્રાર્થનાની જરૂર છે. કર્કલેન્ડની લોઈસ કાસિમેસ નામની એક છોકરી લાઈફ કેર સેન્ટરમાં મૃત્યુ પામેલા ૩૦ દર્દીઓ તેમજ તબીબો - નર્સોને માટે આ સંદેશો આપતું ટી-શર્ટ પહેર્યું હતું.

૨ લાખી વધુ લોકો સંક્રમિત,ચીનમાં એક પણ નવો કેસ નોંધાયો નથી

૧૭૯ દેશોમાં કોરોના વાયરસનો પગપેસારોઃ મૃત્યુઆંક ૧૦,૦૦૦ને પાર

અમેરિકામાં ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત,૧૫૦થી વધુ લોકોના મોત, ઈટાલીમાં સૌથી વધુ ૩૪૦૦

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસથી શુક્રવાર સવાર સુધી ૧૭૯ દેશો ઝપટમાં આવી ગયા છે. અત્યાર સુધી ૧૦,૦૩૫ લોકોના મોત થયા છે. જ્યારે ૨,૪૪,૯૭૯ લોકોને ઈન્ફેક્શન થયું હોવાની માહિતી મળી છે. સાવી રાત એ છે કે આ દરમિયાન ૮૭,૪૦૮ દર્દીઓ સાજા પણ થયા છે. કોરોના વાઈરસનું ઈન્ફેક્શન ચીનથી શરૂ થયું હતું. જોકે ત્યાં હવે સ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ છે. પરંતુ યુરોપીય દેશ ઈટાલીમાં સ્થિતિ વધારે ભયંકર છે. શુક્રવારે સવાર સુધીમાં ચીનમાં મોતનો આંકડો ૩,૨૪૫ હતો જ્યારે ઈટાલીમા આ દરમિયાન ઈન્ફેક્શનના કારણે કુલ ૩,૪૦૫ લોકોના મોત થયા છે. બીજી બાજુ ઈરાન સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદને પણ લોકોની ચિંતા વધારી દીધી છે. ઈરાનના સ્વાસ્થય વિભાગે કહ્યું છે કે, દેશમાં દર ૧૦ મિનિટે એક ઈન્ફેક્ટડ વ્યક્તિનું મોત થઈ રહ્યું છે અને દર ૫૦ મિનિટે એક નવો કેસ સામે આવી રહ્યો છે. પાકિસ્તાનમાં ગુરુવાર સુધીમાં ૪૫૩ લોકોને ઈન્ફેક્શન થયું છે. અમેરિકા હવે તેમની સેનાને પણ મેદાનમાં ઉતારી રહી છે. ચીનના વુહાન શહેરમાંથી શરૂ થયેલો આ કોરોના વાયરસનો કહેર હવે દુનિયાભરમાં ફેલાવો કરી રહ્યો છે. આ વાયરસની અસર હાલ ચીન કરતાં પણ સૌથી વધુ ઈટાલીમાં થઈ છે. ચીનથી વધુ લોકોના મોત પણ હાલ ઈટાલીમાં થઈ રહ્યાં છે. સૌથી વધુ મોત ઈટાલીમાં ૩૪૦૫ લોકોના થયા છે. વળી, ચીનમાં ૩૨૪૮ લોકોના મોત થયા છે. અન્ય દેશોની વાત કરીએ તો આ વાયરસના કારણે ઈરાનમાં ૧૨૮૪, અમેરિકામાં ૧૫૪, સ્પેનમાં ૮૩૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દુનિયાભરમામાં હાલના સમયે ૨૪૫,૦૭૩ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે.

આર્જેન્ટિમાં લોકડાઉન જાહેર

શુક્રવારે રાષ્ટ્રપતિ ફર્નાન્ડિઝે દેશને લોકડાઉન જાહેર કર્યું છે. લોકોને ઘરમાંથી બહાર ન નીકળવાનું કહેવામાં આવ્યું છે. દરેક ઈમરજન્સી સેવાઓને લોક ડાઉનથી અલગ રાખવામાં આવી છે. દર્દીઓને લોકડાઉન વખતે બહાર નીકળવાની છૂટ આપવામાં આવી છે. પરંતુ જે લોકો કામ વગર ઘરની બહાર નીકળશે તેમની અટકાયત કરવામાં આવશે અને દંડ પણ કરાશે. આર્જેન્ટિનામાં શુક્રવાર સુધીમાં ૧૨૮ ઈન્ફેક્ટેડ કેસ નોંધવામાં આવ્યા છે. ૩ લોકોના મૃત્યુ થયા છે.

સ્પેનમાં બેકાબુ સ્થિતિઃ ઈરાનમાં દર ૧૦ મિનિટે ૧ મોત

ઈરાનમાં તો હાલત એટલી ખરાબ થઈ ગઈ છે. અહીં દર દસ મિનીટે એક વ્યકિત કોરોનાના કારણે મરી રહ્યો છે. ઈરાનના આરોગ્ય મંત્રાલયના પ્રવકતા કિયાનુશ જહાંપુરે ગઈ કાલે એક ટવીટમાં આ માહિતી આપતા કહ્યું કે એક કલાકમાં ૫૦ લોકો સંક્રમણના શિકાર બની જાય છે. ઈરાનમાં છેલ્લા એક દિવસમાં ૧૪૯ લોકોના મોત થયા હતા. અને એક હજારથી વધારે નવા કેસો બહાર આવ્યા છે.

સંપૂર્ણ કેલિફોર્નિયા લોકડાઉન કરાયું

સંપૂર્ણ કેલિફોર્નિયાને લોકડાઉન કરવામાં આવ્યું: તમામ આશરે ૪૫ મિલિયન લોકોને ઘરમાં બંધ રહેવા આદેશ કરાયો છે.અમેરિકામાં સમગ્ર રાજ્યને પ્રથમ વખત લોકડાઉન કરી દેવામાં આવ્યું છે. કેલિફોર્નિયા રાજ્યના વડા ગેવિન ન્યુસમના આદેશ પ્રમાણે અમેરિકામાં સૌ પ્રથમ વખત રાજ્ય પ્રમાણે આ પ્રકારના નિયંત્રણ લાદવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કેલિફોર્નિયામાં કોરોનાના ૯૦૦થી વધારે પોઝિટિવ ટેસ્ટ આવ્યા છે અને ૧૯ લોકોના મોત થયા છે.

યાકૂબ મેમણની ફાંસીના પાંચ વર્ષ બાદ ફરીથી અડધી રાત્રે સુપ્રિમના દરવાજા ખુલ્યા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આવું બહું ઓછી વખત થયું છે કે જ્યારે અડધી રાત્રે કોર્ટમાં કોઈ અર્જન્ટ કેસની સુનાવણી થઈ હોય. ફાંસીનો આ બીજો કેસ એવો છે જેના માટે અડધી રાત્રે સુપ્રીમ કોર્ટના દરવાજા ખુલ્યા હતા. આ અગાઉ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટના દોષિત યાકૂબ મેમણની ફાંસી વખતે પણ રાત્રે ત્રણ વાગ્યે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી.

મુંબઈ સીરિયલ બ્લાસ્ટના દોષિત યાકૂબ મેમણની અરજીને રાષ્ટ્રપતિએ ફગાવી દીધી હતી. ૩૦ જુલાઈ ૨૦૧૫ના રોજ અડધી રાત્રે સુપ્રીમ કોર્ટના દરવાજા ખોલવા પડ્યા હતા. વકીલ ભૂષણ સહિત કેટલાક અન્ય વકીલો તરફથી મોડી રાત્રે ફાસી ટાળવા માટે અરજી કરવામાં આવી હતી.

ત્યારે જસ્ટિસ દિપક મિશ્રાની આગેવાનીમાં ત્રણ જસ્ટિસની એક બેંચે રાત્રે ત્રણ વાગ્યે આ મામલાની સુનાવણી કરી હતી. ૩૦ જુલાઈની રાત્રે ૩.૨૦ વાગ્યે સુપ્રીમમાં સુનાવણી શરૂ થઈ હતી, જે સવારે ૪.૫૭ સુધી ચાલી હતી. જોકે, ફાંસી ટાળવા માટેની આ અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી અને બાદમાં યાકૂબ મેમણને ફાંસી આપવામાં આવી હતી.

નિફ્ટી ૪૮૬ પોઇંટના ઉછાળા સાથે ૮૭૪૯ની સપાટીએ

શેરબજારમાં તેજીઃ સેન્સેક્સમાં ૧૬૨૮ પોઈન્ટ્સનો હાઈજમ્પ

મુંબઈ

કોરોનાની આર્થિક અસરો સામે સ્ટિમ્યુલસ પેકેજની આશાએ વૈશ્વિક રાહે શુક્રવારે BSE સેન્સેક્સ ૧૬૨૮ પોઈન્ટ્સ વધીને બંધ રહ્યો હતો. ઓઈલ-ગેસ, IT અને ટેકનો શેર્સની આગેવાનીમાં ઈન્ટ્રા ડેમાં સેન્સેક્સ ૨,૦૦૦ પોઈન્ટ્સ ઉછળ્યો હતો.

શુક્રવારે ઓઈલ-ગેસ, IT અને ટેકનો ઉપરાંત FMCG, મેટલ, એનર્જી, ફાર્મા શેરોમાં ધૂમ લેવાલી જોવા મળી હતી. આજે તમામ સેક્ટોરલ ઈન્ડાઈસિસ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા.

દિવસ દરમિયાન BSE સેન્સેક્સ ઉપરમાં ૩૦,૪૧૮.૨૦ અને નીચામાં ૨૭,૯૩૨.૬૭ પોઈન્ટ્સની રેન્જમાં ટ્રેડ થયા બાદ ૧૬૨૭.૭૩ પોઈન્ટ્સ અથવા ૫.૭૫ ટકાના ઉછાળા સાથે ૨૯,૯૧૫.૯૬ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ઉપરમાં ૮,૮૮૩.૦૦ અને નીચામાં ૮,૧૭૮.૨૦ પોઈન્ટ્સ વચ્ચે અથડાયા બાદ ૪૮૬.૨૫ પોઈન્ટ્સ અથવા ૫.૮૮ ટકાના ઉછાળા સાથે ૮,૭૪૯.૭૦ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

BSE મિડકેપ અને BSE સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૪.૧૮ ટકા અને ૪.૦૩ ટકા વધીને બંધ રહ્યા હતા. આજે વધીને બંધ રહેલા મુખ્ય શેરોમાં ONGC ૧૮.૫૮ ટકા, અલ્ટ્રાકેમ્કો ૧૩.૦૧ ટકા, હિન્દુસ્તાન યૂનિલિવર ૧૧.૭૫ ટકા, રિલાયન્સ ઈન્ડ. ૧૧.૨૪ ટકા, TCS ૯.૯૦ ટકા, ટાટા સ્ટીલ ૯.૬૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૮.૮૬ ટકા અને ITC ૮.૪૦ ટકાનો સમાવેશ થાય છે.

આજે ઘટીને બંધ રહેલા મુખ્ય શેરોમાં HDFC બેંક ૧.૩૯ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૦.૮૮ ટકાનો સમાવેશ થાય છે.

ડોલર સામે રૂપિયો આજે મજબૂત થતાં આઈટી શેરોમાં લેવાલી રહી હતી. સમાહના અંતિમ દિવસે આઈટી અને એફએમસીજી શેરોમાં ભારે તેજી થઈ હતી. નિફ્ટીનો આઈટી ઈન્ડેક્સ ૮.૫૨ ટકા વધ્યો હતો, જ્યારે એફએમસીજી ઈન્ડેક્સ ૮.૭૭ ટકા વધ્યો હતો. આ સાથે ફાર્મા ઈન્ડેક્સ ૭.૬૮ ટકા, મેટલ ઈન્ડેક્સ ૭.૬૮ ટકા ઓટો ઈન્ડેક્સ ૩.૭૧ ટકા અને રિયલ્ટી ઈન્ડેક્સ ૨.૩૩ ટકા વધ્યા હતા.

સામાહિક રીતે જોઈએ તો સેન્સેક્સ ૧૨ ટકા અને નિફ્ટી ઈન્ડેક્સ ૧૧.૮ ટકા ઘટ્યા હતા, જ્યારે બેંક નિફ્ટી ૧૯ ટકા, મેટલ ઈન્ડેક્સ ૧૦.૫ ટકા, આઈટી ઈન્ડેક્સ ૮.૩ ટકા અને ફાર્મા ઈન્ડેક્સ ૪.૩ ટકા ઘટ્યા હતા. મિડકેપ ઈન્ડેક્સ ૧૩ ટકા ઘટ્યો હતો.

૨૦ માર્ચને 'નિર્ભયા દિવસ' તરીકે મનાવશે

દોષિતોને ફાંસી અપાવીને મેં માતૃત્વ ધર્મ પૂર્ણ કર્યોઃ નિર્ભયાની માતા

ન્યુ દિલ્હી

નિર્ભયા પર સામૂહિક બળાત્કાર અને હત્યાના દોષિતોને શુક્રવારે સવારે ફાંસીની સજા આપી દેવામાં આવી છે. જેના પર નિર્ભાયની માતા આશા દેવીએ કહ્યું કે, આજનો દિવસ દેશની દીકરીઓના નામે છે. આખરે નિર્ભયાને ન્યાય મળ્યો ખરો. નિર્ભયાકાંડથી સમગ્ર દેશ શરમમાં ડૂબી ગયો હતો, જેને આજે ન્યાય મળ્યો છે. તેઓ ૨૦ માર્ચને 'નિર્ભયા દિવસ' અથવા સુરક્ષિત દિવસ તરીકે મનાવશે.

નિર્ભયાની માતા આશા દેવીએ કહ્યું કે હું કાયદા વ્યવસ્થાનો આભાર વ્યક્ત કરું છું. ભલે મોડા તો મોડા પણ મારી દીકરીને ન્યાય તો મળ્યો. મારી દીકરીના ચારેય દોષિતોને ફાસી આપીને ન્યાયતંત્રએ ફરી એક વખત સાબિત કરી દીધું કે જો દેશની દીકરીઓ સાથે કોઈ પણ અન્યાય કરશે તો તેને પણ કડકમાં કડક સજા મળશે.

હું કનિકાની સાથે પાર્ટીમાં હતી, હાલ સેલ્ફ આઈશોલેનમાં છુંઃ વસુંધરા રાજે

લખનઉ

બોલીવૂડ સિંગર કનિકા કપૂરને કોરોના વાયરસ થયો છે. કનિકાએ લંડનથી પરત ફર્યા બાદ લખનઉની તાજ હોટલમાં પાર્ટી કરી હતી. જેમાં ભાજપના નેતા અને રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે અને તેમનો પુત્ર દુષ્યંત સિંહ પણ સામેલ થયા હતા. હવે વસુંધરા રાજે સિંધિયા અને દુષ્યંત સિંહે પોતાને આઈસોલેટ કર્યા હોવાની જાણકારી આપી છે.

ભાજપના નેતા વસુંધરા રાજે સિંધિયાએ ટ્વિટ કર્યું છે કે, કેટલાક દિવસ અગાઉ દુષ્યંત અને તેના સાસરીયાઓની સાથે લખનઉમાં એક ડિનર પર ગઈ હતી. કનિકા કપૂર જે કોવિડ-૧૯થી સંક્રમિત થઈ છે તે પણ ત્યાં હાજર હતી. સાવધાની રાખતા હું અને દુષ્યંત સેલ્ફ આઈસોલેશનમાં છીએ અને અમે તમામ જરૂરી નિદર્શોનોનું પાલન કરી રહ્યા છીએ.

જણાવવામાં આવી રહ્યું છે કે, કનિકા કપૂર ૧૫ માર્ચના રોજ લખનઉમાં એક પાર્ટીમાં સામેલ થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, આ પાર્ટી બીએસપીના નેતા અકબર ડંપી દ્વારા આયોજીત કરવામાં આવી હતી. તેમણે એક પાર્ટી તેમના ઘરે અને બીજી તાજ હોટલમાં આપી હતી.

કોરોના વાયરસઃ દસોલ્ટે ભારતના રાફેલ વિમાનોનું ઉત્પાદન કર્યું બંધ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે દસોલ્ટ એવિએશને ભારત માટે રાફેલ ફાઇટર જેટનું પ્રોડક્શનનું કામ ૩૧ માર્ચ સુધી રોકી દીધું છે. ઈન્ડિયન એરફોર્સ સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું કે, દસોલ્ટે આ નિર્ણય કોરોના વાયરસને ફેલાવતો રોકવા માટે ફ્રાન્સ સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાને ધ્યાનમાં રાખીને લીધો છે. જોકે, એરફોર્સ સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું કે, જોકે, તેનાથી આ વર્ષના મે મહિનામાં રાફેલ ફાઇટર જેટના પ્રથમ જથ્થાની ડિલિવરીમાં કોઇ અસર પડશે નહીં. ફ્રાન્સમાં કોરોના વાયરસન કારણે લોકડાઉન લાંબા સમય સુધી ચાલશે તો રાફેલ વિમાનોના પ્રથમ જથ્થાની ડિલિવરી જરૂર પ્રભાવિત થઈ શકે છે ફ્રાન્સમાં કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ લોકોના મોત થયા છે. ઈન્ડિયન એરફોર્સના પર્સનલ ફ્રાન્સમાં છ અલગ અલગ સ્થળો પર ટ્રેનિંગ લઈ રહ્યા છે. ભારત અગાઉથી જ પાંચ રાફેલ ફાઇટર જેટ રિસીવ કરી ચૂક્યું છે અને તેના પર આપણા પાયલટ ટ્રેનિંગ લઈ રહ્યા છે.

નિર્ભયાનાં આરોપીઓએ જેલમાં કરી ૧.૩૭ લાખની કમાણી

આરોપીઓએ જેલમાં કામ કરીને ૧ લાખ ૩૭ હજાર રૂપિયાની કમાણી કરી હતી. ત્યારે હવે એ સવાલ ઉભો થાય છે કે આ રૂપિયા કોને મળશે. તિહાડ જેલ પ્રશાસને જણાવ્યું કે નિર્ભયાનાં આરોપીઓએ જેલમાં કામ કરીને ૧ લાખ ૩૭ હજાર રૂપિયાની કમાણી કરી હતી. જેમાં મુકેશે કોઈ કાર્ય કર્યું નહોતું. જ્યારે અક્ષયે ૬૯ રૂપિયા, પવને ૨૯ હજાર રૂપિયા અને વિનયે ૩૯ હજાર રૂપિયાની કમાણી કરી હતી. ત્યારે હવે આ રૂપિયા તેમનાં પરિવારજનોને આપવામાં આવશે આ સાથે ચારેય આરોપીઓનાં કપડા અને સામાનને પણ પરીવારજનોને સોંપવામાં આવશે.

દુષ્કર્મ મામલે છેલ્લે ૧૬ વર્ષ પહેલાં ફાંસી આપવામાં આવી હતી

૧૪ ઓગસ્ટ ૨૦૦૪ના રોજ ધનંજય ચેટરજીને અલીપુર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. તેણે કોલકાતામાં ૧૪ વર્ષની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ કરીને તેની હત્યા કરી હતી. ત્યારપછી ૩ આતંકીઓને મોતની સજા આપવામાં આવી હતી. ૯ ફેબ્રુઆરી ૨૦૧૩માં અફઝલ ગુરુ, ૨૧ નવેમ્બરે ૨૦૧૨ના રોજ અજમલ કસાબ અને ૩૦ જુલાઈ ૨૦૧૫માં યાકુબ મેનનને ફાંસી પર લટકાવવામાં આવ્યા હતા.



સુપ્રિમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસનો વિરોધીઓને જડબાતોડ જવાબ

ન્યાયપાલિકાને પાંચ-છ લોકોની લોબીથી આઝાદી અપાવવાની જરૂર છેઃ ગોગોઈ

એ લોબીએ જજોને બંધક બનાવી લીધા છે,મને એટલે બદનામ કરાઈ રહ્યો છે કારણ કે હું એ લોબી સામે ઝૂક્યો નથી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ રાજ્યસભામાં સભ્ય તરીકે શપથ લીધા ત્યારે વિપક્ષોએ તેમનો વિરોધ કર્યો હતો. જોકે હવે રંજન ગોગોઈએ એક અખબારને આપેલી મુલાકાતમાં વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો છે. ગોગોઈએ ચોંકાવનારુ નિવેદન આપતા કહ્યુ હતુ કે, ન્યાયપાલિકાને ખરેખર તો પાંચ-છ લોકોની એક ચોક્કસ લોબીથી આઝાદી અપાવવાની જરુર છે. તેમણે એક રીતે જજોને બંધક બનાવી લીધા છે.

ગોગોઈએ આગળ કહ્યુ હતુ કે, આ લોબી જો કોઈ કેસમાં તેમની મરજી પ્રમાણે કોઈ જજ ચુકાદો ના આપે તો તે જજને બદનામ કરવાના તમામ પ્રયાસો કરે છે. હું એ જજો માટે ચિંતિત છું જે આ લોબી સાથે કોઈ પંગો લેવા માંગતા નથી અને શાંતિથી રીટાયર થવા માંગે છે.

અયોધ્યા અને રાફેલના ચુકાદાના કારણે તેમને રાજ્યસભા પદ ઈનામમાં મળ્યુ છે તેવા આક્ષેપો અંગે ગોગોઈએ કહ્યુ હતુ કે, મને એટલે બદનામ કરાઈ રહ્યો છે કારણકે હું એ લોબી સામે ઝુક્યો નથી. જો કોઈ જજ આ લોબીથી ડરીને ચુકાદો આપે તો હું કહીશ કે તે જજ તરીકે લીધેલા શપથ પ્રત્યે ઈમાનદાર નથી. મારા અંતરાત્માએ જે કહ્યુ તે પ્રમાણે મેં ચુકાદો આપ્યો હતો. ગોગોઈએ કહ્યુ હતુ કે, અયોધ્યાનો ચુકાદો પાંચ જજોની બેન્ચે સર્વ સંમતિથી આપ્યો હતો. આ જ રીતે રાફેલ વિમાનનો ચુકાદો પણ ૩ જજોનો સર્વ સંમતિથી અપાયેલો ચુકાદો હતો. જે લોકો મારા રાજ્યસભાના સભ્ય પદ સવાલ ઉઠાવી રહ્યા છે તે લોકો શું આ ચુકાદાઓમાં સામેલ બાકીના જજોની ઈમાનદારી પર આંગળી નથી ઉઠાવી રહ્યા

ગોગોઈએ કહ્યુ હતુ કે, તત્કાલીન ચીફ જસ્ટીસ દીપક મિશ્રાના સમયે કેસોને અલગ-અલગ બેન્ચોમાં વહેંચવાની પધ્ધતિ પર જ્યારે મેં ચાર જજો સાથે પ્રેસ કોન્ફન્સ કરી ત્યારે ન્યાયપાલિક પર પકડ જમાવનાર લોબીનો હું લાડકો બની ગયો હતો. આ લોબી ઈચ્છતી હતી કે, જજો કેસોનો ચુકાદો તેમના હિસાબે કરે. પણ મેં એ જ કર્યુ જે મને સાચુ લાગ્યુ.

તેમણે કહ્યુ હતુ કે, લોબી દ્વારા ઝેર ઓકવાના કારણે અને બદનામ થવાના ડરથી તમામ જજ આ લોબી સામે ચૂપ રહે છે. હું આજે ચૂપ નહી રહી શકું.જો કોઈ પૂર્વ ચીફ જસ્ટિસને કોઈ ચુકાદા માટે ઈનામ જ જોઈતુ હોય તો તે મલાઈદાર પોસ્ટ પણ માંગી શકાત. શું કામ કોઈ પૂર્વ ચીફ જસ્ટિસ રાજ્યસભામાં જવાનુ પસંદ કરે જ્યાં તેને એ જ સુવિધા મળે છે જે રિટાયર ચીફ જસ્ટિસને મળે છે.

ગોગોઈએ કહ્યુ હતુ કે, મેં નક્કી કર્યુ છે કે, જો મંજૂરી મળશે તો હું રાજ્યસભાના સાંસદ તરીકે કોઈ વેતન નહી લઉં અને તે વેતન નાના શહેરોની લો કોલેજોની લાઈબ્રેરીઓને આપી દઈશ.

રાફેલ ચુકાદા અંગે તેમણે કહ્યુ હતુ કે, રાફેલ ડીલનો મામલો કોઈ રોડના બાંધકામ સાથે જોડાયેલા મામલા જેટલો સામાન્ય નહોતો. રાફેલ જેવા મામલામાં પારદર્શિતા માટે શું વિમાનો પર લગાવાયેલા સંવેદનશીલ ઉપકરણોની માહિતી જાહેર કરી દેવી યોગ્ય હોત?એટલા માટે જ સરકાર પાસે સીલબંધ રિપોર્ટ માંગ્યો હતો. જેનો લોબીએ વિરોધ કર્યો હતો પણ આજ લોબી ટુ જી સ્પેક્ટ્રમ ગોટાળાના કેસમાં સીલબંધ રિપોર્ટ સુપ્રીમ કોર્ટે માંગ્યો ત્યારે ચૂપ હતી. શાહીનબાગ અંગે પણ સીલબંધ રીપોર્ટ સોંપાયો તો લોબીને વાંધો કેમ નથી?

કોરોનાઃ નાસાના મૂન રોકેટ અને કેપ્સ્યુલ વર્કમાં વિલંબ

વૉશિંગ્ટન

કોરોના વાઈરસને પગલે નાસાએ તેના મૂન મિશનની યોજનાને હાલ પૂરતી અટકાવી છે. ગઈકાલ સાંજે સ્પેસ એજન્સીના એડમિનિસ્ટ્રેટર જીમ બ્રિડેનસ્ટાઈને સ્પેસ લોંચ સિસ્ટમ અને ઓરિઅનના ઉત્પાદન તથા ટેસ્ટીંગની કામગીરીને અટકાવી દીધી હતી. આ વિશાળ રોકેટ અને કેપ્સ્યુલનો અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જવા માટે ઉપયોગ કરવામાં આવવાનો છે.

ટ્રમ્પ વહિવટીતંત્રએ મૂન મિશન માટે વર્ષ ૨૦૨૪નો અંત ભાગ નિર્ધારીત કર્યો છે. અલબત કોરોના વાઈરસના ફેલાવાને પગલે ન્યુ ઓરલેન્સમાં મિચોઉડ એસેમ્બલી ફેસિલિટીખાતે આ કામકાજને સ્થગિત કરવામાં આવી છે. પ્રથમ સ્પેસ લોંચ સિસ્ટમ બુસ્ટરને સ્ટેનિસમાં તપાસવામાં આવી રહી છે. દરમિયાન એક સ્ટેનિસ કર્મચારીમાં કોરોનાની પૃષ્ટી થઈ છે. આ સંજોગોમાં નાસા વધુ કોઈ જોખમ લેવા માગતુ નથી.

દિકરાની વિદેશયાત્રાની જાણકારી છૂપાવતા રેલ્વેએ મહિલા અધિકારીને સસ્પેન્ડ કરી

ન્યુ દિલ્હી

દક્ષિણ પશ્ચિમ રેલવેએ પોતાની એક મહિલા અધિકારીને સસ્પેન્ડ કરી દીધી છે. કારણ કે, તેણીએ કથિત રીતે પોતાના દિકરાની જાણકારી છૂપાવી હતી જે હાલમાં જ ઈટલીથી પરત ફર્યો છે. અધિકારીઓને તેની વિશે વધુ જાણકારી પ્રાપ્ત થયા બાદ મહિલા અધિકારીના દિકરાને આઈસોલેશનમાં રાખ્યો છે.

આ વિશે વધુ રેલવેના પ્રવક્તા ઈ વિજયાએ જણાવ્યુ કે, મહિલા અધિકારીએ પોતાના સાતી અધિકારીઓને પોતાનો દિકરો જર્મનીથી પરત ફર્યો છે, તે વાતની જાણકારી આપી ન હતી અને મુખ્ય બેંગલુરુ સ્ટેશનની નજીક રેલવેના એક અતિથિગૃહમાં તેને રાખીને અન્ય લોકોના જીવને પણ જોખમમાં નાખ્યા હતા. વિજયાએ જણાવ્યુ કે, સહાયક કાર્મિક અધિકારીને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે.

ટ્રમ્પે કોરોનાના ઉપચાર માટે મેલેરિયાની દવાને મંજૂરી આપી

વૉશિંગ્ટન

અમેરિકામાં પણ કોરોના વાયરસથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૧૦ હજાર ૭૫૫ની પાર પહોંચી છે. હોપકિંસ વિશ્વવિદ્યાલયે જાહેર કરેલા આંકડા મુજબ ગુરુવારે ૧૫૪ લોકોનું કોરોના વાયરસથી મોત થયું હતુ. આ મામલામાં ચીન ઈટલી ઈરાન, સ્પેન અને જર્મની પછી અમેરિકા છઠ્ઠા સ્થાન પર પહોંચ્યુ હતુ. ત્યારબાદ ફ્રાંસ અને દક્ષિણ કોરિયા આવે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતુ કે કોરોના વાયરસના ઉપચાર માટે મલેરિયાની દવાને મંજૂરી આપી દીધી છે. તેઓએ ઉમેર્યુ હતુ કે આ દવા અમે તાત્કાલીક ઉપલબ્ધ કરાવીશું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, મેલોરિયાની દવાને કોરોના વાયરસની સારવાર માટે મંજૂરી આપવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, હાઈડ્રોક્સીક્લોરોક્વિન નામની મેલેરિયા અને સંધિવાની દવાએ કોરોના વાયરસની સારવારમાં વધુ સારા પરિણામો આપે છે. ટ્રમ્પે કહ્યું કે, મેલેરિયાની દવા કોરોનાની સારવારમાં અસરકારક છે.

કેરળ સરકારે કોરોનાના ઈલાજ માટે ૨૦ હજાર કરોડના પેકેજની જાહેરાત કરી

તિરુવનંતપુરમ્

સમગ્ર દુનિયામાં હાલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરાયેલી છે. વડાપ્રધાન મોદીએ પણ ૧૯ માર્ચના રોજ સમગ્ર દેશને સંબોધન કર્યું હતું. દેશવાસીઓને અપીલ કરતા રવિવારના રોજ ૨૨ માર્ચના રોજ જનતા કર્ફ્યુ લગાવવાનું વાત કરી છે. લોકોને ઘરોમાંથી બહાર ન નિકળવાની સલાહ આપી છે. દેશના તમામ રાજ્યોમાં કોરોના વાયરસને રોકવા માટે જરૂરી પગલા ભરવામાં આવી રહ્યા છે. જો કે, સાઉથમાં એક એવું પણ રાજ્ય છે, જેના સોશિયલ મીડિયા વખાણ કરતા થાકતું નથી. કેરલના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કોરોના વાયરસના ઈલાજ માટે થઈને ૨૦ હજાર કરોડ રૂપિયાના ખાસ પેકેજની જાહેરાત કરી છે.

આપને જણાવી દઈએ કે, કેરલમાં મુખ્યમંત્રીની જાહેરાત બાદ સબ્સિડી પર ભોજન મળશે તથા બે મહિના સુધી વેલફેર પેન્શન એડવાન્સમાં આપવાની પણ જાહેરાત કરી છે. કેરલમાં હાલ ૨૬ પોઝિટીવ કેસ સામે આવ્યા છે. કેરલમાં સૌથી પહેલા ત્રણ કેસ સામે આવ્યા બાદ સારવાર મળતા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

કેરલના લોકોનું કહેવું છે કે, મુખ્યમંત્રીએ આવા સમયે જનતાને ફૂલ સપોર્ટ કર્યો છે. ખાવા-પિવાની સુવિધા સાથે મુખ્યમંત્રીએ જીવન જરૂરિયાત વસ્તુઓ સરકારી ફંડમાંથી ઉપલબ્ધ કરાવી આપવાની જાહેરાત કરી છે. આ જ કારણે સોશિયલ મીડિયા પર જનતા તેમના ખૂબ વખાણ કરી રહ્યા છે.



હંમેશા પર્યટકોથી ભરેલો રહેતો મુંબઈનો ગેટ વે ઓફ ઈન્ડિયા કોરોના વાયરસને કારણે વેરાન થઈ ગયો છે. માસ્ક પહેરેલ પોલીસ સિવાય કોઈ દેખાતું નથી.

કોરોનાનો કહેર રેલવે પરઃ ૪૦ ટકા બૂકિંગ રદ, એક મહિનામાં ૪૫૦ કરોડનો ફટકો

મુંબઈ

ભારતીય રેલવે પર કોરોનાના કહેર વરતાઈ રહ્યો છે.લોકો હવે રેલવેની મુસાફરી કરવાનુ ટાળી રહ્યા છે. બીજી તરફ રેલવે પણ કોરોનાના જોખમના કારણે ટ્રેનો રદ કરી રહી છે.

આમ બંને તરફથી પડી રહેલા મારના કારણે રેલવેને માર્ચ મહિનામાં જ અત્યાર સુધીમાં ૪૫૦ કરોડનો ફટકો પડી ચુક્યો છે. ૨૦૦ ટ્રેનો રદ કરાઈ છે અથવા તો રોકી દેવાઈ છે. આ નુકસાનનો આંકડો રોજ વધી રહ્યો છે.

માર્ચ મહિનામાં રેકોર્ડ સંખ્યામાં ટિકિટો કેન્સલ થઈ છે. ટિકિટ કેન્સલેશનનો રેટ ૪૦ ટકા સુધી પહોંચી ગયો છે.સામાન્ય સંજોગોમાં ૧૦ થી ૧૭ ટકા સુધી ટિકિટો કેન્સલ થતી હોય છે.

સિનિયર સિટિઝન્સ રેલેવેની યાત્રા ટાળી તે માટે તેમને ટિકિટ પર અપાતુ ડિસ્કાઉન્ટ પણ પાછુ ખેંચી લેવાયુ છે. આ આદેશ નવી એડવાઈઝરી બહાર પડે ત્યાં સુધી ચાલુ રહેશે.

ઉલ્લેખનીય છે કે, રેલવે દ્વારા પહેલા જ કેટલાક રેલવે સ્ટેશનો પર ભીડ ઓછી કરવા પ્લેટફોર્મ ટિકિટના ભાવ ૧૦ રૂપિયાથી વધારીને ૫૦ રૂપિયા કરી દેવાયો છે.

સોશ્યલ ડિસ્ટન્સની સલાહ આપનાર પીએમ સંસદ કેમ ચલાવવા દે છે?: શિવસેના

મુંબઈ

કોરોના વાયરસના દેશમાં વધતા જતા જોખમ અંગે પીએમ મોદીના વલણ પર શિવસેનાએ સવાલ ઉઠાવ્યા છે.

શિવસેનાએ કહ્યુ છે કે, એક તરફ પીએમ મોદી લોકોને અપીલ કરે છે કે, સોશ્યલ ડિસ્ટન્સ રાખો અને બીજી તરફ સંસદની કાર્યવાહી ચલાવવા માટે મંજૂરી આપે છે. શિવસેનાએ પીએમ મોદીએ ગઈકાલે રાતે ટીવી પરથી કરેલી અપીલ અંગે કહ્યુ હતુ કે, હજારો સાંસદ, અધિકારી અને કર્મચારી એક સાથે સંસદમાં આવે છે.એક તરફ સરકારી કામકાજ બંધ અને સંસદ ચાલુ, આવુ લોકશાહી પરંપરાને જાળવી રાખવા માટે નથી.

શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે, સંસદનુ સત્ર મધ્યપ્રદેશ સરકારને પાડવા માટેની કાર્યવાહીને સમર્થન આપવા માટે જ ચલાવાઈ રહ્યુ છે.કારણકે કમલનાથે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ માટે કોરોના વાયરસના કારણે ઉભી થયેલી ઈમરજન્સીમાં ના લેવાવો જોઈએ તેવી દલીલ કરી હતી.જો સંસદની કાર્યવાહી બંધ કરાય તો કમલનાથની દલીલને સમર્થન મળી શકે છે. શિવસેનાએ કોરોનાના જોખમને જોતા દેશમાં લોકડાઉનનુ સમર્થન પણ કર્યુ હતુ.

ટીએમસીના સાંસદ ઓ બ્રાયને સંસદ સત્રને સ્થગિત કરવા માંગ કરી

ન્યુ દિલ્હી

કનિકા કપૂરે રવિવારે લખનઉના ગેલેન્ટ એપાર્ટમેન્ટમાં એક પાર્ટી ઓર્ગેનાઈઝ કરી હતી, જેમાં તમામ મોટા અધિકારી અને નેતાઓ સામેલ થયા હતા. આ પાર્ટીમાં રાજસ્થાનના પૂર્વ સીએમ વસુંધરા રાજેના પુત્ર અને ભાજપના સાંસદ દુષ્યંત સિંહ પણ પહોંચ્યા હતા.

દુષ્યંત સિંહ પાર્ટીમાં સામેલ થયા હોવાની જાણકારી સામે આવતાં રાજકીય ક્ષેત્રે હડકંપ જોવા મળી રહ્યો છે. દુષ્યંત સિંહ ગુરૂવારે અને શુક્રવારે સંસદભવન પણ પહોંચ્યા હતા. હાલ કનિકાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યાં બાદ તેઓ આઈસોલેશનમાં છે. તો બીજી તરફ ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયને સંસદ સત્રને સ્થગિત કરવાની માગ કરી છે. તે બે દિવસ પહેલાં સ્થાયી સમિતિની એક બેઠકમાં દુષ્યંત સિંહની બાજુમાં જ બેઠા હતા. દુષ્યંત સિંહે સંસદમાં અનેક સાંસદો સાથે વાતચીત પણ કરી હતી, તેમજ સેન્ટ્રલ હોલમાં પણ જોવા મળ્યા હતા. લોકસભામાં નિશિકાંત દુબે દુષ્યંત સિંહની બાજુમાં બેઠા હતા, ત્યારે તેઓ આ મામલે ચિંતા વ્યક્ત કરી છે અને એક સાંસદ આવા સમારંભમાં જાય છે, જ્યાંના ગેસ્ટ કોરોના પોઝિટિવ હોય છે.

સમારંભ પછી તે સંસદમાં આવે છે, ત્યારે આવા સમયે સ્વાસ્થ સાથે જોડાયેલાં અનેક સવાલો ઊભા થાય છે. કોરોનાની મહામારી વચ્ચે સંસદનું સત્ર ચાલી રહ્યું છે, ત્યારે અનેક સાંસદો સત્ર સ્થગિત કરવાની માગ કરી ચુક્યા છે. જો કે પીએમ મોદી સ્પષ્ટ કરી ચુક્યા છે કે સંસદનું સત્ર ૩ એપ્રિલ સુધી ચાલશે.

નેપાળ નજીક ચીનથી દૂર હિમાલય ક્ષેત્રમાં ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ

કાઠમાંડૂ

શુક્રવારે નેપાળની નજીક ચીનથી દૂર હિમાલય ક્ષેત્રમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ચાઈના ભૂકંપ સેન્ટરના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર, ૨૮.૬૩ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૮૭.૪૨ ડિગ્રી પૂર્વ રેખાંશ, ૧૦ કિ.મી. ની ઊંડાઈ સાથે સ્થિત હતું. માઉન્ટ એવરેસ્ટ નજીક તિબેટમાં સિગાઝે શહેરના ટીંગરી કાઉન્ટીમાં સવારે ૯: ૩૩ વાગ્યે આંચકા અનુભવાયા હતા. ભૂકંપને પગલે નુક્સાનીના કોઈ અહેવાલ નથી ટ્રાફિક અને સંદેશાવ્યવહારમાં કોઈ વિક્ષેપ આવ્યો ન હતો. સરકાર દ્વારા સંચાલિત ઝિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલમાં જણાવાયું છે કે કાઉન્ટી સરકારે વધુ માહિતી એકત્રિત કરવા માટે ગામડા અને નગરોમાં અધિકારીઓને મોકલ્યા છે. ટીંગરી નેપાળની સરહદે દક્ષિણમાં છે. કાઉન્ટીના મોટાભાગના વિસ્તારો માઉન્ટ એવરેસ્ટ નેશનલ નેચરલ રિઝર્વના છે. આ દરમિયાન નવ અગ્નિશામક દળ અને ત્રણ ફાયર ફાયરો રવાના કરાઈ હતી. ૧૦૦થી વધુ અગ્નિશામકો અને ડઝનેક વાહનો સ્ટેન્ડબાય પર છે. દરમિયાન, નેપાળની રાજધાની કાઠમંડુ અને આજુબાજુના જિલ્લાઓમાં પણ આંચકા અનુભવાયા હતા. ૬.૨ ની તીવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો સવારે ૭.૧૮ વાગ્યે કાઠમંડુના રાષ્ટ્રીય સિસ્મોલોજિકલ સેન્ટરમાં નોંધાયો હતો.

કોરોનાની અસર

મુકેશ અંબાણીની સંપત્તિ ઘટી, ટોપ-૨૦ અરબપતીઓની યાદીમાંથી બહાર

મુંબઈ

કોરોના વાઈરસે દુનિયાભરને અરબપતીઓની ઉંઘ ખરાબ કરી દીધી છે. વ્યવસાયિક પ્રવૃત્તિ ધીમી પડતા અરબ અરબપતીઓની સંપત્તીમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. કોરોનાનો પ્રકોપ ભારતના સૌથી મોટા અમીર શખ્સ મુકેશ અંબાણી પર તેની અરસ પડી છે. ૧ જાન્યુઆરી બાદથી એટલે કે, ઉમહિના ઓછા સમયમાં મુકેશ અંબાણીની સંપત્તી લગભગ ૪૨ ટકા ઘટાડો થયો છે. એટલે કે, ૧૦૦ કરોડ રૂપિયામાંથી તેના ૪૨ કરોડ રૂપિયા ઓછું થયું છે. એટલુ જ નહીં કોરોનાને પગલે લાંબા સમય બાદ મુકેશ અંબાણી બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્ટમાં શામેલ ટોપ ૨૦ અરબપતીઓની લિસ્ટથી બાહર તઈ ગયા છે.

૨૦માર્ચ સવારે ૧૧ વાગ્યે સુધી બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સ અનુસાર,મુકેશ અંબાણીની સંપત્તી ૩૪૪૦ કરોડ ડોલર એટલે કે, ૨૫,૬.૨૮૦ કરોડ રૂપિયા રહી છે. જ્યારે ૧ જાન્યુઆરી ૨૦૨૦માં કુલ સંપત્તી ૪૩,૬.૫૭૦ કરોડ રૂપિયા હતી. તેમાં લગભગ ૧૮,૦૨૯૦ કરોડ રૂપિયા ઘટાડો આવ્યો છે. આ ટકાવારીની દ્રષ્ટિએ ૪૨ ટકા છે.

મુકેશ અંબાણી ઈન્ડેક્સ પર લાંબા સમય બાદ ટોપ ૨૦ની લિસ્ટમાંથી બાહર થઈ ગયા છે. ગુરૂવારે અંબાણી ૧૯માં સ્થાનેથી ૨૦માં સ્થળે પહોંચી ગયા છે. શુક્રવારે એટલે કે, ૨૦ માર્ચે અંબાણી ૨૧મા સ્થળ પર આવી ગયા છે. ચીનના જેકમાં ૪૧૯૦ કરોડ ડોલરની સાથે ૧૮માં સ્થાન પર છે. તો અમેરિકાના મેકેન્જી બેજોસ ૩૭૪૦ કરોડ ડોલરની સાથે ૧૯મા સ્થાને અને ચીનના પોની મા ૩૫૪૦ કરોડ ડોલરની સાથે ૨૦માં સ્થાન પર આવી ગયા છે.

ફાંસીના બે કલાક પહેલાં દોષિઓ રડ્યા,આળોટ્યા અને માફી માંગી

ન્યુ દિલ્હી

નિર્ભયાના ચાર દોષીઓને આજે સવારે ૫-૩૦ વાગ્યે ફાંસી પર લટકાવી દેવાયા હતા. એ પહેલાના બે કલાક દરમિયાન તેઓ મોતના ભયથી બેચને થઈ ગયા હતા. તિહાડ જેલના સૂત્રોના કહેવા પ્રમાણે જ્યારે મોડી રાતે તેમને ખબર પડી કે હવે તેમની ફાંસી કોઈ સંજોગોમાં નહી ટળી શકે ત્યારે તેમની ઉંઘ ઉડી ગઈ હતી.

સવારે તેમને ૩.-૧૫ વાગ્યે તેમને સેલમાં જઈને જેલ અધિકારીઓએ તૈયાર થવા માટે કહ્યુ હતુ. તેમના માટે ચા મંગાવાઈ હતી પણ તેમાંથી એક પણ ગુનેગારે ચા પીધી નહોતી.

આ દરમિયાન વિનયે કપડા બદલવાની પણ ના પાડી દીધી હતી. તે રડી-રડીને માફી માંગવા માંડ્યો હતો. તેને જોઈને બીજા ગુનેગારો પણ માફી માંગતા માગંતા રડવા માંડ્યા હતા. તેમને ફાંસીની ખોલી સુધી લાવતા પહેલા કાળા કુર્તા અને પાયજામા પહેરાવાયા હતા અને તેમના હાથ પાછળથી બાંધી દેવાયા હતા. એ પછી જ્યારે તેમને સેલમાંથી લઈ જવાતા હતા ત્યારે એક દોષી સેલમાં જ આળોટીને ફાંસીના માંચડા સુધી જવાનો ઈનકાર કરવા માંડ્યો હતો. તેને ભારે પ્રયાસો બાદ પકડીને ફાંસીની ખોલી સુધી લવાયો હતો. એ પહેલા તેમના ચહેરા પર નકાબ પહેરાવી દેવાયા હતા. એ પછી તેમના પગને પણ બાંધી દેવાયા હતા. એ પછી બરાબર ૫-૩૦ વાગ્યે પવન જલ્લાદે જેલ સુપ્રીટેન્ડેન્ટના ઈશારે લીવર ખેંચ્યુ હતુ અને તેમના શરીર ફાંસીના ફંદા પર ઝુલવા માંડ્યા હતા. અડધા કલાક સુધી તેમના મૃતદેહ લટકાવી રખાયા હતા. ડોક્ટરે એ પછી તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

તંત્રી લેખ

ગામોમાં આવક વધારો

જુદા જુદા રાજ્યોની સરકારો દ્વારા ગ્રામીણ વિસ્તારમાં સુવિધા વધારી દેવાની વ્યાપક વાતો કરી છે પરંતુ સ્થિતીમાં હજુ સુધારો થઈ રહ્યો નથી. કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારના સાધન મર્યાદિત રહેલા છે. મર્યાદિત સાધનો અને મોંઘવારીની જટિલ સ્થિતીના કારણે લોકોની મોટા પાયે હજુ હિજરત થઈ રહી છે. આને રોકવા માટે કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજય સરકારો ગ્રામીણ વિસ્તારોમાં આવકના સાધન વધારે તે જરૂરી છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારો તરફ હિજરતને રોકવા માટે તરત પગલા જરૂરી બન્યા છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પાસે એકબાજુ પુરતી સુવિધા નથી. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે.

શહેરી વિસ્તારમાં લોકોના ધસારાને રોકવા માટે વિવિધ પગલા હજુ લેવાની જરૂર છે

જરૂરી : ભાષામાં શિક્ષણ મળવાથી આધાર મજબુત

પ્રાથમિક શિક્ષણ ભાષામાં

પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં આપવામાં આવે તે જરૂરી છે. આના કારણે બાળકોના આધારને મજબુત કરવામાં મદદ મળે છે. તે તમામ ચીજોને સરળ રીતે સમજી શકે છે. ખાનગી શિક્ષણ સંસ્થાઓના દબાણમાં એક ચીજ સારી થઈ છે તે એ છે કે અભ્યાસક્રમ સિવાય અન્ય બાબતો પર પણ તમામનુ ધ્યાન ગયુ છે. હવે બાળકો માત્ર પુસ્તકો જ વાંચતા નથી. બલ્કે અન્ય પ્રવૃતિ પર પણ ધ્યાન આપે છે. તેમના ભારે બેગ આ બાબતની સાબિતી આપે છે કે સાથે સાથે ખેલકુદ અથવા તો અન્ય ગતિવિધીમાં તેઓ સામેલ થઈ રહ્યા છે. અમને અહીં આ બાબત પર ધ્યાન આપવાની જરૂર છે કે નાની વયમાં બાળકો પર શિખવા માટે એટલુ બોજ નાંખવુ જોઈએ નહીં કે તેમની કમર તુટી જાય. દુનિયાના મોટા ભાગના દેશોઆ બોધપાઠ લઈ ચુક્યા છે. જેથી પાંચ વર્ષની વય પહેલા કોઈ ચીજ શિખતા નથી. ભારતમાં તો અમે લોકો ત્રણ વર્ષની વયથી જ બાળકની પાછળ પડી જઈએ છીએ. જે તેની સાથે ન્યાય નથી. થોડીક વાત ઉચ્ચ શિક્ષણની કરી લેવામાં આવે તે પણ જરૂરી છે. વિષયની પસંદગીમાં કોલેજ અને યુનિવર્સિટીની પસંદગી તેમજ રોજગારની પસંદગીમાં અમારી સામાજિક, આર્થિક અને અન્ય બાબતોની પણ ભૂમિકા રહે છે. તાજેતરમાં જ કેટલાક એવા અભ્યાસ કરવામાં આવ્યા છે જે દર્શાવે છે કે યુવતિઓને માત્ર આર્ટસમાં અભ્યાસ કરાવવામાં આવે છે. ઘરવાળાની એવી પ્રાથમિકતા હોય છે કે એવા વિષય ભણાવવામાં આવે જેના કારણે નોકરી સરળતાથી મળી શકે. નોકરી માટે દુર જવુ ન પડે. સામાન્ય રીતે યુવતિઓને બીએડ કરાવવા પર ધ્યાન આપવામાં આવે છે. જેથી લગ્ન માટે ઓછામાં ઓછી યોગ્યતાને પૂર્ણ કરી શકાય છે. આવી જ બાબતો વંચિત માટ વિષયને લઈને કરવામાં આવે છે. કેટલાક ગરીબ પરિવાર મોંઘા વિષયમાં જઈ શકતા નથી.

સામાન્ય કર્ફ્યુ અને સિટી લોકડાઉન પણ અલગ ચીજો છે...

જનતા કર્ફ્યુ અન્ય કર્ફ્યુથી અલગ કેમ

દેશ હાલમાં સંકટના દોરમાં છે. સમગ્ર દેશમાં કોરોના વાયરસ ફેલાઇ જવાનો ખતરો તોળાઇ રહ્યો છે. સામાન્ય રીતે જોવામાં આવે તો દેશમાં હાલમાં કોરોનાને લઇને સ્થિતી અન્ય દેશો જેટલી વણસી નથી. જો કે કોરોનાના ખતરાનો સામનો કરવા માટે સાવધાની ખુબ જરૂરી બની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે મોડી રાત્રે રાષ્ટ્રને નામ સંબોધનમાં લોકોને જનતા કર્ફ્યુની વાત કરી હતી. મોદીએ જનતા કર્ફ્યુની વાત કર્યા બાદ આ વાત જાણવી જરૂરી છે કે આખરે જનતા કર્ફ્યુ છે શુ. આ સામાન્ય કર્ફ્યુથી તો અલગ છે. શુ આનો સિટી લોકડાઉન સાથે કોઇ સંબંધ છે તે પ્રશ્ન પણ લોકો કરી રહ્યા છે. કોરોના વાયરસના કારણે હાલમાં સમગ્ર દુનિયા લોકડાઉનની સ્થિતીમાં પહોંચી ગઇ છે. મોદીએ ગુરૂવારના દિવસે જનતા કર્ફ્યુની અપીલ કરી હતી. કર્ફ્યુ એટલે કે એવી સ્થિતી જ્યારે લોકોને ઘર સુધી મર્યાદિત રહેવાની ફરજ પડે છે. ખુબ જ જરૂરી કામથી એ વખતે બહાર નિકળવામાં આવે છે. જેમ કે કોઇને હોસ્પિટલમાં લઇ જવાની જરૂર પડે તો બહાર નિકળી શકાય છે. અથવા તો લાઇફ સાથે સંબંધિત કોઇ મોટુ કામ હોય તો બહાર નિકળી શકાય છે. આ એક રીતે અપીલ હોય છે જે વડાપ્રધાન મોદી દ્વારા લોકોને કરવામાં આવી છે. આ રવિવારના દિવસે એટલે કે ૨૨મી માર્ચના દિવસે સવારે સાત વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી જનતા કર્ફ્યુ રહેનાર છે. આ ગાળા દરમિયાન લોકોને પોતાના ઘરમાં રહેવા માટે કહેવામાં આવ્યુ છે. દેશમાં હાલમાં કોરોના વાયરસનો ખતરો રહેલો છે. ૨૦૦થી વધારે કેસો સપાટી પર આવી ચુક્યા છે. હજુ સુધી કોરોના વાયરસની કોઇ દવા શોધી શકાઇ નથી. આ બિમારીનો સામનો કરવા માટે બચાવ જ શ્રેષ્ઠ તરીકા તરીકે છે. લોકોને પોતાના ઘરમાંથી બહાર નિકળવાનુ ટાળવાની જરૂર છે. તેઓ



દેશ સંકટમાં દોરમાં છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા કર્ફ્યુની વાત કરતા ચર્ચા : મોટી સંખ્યામાં તબીબો ખતરાથી લડી રહ્યા છે

કોઇ અસરગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં ન આવે તે માટે આ પગલા જરૂરી હોય છે. હજુ સુધી ભારતમાં બિમારી કાબુમાં છે. આ તબક્કામાં જો સાવધાની રાખવામાં આવશે તો બિમારીને હાર આપી શકાય છે. જો આવુ કરવામાં ન આવે તો સ્થિતી ગંભીર બની શકે છે. મોટી સંખ્યામાં તબીબો અને કેટલાક લોકો કોરોનાની સામે લડી રહ્યા છે. આ લોકો તબીબોને જરૂરી સેવા આપી રહ્યા છે. કોરોના તેમના માટે પણ પડકારરૂપ છે. તેમના માટે પણ ઓછા પડકારરૂપ તરીકે નથી. જો કે તેઓ માનવતાની સેવામાં લાગેલા છે. આવા તમામ લોકોને પ્રોત્સાહન આપવાની જરૂર દેખાઇ રહી છે. મોદીએ લોકોને અપીલ કરી છે કે પોતાના ઘરમાં રહીને દરવાજા પર ઉભા રહીને અથવા તો બાલકનીમાં ઉભા રહીને માનવતાની સેવા કરી રહેલા લોકોની સેવા પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે તે જરૂરી છે. જનતા કર્ફ્યુ અને સામાન્ય કર્ફ્યુની વચ્ચે ખુબ અંતર છે. જનતા કર્ફ્યુ લોકોને પોતે લગાવવાની જરૂર હોય છે. આ એક પ્રકારના અનુરોધ તરીકે હોય છે. લોકોને પોતાના ઘર સુધી મર્યાદિત રાખવાનો હેતુ હોય છે. સામાન્ય રીતે જો ઘરમાંથી નિકળવામાં આવશે તો કોઇ કાર્યવાહી કરવામાં આવનાર નથી. બીજી બાજુ સામાન્ય કર્ફ્યુ તંત્ર તરફથી લાગુ કરવામાં આવે છે. જે દરમિયાન જો લોકો બહાર નિકળે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવે છે. સામાન્ય કર્ફ્યુ પ્રજાને અપીલ તરીકે નહી બલ્કે સ્થિતીને કાબુમાં લેવા માટે હોય છે. જેથી આ પ્રકારના કર્ફ્યુ દરમિયાન નિયમોને નહીં પાળનાર સામે કાર્યવાહી કરવામાં આવે છે. સામાન્ય સંચારબંધી હિંસા અને કોઇ પણ પ્રકારની સ્થિતીને કાબુમાં લેવા લાગુ કરવામાં આવે છે. જો કે જનતા કર્ફ્યુ કોરોના જેવી જીવલેણ અને ખતરનાક બિમારીની સામે લડવા માટે છે. બંનેમાંમોટી સમાનતા રહેલી છે. બંને દરમિયાન લોકોને પોતાના ઘરમાં જ કેદ રહેવાની જરૂર હોય છે. લાઇફ માટે કોઇ જરૂરી કામ હોય તો જ બહાર નિકળવાની જરૂર હોય છે. સિટી લોકડાઉન અને સામાન્ય કર્ફ્યુમાં ખુબ સમાનતા રહેલી છે. જો કે જનતા કર્ફ્યુ આ બંનેથી અલગ છે. તેમાં લોકોને પોતાના ઘર સુધી મર્યાદિત કરી દેવામાં આવે છે. તેમના પર વહીવટીતંત્ર તરફથી કોઇ દબાણ હોતુ નથી. નૈતિકતા જાળવી રાખીને આગળ વધવાની જરૂર હોય છે. આમાં મજબુત સંયમની જરૂર હોય છે. કોરોના વાયરસના કારણે હાલમાં દુનિયાના દેશોમાં ભારે હાહાકાર છે. કોરોનાને રોકવા માટે દુનિયાના દેશો પોત પોતાની રીતે પ્રયાસ કરી રહ્યા છે ત્યારે ભારતે પણ કમર કસી લીધી છે. જનતા કર્ફ્યુ આનો હિસ્સો છે.

આરોગ્ય સાથે સતત ચેડા થઈ રહ્યા છે : ખતરનાક સ્થિતી

જીવનજરૂરી ચીજોમાં ભેળસેલ જારી

સરકારી તંત્ર ભેળસેળને રોકવામા નિષ્ફળ : કઠોર કાર્યવાહી ન થવાના કારણે મિલાવટખોર બચી જાય છે : બાજ નજર જરૂરી છે

ભેળસેળનુ પ્રમાણ હવે એટલી હદ સુધી વધી રહ્યુ છે કે આરોગ્ય પર તેની માઠી અસર થઈ રહી છે. ખાવાપીવાની ચીજવસ્તુઓમાં મોટા પાયે ભેળસેળ થઈ રહી છે. આ ભેળસેળને રોકવા માટે મજબુત નજર રાખી શકે તેવા તંત્રની જરૂરિયાત અનુભવાઇ રહી છે. જે ચીજો અમે ખાઇ રહ્યા છીએ તે શુદ્ધ જ રહે તેની કોઇ ગેરંટી દેખાઇ રહી નથી. હકીકતમાં ખાવાપીવાની ચીજવસ્તુઓમાં લોકોને ધીમી ગતિથી ઝેર આપવામાં આવે છે. આંકડા દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભેળસેળ, દુષિત અને નિમ્ન સ્તરની બ્રાન્ડવાળી ચીજોના કારણે લોકોની હાલત કફોડી બની રહી છે. તહેવારની સિઝનમાં તો ખાદ્ય પદાર્થોમાં મિલાવટ અને હળકી ગુણવત્તાની ચીજની રમત ચરમસીમા પર રહે છે. ભ્રષ્ટ તંત્ર અને મજબુત બાજ નજર ન હોવાના કારણે આ કારોબાર જોરદાર રીતે ચાલી રહ્યો છે. સરકારી તંત્ર આ પ્રકારની ગતિવિધીને રોકવામાં નિષ્ફળ છે. કઠોર કાર્યવાહી ન થવાના કારણે મિલાવટખોર સરળતાથી છટકી જાય છે. ખાદ્ય પદાર્થોમાં મિલાવટ, બનાવટી બ્રાન્ડ અને હળકી ગુણવત્તાના મામલા દેશમાં સતત વધી રહ્યા છે. દાળ, દુધ, માવા, મસાલા, લોટ, ફળફળાદી સહિતની ચીજોમાં મિલાવટનુ પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આરોગ્ય અને ખાદ્ય વિભાગમાં ભ્રષ્ટાચાર એટલા મોટા પ્રમાણમાં છે કે તેઓ મિલાવટખોરો સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ છે. આની સીધી કિંમત સામાન્ય લોકો ચુકવી રહ્યા છે. દેશમાં ખાદ્ય સુરક્ષા અને અન્ય માનક ધારાધોરણ લાગુ છે. જેમાં દંડની વ્યવસ્થા રહેલી છે. સજાની પણ જોગવાઇ રહેલી છે. ખાદ્ય પદાર્થોની ગુણવત્તાને ધ્યાનમાં રાખવા, મિલાવટ પર નિયંત્રણ કરવા અને ખાદ્ય સુરક્ષાની ખાતરી કરવાની જવાબદારી ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ અથવા તો એફએસએસએઆઇની રહેલી છે. પરંતુ ઝડપથી મિલાવટના મામલા સપાટી પર આવી રહ્યા છે. તહેવારની સિઝનમાં તો મામલા રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી જાય છે. પરંતુ કઠોર કાર્યવાહના અભાવમાં તેના પર કાબુ મેળવી લેવામાં સફળતા હાથ લાગતી નથી. મોટા ભાગના મામલામાં સરકારી તંત્ર માત્ર જવાબદારી ઔપચારિકતા અદા કરતા જ નજરે પડે છે. ફુડ ટેસ્ટિંગ માટે લેબ પણ પુરતા પ્રમાણમાં નથી. હજારોની સંખ્યામાં આવનાર નમુનાની ચકાસણી યોગ્ય રીતે થઈ શકતી નથી. આ ગાળા દરમિયાન મિલાવટી અને મિસ બ્રાન્ડેડ ખાદ્ય પદાર્થો કોઇ પણ રોકથામ વગર બજારમાં આવી જાય છે. મોટા ભાગના મામલામાં દોષ જાહેર કરવામાં આવ્યા બાદ માત્ર દંડ વસુલ કરવામાં આવે છે. અન્ય કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. ખાદ્ય ચીજોમાં હાનિકારક રસાયણ ભેળવી દેવાના મામલા કેટલીક વખત સંસદમાં આવી ચુક્યા છે. આને લઇને હોબાળો પણ થતો રહ્યો છે. જો કે કોઇ નક્કર કાર્યવાહીના મામલા સપાટી પર આવી શક્યા નથી. મિલાવટ કરનારને મૃત્યુ દંડની સજા કરવા માટેની માંગ પણ કરવામાં આવી છે. આને લઇને બિલ પણ પેન્ડિંગ રહેલા છે. દેશભરમાં ૨૫૦થી વધારે ફુટડ ટેસ્ટિંગ લેબ રહેલી છે. જેમાં ૭૨ રાજય ખાદ્ય પ્રયોગશાળાઓ રહેલી છે. ૧૮ રેફરલ લેબ પણ રહેલી છે. દેશભરમાં મોટી સંખ્યામાં નમુના મિલાવટી તરીકે રહ્યા છે. જે ચીજોમાં વધારે પ્રમાણમાં મિલાવટ કરવામાં આવે છે તેમાં દાલ, દુધ, માવા, પનીર, ઘી, સરસો, તેલ મસાલા પણ સામેલ છે. કેચ અપ અને ફળફળાદી અને શાકભાજીમાં પણ મોટા પાયે મિલાવટ કરવામાં આવે છે. ખાદ્ય પદાર્થોમાં મિલાવટની રમત કોઇ નવી નથી. વર્ષોથી આ રમત ચલાવવામાં આવી રહી છે. આના કારણે લોકોના આરોગ્ય સાથે ચેડા પણ થઈ રહ્યા છે. નેશનલ મિલ્ક સેફ્ટી એન્ડ ક્વાલિટી સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દુધમાં પણ મોટા પાયે મિલાવટ થતી રહે છે. દુધના ૯.૯ ટકા નમુના બિનસુરક્ષિત હોવાના હેવાલ આવી ચુક્યા છે. જુદા જુદા રાજ્યોમાં નમુના માટે પરીક્ષણ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ના જાહેર પ્રયોગશાળા પરીક્ષણ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગુજરાત સહિતના રાજ્યોમાં નમુનામાં તપાસ કરવામાં આવી છે. જેમાં મોટી સંખ્યામાં નમુના ખોટા અને અયોગ્ય જાહેર થયા છે. મિલાવટી અને ખોટા નમુના પણ જાહેર કરવામાં આવ્યા છે. મિલાવટી ચીજ વસ્તુઓ ખાવાથી તેની આરોગ્ય પર અસર થઈ છે.

૬૦ કરોડ લોકો દર વર્ષે બિમાર થઈ જાય છે

ભેળસેળ : વર્ષે ૫ લાખ મોત

ભેળસેળના કારણે અનેક પ્રકારની આરોગ્યની સમસ્યાનો સામનો દેશના લોકો કરી રહ્યા છે. દર વર્ષે ભેળસેળ અને મિલાવટી ચીજ વસ્તુઓ ખાવાના કારણે ૪.૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. આરોગ્ય સાથે મિલાવટના કારણે ગંભીર ચેડા થઈ રહ્યા છે. વર્ષે ૪.૨૦ લાખ લોકોના મોતની સાથે સાથે દર વર્ષે ભેળસેળ અને પ્રદુષિત ચીજ વસ્તુઓ ખાવાના કારણે ૬૦ કરોડ લોકો બિમાર થઈ જાય છે. વર્ષ ૨૦૧૮-૧૯ના આંકડાની વાત કરવામાં આવે તો આ ગાળામાં ૩૨.૭૫ કરોડ રૂપિયાની રકમ દંડ તરીકે વસુલ કરવામાં આવી છે. જે રકમ ખુબ ઓછી કહી શકાય છે. સરકારી તંત્રની નિષ્ફળતાના કારણે જ વધુને વધુ ભેળસેળના કેસો સપાટી પર આવી રહ્યા છે. તંત્ર દ્વારા વારંવાર દંડની રકમ વસુલ કરીને આરોપીઓને છોડી દેવામાં આવે છે. જેના કારણે આ દુષણને રોકવામાં સફળતા મળી રહી નથી. હાનિકારક અને નુકસાનકારક બેક્ટિરિયા વાયરસ અને અન્ય રીતે ૨૦૦થી વધારે બિમારી થાય છે. રસાયણિક ફુડ ચીજો ખાવાથી અનેક પ્રકારની ગંભીર આરોગ્યની સમસ્યા પણ ઉભી થઈ શકે છે. તે બાબતને ધ્યાનમાં રાખવાની જરૂર છે. દેશભરમાં હાલમાં ૨૫૦થી વધારે ફુડ ટેસ્ટિંગ લેબની સુવિધા રહેલી છે. ૧૧ ખાદ્ય તપાસ ચકાસણી પ્રયોગશાળા આવેલી છે.

ઈન્ફેક્શન રોકે છે, ઈમ્યુનિટી પાવરને વધારે છે

દુધમાં હલ્દરથી ખુબ લાભ

દુધમાં હલ્દર રાખીને પીવાની બાબત ખુબ જુની છે. તેના આરોગ્યના ફાયદા પણ અનેક પ્રકારના રહેલા છે. તો કેટલાક પ્રકારના ઈન્ફેક્સાનને રોકવામાં મદદરૂપ છે. હાલમાં દેશમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે તે ઉપયોગી સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે અમે અમારા પરિવારના મોટા સભ્યોના મોથી એવુ કહેતા સાંભળીએ ચીએ કે દુધમાં હલ્દર મિલાવીને પીવાથી અનેક બિમારી દુર થાય છે. અથવા તો સ્વસ્થ રહેવામાં મદદ મળે છે. આવુ થાય પણ છે પરંતુ તે કેમ બને છે. હકીકતમાં દુધમાં રહેલા પૌષ્ટિક તત્વો અને હલ્દરના ગુણકારી તત્વો તેને એક ખાસ પ્રકારની દવા બનાવી દે છે. જેના કારણે અનેક બિમારીઓથી બચી શકાય છે. આ ઉપરાંત હાલના દિવસોમાં ઈન્ફેક્શનના કારણે વધી જતી કેટલીક બિમારીઓના ખતરાને ધ્યાનમાં લઈને આ સંબંધમાં કહેવામાં આવ્યુ છે કે દુધમાં એક ચમચી હલ્દર મિક્સ કરીને પીવાથી ઈન્ફેક્શનથી બચી શકાય છે. ઈમ્યુનિટી વધારી દેવામાં દુધ ઉપયોગી સાબિત થાય છે. દુધ અને હલ્દર ખુબ ઉપયોગી સાબિત થાય છે. હલ્દર અને દુધના મિશ્રણને પીવાથી તાકાત આવે છે. દુધ અને હલ્દર મિક્સ થવાથી તે એક પ્રકારના એન્ટી વાયરલ , એન્ટી બેક્ટેરિયલ તેમજ એન્ટી ફંગલ તરીકે કામ કરે છે. ત્યારબાદ તમે જ્યારે ઉપયોગ કરો છો ત્યારે આ વિશેષ ગુણના કારણે આ શરીરની રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દે છે. આના કારણેં કેટલીક પ્રકારની બિમારીથી બચી શકાય છે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને હાલમાં આ ઉપચાર અસરકારક સાબિત થઈ શકે છે.






કોરોનાવાઈરસના ખતરા વચ્ચે શુક્રવારે ચાર્ટર્ડ ફ્લાઈટમાં ઓલિમ્પિક મશાલ જાપાન પહોંચી હતી. મિયાગી પ્રાંતના મતશુષીમા એયરબેસ પર ટોક્યો ઓલિમ્પિકની ઓર્ગેનાઈઝેશન કમિટીના પ્રમુખ યોશિરો મોરીએ તેની આગેવાની કરી હતી. ૧૨૧ દિવસ સુધી ચાલતી મશાલની શરૂઆત ૨૦૧૧ની સુનામી દરમિયાન સૌથી વધુ અસરગ્રસ્ત ફુકુશીમાથી થશે. જોકે છેલ્લા ૯ વર્ષમાં સ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. દુનિયાને તે બતાવવા જ જાપાને ટોર્ચ રિલેની શરૂઆત તે શહેરથી કરવાનો નિર્ણય લીધો હતો.

રિંગ ડાન્સ, લાઇટ વેઇટટ્રેનિંગ, યોગા પર ધ્યાન

દિશા ફિટનેસને લઈને એલર્ટ

બોલિવુડની હાલની સૌથી સેક્સી અને બોલ્ડ અભિનેત્રી પૈકી એક દિશા પાટની પોતાની ફિટનેસ અને સ્લીમ બોડીને લઈને હમેંશા ચર્ચામાં રહે છે. બોલિવુડની આ અભિનેત્રી સોશિયલ મિડિયામાં વારંવાર પોતાના બોલ્ડ અને સેક્સી ફોટાઓ મુકીને ચાહકોમાં ચર્ચામાં રહે છે. તેની ખુબસુરતીને લઈને હમેંશા ચર્ચા રહે છે. પરંતુ ખુબ ઓછા લોકો જાણે છે કે દિશા પોતાની બોલ્ડ અને બ્યુટિફુલ ફિટનેસને જાળવી રાખવા માટે કેટલાક પ્રયોગ કરતી રહે છે.તે સામાન્ય રીતે હાર્ડ વર્ક કરીને પોતાના વિડિયો અને ફોટો સોશિયલ મિડિયામાં મુકે છે. ચાહકો સાથે શેયર કરવામાં આવતા તેના ફોટાના કારણે પણ તે જાણીતી બની ગઇ છે. દિશાની ફિટનેસની વાત કરવામાં આવે તો તે રિંગ ડિપ્સ, લાઈટ વેઈટ ટ્રેનિંગ તેમજ વેઈટ લિફટિંગ કરે છે. સાથે સાથે કેલોરી બર્ન કરવા માટે બોક્સિંગ કરે છે. થોડાક દિવસ પહેલા દિશાએ એક વિડિયો ઈન્સ્ટાગ્રામ પર મુકીને ભારે ચર્ચા જગાવી હત. જેમાં તે હાથને જમીન પર મુકે છે અને સાથે સાથે ઝડપથી ગોળાકારમાં ફરીને તરત જ સીધી પરત ઉભી થઇ જાય છે. આ વિડિયોને અઢી લાખથી વધુ લોકો જોઇ ચુક્યા છે. હજારો લોકો લાઇક કરી ચુક્યા છે. દિશાના નજીકના લોકોના કહેવા મુજબ તેના દિવસની શરૂઆત યોગ સાથે કરવામાં આવે છે. બોડી શેપમાં રાખવા માટે સપ્તાહમા ચાર દિવસ જિમિંગની સાથે સાથે કાર્ડિયો એક્સરસાઇજ કરે છે. તે ઉપરાંત બોડીને ફ્લેક્સિબલ રાખવા માટે નિયમિત રીતે અડધા કલાક સુધી ડાન્સ કરે છે. જિમ્નાસ્ટિક કરે છે. મનને શાંત રાખવા માટે તે મેડિટેશન કરે છે. તેનુ કહેવુ છે કે મન શાંત રહેશે તો દિવસ સારા રહે છે. ખાવા પીવાની વાત કરવામાં આવે તો દિશા પ્રોટીન અને વિટામિન યુક્ત ભોજન કરે છે. બ્રેક ફાસ્ટમાં બ્રેડની સાથે બે ઈંડા અને દુધ લે છે. લંચમાં ઓટ્સ, ફુડસ,સલાહ અને જયુસ લેવાનુ પસંદ કરે છે. ડિનરમાં સુપ, બ્રાઉન રાઈસ અને દાળનો ઉપયોગ કરે છે. ડિહાઈડ્રેશનથી બચવા માટે ખુબ વધારે પ્રમાણમાં પાણી પીવે છે. દિશા પાટની હાલમાં બોલિવુડમાં સૌથી સફળ અને આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી રહી છે. વિતેલા વર્ષોમાં સુપરસ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્ર અભિનેતા ટાઈગર શ્રોફની સાથે તે હાલમાં પ્રેમમમાં હોવાના હેવા આવતા રહે છે. જો કે આને કોઇ સમર્થન મળતુ નથી. વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો તે હાલમાં બોલિવુડના દબંગ સ્ટાર સલમાન ખાનની સાથે રાધે ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં તે લીડ રોલમાં છે. તે પહેલા પણ તે સલમાન સાથે ભારત નામની ફિલ્મમાં દેખાઇ હતી.



નિર્ભયાના ગુનેગારોને ફાંસીઃ બોલિવૂડ સ્ટાર્સે આપી પ્રતિક્રિયા

મુંબઇ

નિર્ભયા ગેંગરેપ અને હત્યા મામલેના ચારેય દોષીઓ મુકેશ સિંહ, પવન ગુપ્તા, વિનય શર્મા અને અક્ષય સિંહને શુક્રવારે સવારે ૫ વાગે દિલ્હી સ્થિત તિહાડ જેલમાં ફાંસી આપવામાં આવી. ૮ વર્ષ પછી આખરે નિર્ભયા અને તેના પરિવારને ન્યાય મળ્યો. આ સમાચારથી જ્યાં ભારતમાં લોકોએ ખુશી વ્યક્ત કરી છે. ત્યાં જ બોલિવૂડના જાણીતા સ્ટાર્સે પણ આ અંગે પ્રતિક્રિયા આપી ખુશી વ્યક્ત કરી છે. બોલિવૂડના સ્ટાર્સ સોશિયલ મીડિયા પર આ અંગે પોતાના રિએક્શન આપી રહ્યા છે.

ત્યારે આ માટે બોલિવૂડની જાણીતી અભિનેત્રી પ્રીતિ ઝિંટાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. ચારેય દોષીઓને ફાંસી મળ્યા પછી પ્રીતિએ બે ટ્વિટ કરીને કહ્યું કે "ફાઇનલી #Nirbhayacase પૂર્ણ થયો.હું ઇચ્છતી હતી કે આ થોડું જલ્દી થાય પણ હું ખુશ છું કે તે થયું. ફાઇનલી તેના માતા પિતાને શાંતિ મળશે."

આ સિવાય અભિનેતા રિતેશ દેશમુખે પણ ટ્વિટ કરીને લખ્યું કે #JusticeForNirbhaya મારી પ્રાર્થના તેમના માતા-પિતા અને તેમના પરિવારજનોની સાથે છે. ખૂબ રાહ જોવી પડી પણ છેવટે ન્યાય મળ્યો. બીજા ટ્વિટમાં તેમણે લખ્યું કે "કડક નિયમો લાગુ કરવા, સખત સજા અને તરત ન્યાય માટે ફાસ્ટ કોર્ટ...આ રાક્ષસોના મનમાં ભય રાખવાની બસ આજ રીત છે. જે આટલું ભયાનક ક્રાઇમ કરવા માટે વિચારે છે."

પ્રિતિ અને રિતેશ સિવાય અન્ય બોલિવૂડ સ્ટાર પણ નિર્ભયાના દોષીઓને ફાંસીની સજા આપવા પર એક પછી એક ટ્વિટ કરી રહ્યા છે.

ઋષિ કપૂરે લખ્યું- નિર્ભયાને ન્યાય મળી ગયો. 'જૈસી કરની વૈસી ભરની'. આને ન માત્ર ભારતમાં પણ સમગ્ર દુનિયામાં ઉદાહરણ તરીકે સેટ કરવું જોઈએ. રેપની સજા મૌત. તમારે મહિલાઓને માન આપવું પડશે. એવા લોકોને શરમ આવવી જોઈએ, જે લોકોએ આ કામમાં આટલો વિલંબ કર્યો. જય હિંદ.

બોલીવૂડ એક્ટેસ સુષ્મિતા સેને ટ્વિટ કરી સંઘર્ષ માટે નિર્ભયાની માતા આશા દેવીના વખાણ કર્યા હતા. આ સાથે જ સુષ્મિતાએ તેને ન્યાયની જીત ગણાવી. તેણે લખ્યું, માતાની ધીરજ અને સહનશક્તિને ન્યાય મળ્યો. અંતે ન્યાય થયો છે.

મધુર ભંડારકરે ટ્વિટ કરતા લખ્યું, અંતે નિર્ભયાને ન્યાય મળ્યો છે. હું તેમના માતા-પિતાની માનસિક શાંતિની પ્રાર્થના કરૂ છું.

અભિનેત્રી કરિશ્મા કપૂર-સલંદીપ તોષનીવાલ વચ્ચે બ્રેકઅપ..!?



મુંબઇ

એક્ટ્રેસ કરિશ્મા કપૂરને જેટલી સફળતા ફિલ્મી કરિયરમાં મળી છે તેટલી સફળતા અંગત જીવનમાં મળી નથી. કરિશ્માની લવ-લાઈફ હંમેશાથી વિવાદનો મુદ્દો રહી છે. કરિશ્માના લગ્નજીવનમાં પણ ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. સંજય કપૂર સાથે છૂટાછેડા બાદ કરિશ્માએ એકલા હાથે પોતાના બાળકોને ઉછેરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, જીવનમાં પ્રેમની જરૂર કોને ના હોય? કરિશ્માને પણ હતી. લાંબા સમયથી કરિશ્મા કપૂરનું બિઝનેસમેન સંદીપ તોષનીવાલ સાથે અફેર હોવાની ચર્ચા થઈ રહી છે. પરંતુ હવે લાગી રહ્યું છે કે કરિશ્માનું મન સંદીપમાંથી ઉઠી ગયું છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, કરિશ્મા કપૂર ફરીથી લગ્ન કરવા માગતી નથી. રિપોર્ટનું માનીએ તો બે-ત્રણ મહિના પહેલા જ કરિશ્માએ સંદીપ સાથે છેડો ફાડી નાખવાનો નિર્ણય કર્યો હતો. અગાઉ એવું કહેવાતું હતું કે, કરિશ્માની ઈચ્છા હતી કે, સંદીપ તેની પત્ની આશિતાને ડિવોર્સ આપી દે. જો કે, બાદમાં સ્થિતિ બદલાઈ અને કરિશ્માએ સંદીપ સાથેનો સંબંધ આગળ ન વધારવાનું નક્કી કરી લીધું.

કેટલાક રિપોર્ટ પ્રમાણે, કરિશ્મા ફરી લગ્ન કરવાને બદલે બાળકોના ઉછેર પર ધ્યાન આપવા માગે છે. કરિશ્મા નથી ઈચ્છતી કે તેના બાળકો પોતાની મમ્મીને ફરીથી કોઈ મુશ્કેલ સ્થિતિમાંથી પસાર થતાં જુએ. ઉલ્લેખનીય છે કે, કરિશ્મા અને સંજય કપૂરના સંબંધનો કડવો અંત આવ્યો હતો. બંનેએ એકબીજા પર ઘણા આરોપ લગાવ્યા હતા.

કામસૂત્રની સ્ટાર અભિનેત્રી ઈન્દિરા વર્મા કોરોના વાયરસની ચપેટમાં


મુંબઇ


કોરોના વાયરસથી વિશ્વભરમાં હાહાકાર મચી ગયો છે . ભારતમાં, જ્યાં લોકોને ઘરમાં રહીને બચાવવાનું સૂચન કરવામાં આવી રહ્યું છે. તે જ સમયે, સેલેબ્સ પણ તેની સાથે વિવિધ રીતે ડીલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હોલીવુડ અભિનેતા ટોમ હેક્સ, ઈદ્રીસ એલ્બા પછી, 'ગેમ ઓફ થ્રોન્સ' અને કામસૂત્રની સ્ટાર અભિનેત્રી ઈન્દિરા વર્મા પણ કોરોના વાયરસ પોઝિટિવ છે. ઈન્દિરા વર્માએ આ માહિતી ત્યારે આપી જ્યારે બે દિવસ પહેલા 'ગેમ ઓફ થ્રોન્સ'ના અભિનેતા ક્રિસ્ટોફર હિવજુએ પણ કોવિડ -૧૯ માં ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ કરી હતી.




બ્રિટિશ અભિનેત્રી ઈન્દિરા વર્માએ ઈન્સ્ટાગ્રામ પર કહ્યું કે, 'તે ખૂબ જ દુખુ છે કે કોવિડ -૧૯ ને કારણે આપણા અને વિશ્વભરના અન્ય ઘણા કાર્યક્રમો પ્રભાવિત થયા છે. અમે ટૂંક સમયમાં પાછા આવવાની આશા રાખીએ છીએ. હું પથારીમાં છું અને હું બીમાર છું. સલામત અને સ્વસ્થ રહો અને તમારી આજુબાજુના લોકો પ્રત્યે દયાળું બનો. તે હાલ લંડનના વેસ્ટ એન્ડમાં ધ સીગુલ નાટકમાં પણ કામ કરી રહી છે. પરંતુ કોરોના વાયરસના કારણે આ નાટક પર હાલ પ્રતિબંધ છે. ઈન્દિરા વર્મા સિવાય, બ્રિટીશ અભિનેતા, નિર્માતા અને સંગીતકાર ઈદ્રીસ એલ્બા પણ કોરોના ઈન્ફેક્શનની પકડમાં છે. તેણે ટ્વિટર પર એક વીડિયો મૂકીને આ માહિતી શેર કરી છે. તેણે કહ્યું, 'આજે સવારે મને કોવિડ ૧૯ પોઝિટિવ આવ્યો.

બોલિવૂડ સ્ટાર્સે પીએમ મોદીના જનતા કર્ફ્યૂની વાતને સપોર્ટ કર્યો







મુંબઇ

પીએમ મોદીએ ૨૨ માર્ચ (રવિવાર)ના રોજ જનતા કર્ફ્યૂની વાત કરી હતી, જેમાં સવારના સાતથી રાતના નવ વાગ્યા સુધી લોકોને ઘરની બહાર ના જવાની અપીલ કરી છે. બોલિવૂડ સ્ટાર્સે પીએમ મોદીના જનતા કર્ફ્યૂની વાતને સપોર્ટ કર્યો છે. અનેક સેલેબ્સે સોશિયલ મીડિયામાં ચાહકોને જનતા કર્ફ્યૂને સપોર્ટ કરવાની અને ઘરમાં જ રહેવાની અપીલ કરી છે. પીએમ મોદીએ ૨૨ માર્ચે સાંજે પાંચ વાગે મેડિકલ સ્ટાફ તથા જીવન જરૂરિયાત માટે ઘરમાં તાળી કે થાળી વગાડીને તેમનું સન્માન કરવાની વાત કરી હતી. બોલિવૂડે ચાહકોને પાંચ વાગે આ તમામનું સન્માન કરવાની વાત કરી હતી.

અમિતાભ બચ્ચન - અમિતાભ બચ્ચને ટ્વીટ કરીને કહ્યું હતું, હું આ જનતા કર્ફ્યૂને સપોર્ટ કરું છું. સાથે જ હું દેશમાં એ લોકોને સલામ કરું છું, જેમણે જરૂરી સેવાઓ ચાલુ રાખી છે. સાથે આવીએ, સલામત રહીએ, સાવધ રહીએ.

અક્ષય કુમાર - અક્ષય કુમારે કહ્યું હતું, પીએમ મોદીએ સારો વિચાર આપ્યો છે. આપણે તમામે રવિવારે સવારના સાતથી રાતના ૯ સુધી જનતા કર્ફ્યૂનું પાલન કરવું જોઈએ. આપણે દુનિયાને એ બતાવવું પડશે કે આપણે આ કરી શકીએ છીએ.

અજય દેવગન - અજય દેવગને ટ્વીટ કરીને કહ્યું હતું, પીએમ સાહેબે આપણને તમામને કોવિડ ૧૯ વિરુદ્ધ સંકલ્પ તથા સંયમથી લડવાની અપીલ કરી છે. ૨૨ માર્ચે જનતા કર્ફ્યૂનું પાલન કરીએ અને ઘરમાં રહીએ. સલામત રહીએ.

અનુપમ ખેર - અનુપમ ખેરે કહ્યું હતું, આવી મુશ્કેલ ઘડીમાં માત્ર દેશને જ નહીં આખા વિશ્વને તમારા જેવા નેતાની જરૂર છે. આપણે સાથે મળીને આપણું કર્તવ્ય નિભાવીશું.

સંજય દત્ત - સંજય દત્તે કહ્યું હતું, નરેન્દ્ર મોદીજી આભાર આ સાંત્વના આપતી સ્પીચ આપવ માટે. આવીએ આપણે બધા સાથે મળીને ૨૨ માર્ચના રોજ જનતા કર્ફ્યૂમાં ભાગ લઈએ, આ સાથે જ આપણી સુરક્ષા માટે સતત સજાગ રહીએ. પાંચ વાગે પાંચ મિનિટ સુધી ઉત્સાહ વધારીએ. સુરક્ષિત રહેવા માટે ઘરમાં જ રહો અને તમામ સાવચેતીના પગલાં ઉઠાવો.

કોરોના વાયરસના કારણે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૨૦ પણ રદ્દ



મુંબઇ

મધ્યપ્રદેશમાં યોજાનારા આઈફા એવોર્ડ્સ અને દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા પદ્મ પુરસ્કાર સેરેમનીને પણ કોરોના વાયરસના કારણે પહેલેથી જ માકૂફ રાખવામાં આવ્યા છે. ત્યારબાદ હવે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૦ને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. આ ફેસ્ટિવલ ૧૨થી ૨૩ મે સુધી યોજાવાનો હતો.

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. જેમાં લખવામાં આવ્યું છે કે 'સ્વાસ્થ્ય સંકટ અને ફ્રાન્સ તેમજ વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિકાસ માટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૦નું આયોજન ૧૨થી ૨૩ મે સુધીમાં થવાનું હતું જે સ્થગિત કરવામાં આવ્યું છે.'

દુનિયાના સૌથી મોટા ફિલ્મ ફેસ્ટિવલને હવે મે મહિનાની જગ્યાએ જૂન મહિનામાં અથવા જૂલાઈની શરૂઆતમાં યોજાઈ શકે છે. આ ફેસ્ટિવલમાં બોલિવૂડ જગતમાંથી ઐશ્વર્યા રાય, સોનમ કપૂર, દીપિકા પાદુકોણ અને કંગના રણૌત જેવી હસ્તિઓ પણ હાજરી આપતી હોય છે.

કાર્તિક આર્યને લોકોને વાયરસથી બચવા ઘરમાં જ રહેવાની સલાહ આપી

મુંબઇ

કાર્તિક આર્યન પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ૨ મિનિટ અને ૨૪ સેકન્ડનો એક વીડિયો શેર કર્યો છે. જે હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન પણ પીએમ નરેન્દ્ર મોદીના જનતા કર્ફ્યૂની અપીલને લઈને લોકોને ટ્વીટ કરી છે. સાથે જ કાર્તિક આર્યને કંઈક તેવું કર્યું છે કે લોકો તેમની વાહ વાહી પોકારી રહ્યા છે. પ્યાર કા પંચનામાં મોનોલોગ માટે જાણીતા કાર્તિક આર્યને કોરોના વાયરસને લઈને પણ



એક ખાસ મોનોલોગ બનાવ્યો છે. જે માટે કાર્તિક આર્યને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર બે મિનિય ૨૪ સેકન્ડનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં લોકોને કોરોના વાયરસથી બચવા માટે ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. અને લોકોથી દૂરી બનાવાનું પણ કહેવામાં આવ્યું છે. આ વીડિયોમાં તેમણે લોકો પણ તે વાત માટે ગુસ્સો પણ કર્યો છે કે તે કોરોના જેવી બિમારીને ગંભીરતાથી નથી લેતા. વધુમાં વીડિયો શેર કરતા કાર્તિકે કહ્યું છે કે "કોરોના સ્ટોપ કરો ના..મેરી સ્ટાઈલ મેં મેરી અપીલ. હવે તો સોશિયલ ડિસ્ટેંસિંગ જ છે એકમાત્ર ઉપાય. નરેન્દ્ર મોદીજી અમે તમારી સાથે છીએ સર" વીડિયોમાં લોકોને કોરોના અને તેને લગતી સાવચેતીને ગંભીરતાથી લેવાની વાત કહી છે. વળી બીજા દેશોના લોકોએ જે ભૂલ કરી તે આપણે ના કરીએ તેમ પણ કહ્યું છે.

રણવીર સિંહની ફિલ્મ ૮૩ની રિલિઝ ડેટ ટાળી દેવાઇ

મુંબઇ

બોલિવૂડ એક્ટર રણવીર સિંહની ફિલ્મ '૮૩' ૧૦ એપ્રિલે રિલીઝ થવાની હતી પરંતુ હાલ પૂરતી આ ફિલ્મની રિલીઝ ડેટ પાછી ઠેલવામાં આવી હતી. નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી. કોરોનાવાઈરસને કારણે ફિલ્મની રિલીઝ ડેટ હાલ પૂરતી પોસ્ટપોન કરી દેવામાં આવી છે.

હાલમાં જ રિલીઝ કરવામાં આવેલા નિવેદનમાં



કહેવામાં આવ્યું હતું, કોવિડ ૧૯ના કારણએ સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું છે અને તેથી જ '૮૩'ની રિલીઝ ડેટ હોલ્ડ પર રાખવામાં આવી છે. જ્યારે પરિસ્થિતિ સામાન્ય થશે ત્યારે રિલીઝ ડેટને લઈ નિર્ણય લેવામાં આવશે. અમે ચાહકોને અપીલ કરીએ છીએ કે જરૂરી સાવધાની રાખે. '૮૩' ફિલ્મ અવરોધો સામે લડતી ફિલ્મ છે, અમને આશા છે કે અમે જલ્દીથી બાઉન્સ બેક કરીશું.

બીસીસીઆઈનો મોટો નિર્ણય

મુખ્ય પસંદગીકારોને જ ઘરેલુ ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસની મુસાફરી કરવા મળશે

મુંબઈ

સૌરવ ગાંગુલીની અધ્યક્ષતામાં ભારતીય ક્રિકેટ બોર્ડે નિર્ણય લીધો છે કે, સીનિયર અને જુનિયર રાષ્ટ્રીય ટીમોના મુખ્ય પંસદગીકારો જ ઘરેલું ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસની મુસાફરી કરી શકશે. બીસીસીઆઈના આ નવા નિયમ અનુસાર માત્ર સુનીલ જોશી (સીનિયર સિલેક્શન કમિટીના પ્રમુખ) અને આશીષ કપૂર (જુનિયર સિલેક્શન કમિટીના પ્રમુખ)ને જ બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરવાની છૂટ છે.



રિપોર્ટ મુજબ, બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી અને સચિવ જય શાહનું માનવું છે કે, જો ઘરેલું ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસની મુસાફરી ઓછી કરાય તો તેનાથી બોર્ડના ઘણા પૈસા બચાવી શકાય છે. જોકે ફ્લાઈટની મુસાફરીમાં લાગતો સમય જો સાત કલાકથી વધારે હોય તો અધિકારીઓ બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરી શકે છે. જો ફ્લાઈટમાં મુસાફરીનો સમય સાત કલાકથી ઓછો હોય તો (ચીફ સિલેક્ટરો સિવાય) બાકી અન્ય પસંદગીકારોએ ઈકોનોમી ક્લાસમાં મુસાફરી પરવી પડશે.

તમને જણાવી દઈએ કે, બીસીસીઆઈ અધ્યક્ષ બન્યા પછી સૌરવ ગાંગુલી ઝડપી નિર્ણયો લઈ રહ્યાં છે. આ પહેલા તેમણે IPL ઓપનિંગ સેરેમનીના ખર્ચને બચાવતા ઓપનિંગ સેરેમની બંધ કરી દીધી હતી. પછી ટાઈટલ જીતનારી ટીમને મળનારી રકમ ઓછી કરી અને હવે બોર્ડે નિર્ણય કર્યો છે કે સીનિયર અને જુનિયર રાષ્ટ્રીય ટીમોના મુખ્ય પસંદગીકારો જ ઘરેલું ફ્લાઈટોમાં બિઝનેસ ક્લાસની મુસાફરી કરી શકશે.

માર્ક ટ્રેસ્કોથિકે ચિક્કાર દારૂના નશામાં કેવિન પીટરનું નાક તોડી દીધુ હતુ..!!



લંડન

ક્રિકેટના મેદાન પર તો દર્શકોને રોમાંચક મુકાબલાઓ જોવા મળે જ છે પરંતુ ઘણી વખત મેદાનની બહાર પણ ખેલાડીઓ વચ્ચે દિલચસ્પ ઘટનાઓ થતી હોય છે. એવો જ એક કિસ્સો ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમની સાથે થયો. ઈંગ્લેન્ડ ટીમના ભૂતપૂર્વ ઓપનર માર્ક્સ ટ્રેસ્કોથિકે વર્ષ ૨૦૧૫માં પાકિસ્તાન પ્રવાસ દરમિયાન થયેલ એક દિલચસ્પ ઘટના અંગે ખુલાસો કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ ટ્રસ્કોથિકે પોતે સ્વીકાર કર્યું છે કે આ ઘટના દરમિયાન તેને સાથી ખેલાડી અને બેટ્સમેન કેવિન પીટરસનની નાક તોડી દીધી હતી. ખરેખર, વર્ષ ૨૦૧૫માં એશિઝ સીરીઝ બાદ ઈંગ્લેન્ડની ટીમ પાકિસ્તાન પ્રવાસે ગઈ હતી. ટ્રેસ્કોથિકે કહ્યું કે તેમની ટીમ બીજી ટેસ્ટ મેચ હારી ગઈ હતી અને સીરીઝ સમાપ્ત થઈ ગઈ હતી. હોટલમાં તે રાતે એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ મેચ હારી હોવાના કારણે ટીમના ખેલાડીઓ નિરાશ હતા. તેથી પાર્ટીમાં માત્ર ૮ લોકો જ આવ્યા હતા. રિપોર્ટ પ્રમાણે ટ્રસ્કોથિકે વધુમાં કહ્યું કે, 'મને લાગ્યું કે હું, કેવિન પીટરસન, પોલ નિક્સન અને મૈથ્યૂ હોગાર્ડ પણ ત્યાં છે. અમે ખૂબ બીયર અને દારૂ પીધો હતો. ત્યાં પૂછવામાં આવ્યું કે અમારામાંથી કોન સારું ગીત ગાય છે. મને યાદ નથી કે શું થયું હતું. માત્ર આટલું યાદ છે કે મે મારું માથું જોથી કેવિન પીટરસનના મોઢા પર મારી દીધું હતું અને મને લાગ્યું કે મે તેનું નાક તોડી નાંખ્યું છે. ત્યાર બાદ પીટરસને મને જમીન પર ધકેલ્યો હતો. અમે હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા. વધુ દારૂ તમારી સાથે એવું કરી શકે છે.'

મને લાગે છે ધોની ચૂપચાપ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દેશે: ગાવસ્કર

ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમનો પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ જુલાઈ ૨૦૧૯માં રમ્યો હતો. વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી મેચમાં ધોની ૫૦ રન બનાવી રન આઉટ થયો હતો. ત્યારથી લઈને અત્યાર સુધી ધોની ટીમ ઈન્ડિયામાં આવશે કે નહીં તે વિશે અટકળો કરવામાં આવી રહી છે. જોકે ધોનીએ ક્યારેય આ મુદ્દે નિવેદન કર્યું નથી. ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ધોનીની ટીમ ઈન્ડિયામાં વાપસીને લઈને મોટું નિવેદન કર્યું છે.

ગાવસ્કરે એ તો માન્યું છે કે પોતે ધોનીને આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં રમતા જોવા માંગે છે. જોકે સાથે એ વાતની આશંકા પણ વ્યક્ત કરી છે કે ભાગ્યે જ આવું થશે. ક્રિકેટ્રેકરના રિપોર્ટ પ્રમાણે ગાવસ્કરે કહ્યું હતું કે હું મહેન્દ્રસિંહ ધોનીને ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમમાં રમતો જોવા માંગું છું પણ આમ થતું નજર આવી રહ્યું નથી. ટીમ તેનાથી આગળ વધી ગઈ છે. ધોની એ લોકોમાં નથી જે મોટી જાહેરાતો કરે છે. તેથી મને લાગે છે કે તે ચુપચાપ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દેશે. ટીમ ઈન્ડિયાના હેડ કોચ રવિ શાસ્ત્રી અને સુનીલ જોશીની આગેવાનવાળી નવા પસંદગી પેનલ સ્પષ્ટ કરી ચૂકી છે કે ધોનીને ટીમમાં પસંદ કરવાનો આધાર આઈપીએલમાં કરેલ તેનું પ્રદર્શન રહેશે. જેથી ક્રિકેટના પ્રશંસકો આઈપીએલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જોકે કોરોના વાયરસના કારણે બીસીસીઆઈએ ૨૯ માર્ચથી શરુ થઈ રહેલી આઈપીએલને ૧૫ એપ્રિલ સુધી ટાળી દીધી છે.

જનતા કર્ફ્યૂને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાનું સમર્થનઃ ઘરમાં રહેવા અપીલ કરી

રાજકોટ

૨૨ માર્ચ રવિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા કર્ફ્યૂની જાહેરાત કરી છે. તેનું સમર્થન ક્રિકેટર રવિન્દ્ર જાડેજા અને તેની પત્ની રીવાબાએ આપ્યું છે. બંનેએ વીડિયો બનાવી લોકોને જતના કર્ફ્યુના દિવસે ઘરમાં રહેવા અપીલ કરી છે. તેમજ પોતે પણ ૨૨ મર્ચના રોજ ઘરમાં રહેશે તેવું વીડિયોમાં બોલી રહ્યા છે. કોરોના વાઈરસ સામે આપણે સૌ જનતા કર્ફ્યુને સમર્થન આપીએ.

ગાયક કલાકાર હેમંત ચૌહાણએ પણ જનતા કર્ફ્યુને સમર્થન આપ્યું છે. તેઓએ વીડિયો બનાવી જણાવ્યું છે કે, આપણા વડાપ્રધાનના આદેશ મુજબ ૨૨ તારીખે જનતા કર્ફ્યુનું એલાન છે તેનું આપણે બધા પાલન કરીએ. કોરોનાની આ વિશ્વવ્યાપી મહામારીને લક્ષમાં રાખી આપણે સૌ જનતા કર્ફ્યુનું પાલન કરીએ.

કોરોના ઈફેક્ટઃ ક્રિકેટર શિખર ધવનનો પુત્ર સાથેનો મસ્તી કરતો વીડિયો વાયરલ

મુંબઈ

જીવલેણ કોરોના વાયરસના કારણે હાલ દેશમાં બધી ક્રિકેટ મેચ રદ કરવામાં આવી છે. ત્યારે દુનિયાભરમાં આયોજીત રમત આયોજનો પણ મુલતવી અને રદ કરવામાં આવ્યા છે. મેચ રદ થતા હાલ ટીમ ઈન્ડિયાના ક્રિકેટર્સ ફેમિલી સાથે ક્વાલિટી ટાઈમ સ્પેન્ડ કરી રહ્યા છે. જેના કેટલાક વીડિયો ખેલાડીઓએ ફેન્સ સાથે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાના એક સ્ટાર ખેલાડીનો પણ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ખેલાડી તેના દીકરા સાથે નજરે આવી રહ્યો છે અને મોબાઈલ એપથી બાળક બનીને મસ્તી કરી રહ્યો છે. આ ખેલાડી અન્ય કોઈ નહીં પણ ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓપનર ખેલાડી શિખર ધવન છે. જે તેના દીકરા જોરાવર સાથે મસ્તી કરતા દેખાઈ રહ્યો છે. શિખરનો દીકરા સાથે મસ્તીનો આ વીડિયો તેના ફેન્સને ઘણો પસંદ આવી રહ્યો છે. આપણે જણાવી દઈએ કે હાલ ચીનથી ફેલાયેલ કોરોના વાયરસના કારણે ભારતમાં પણ લોકો ઘણા પરેશાન છે. અત્યાર સુધી ૧૫૦થી વધુ મામલા સામે આવ્યા છે. કોરોનાના જોખમને જોતા ક્રિકેટ સહિત અન્ય ખેલ જગત અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સહિત દેશના અન્ય જાણીતા લોકો નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરી રહ્યા છે.

કોરોના ઝડપથી ફેલાતા ઋષિ કપૂરે કહ્યું,પાકિસ્તાન અમને પણ પ્રિય છે

મુંબઈ

ભારત સરકારે કોરોનાવાયરસને લઈને કડક પગલા લીધા છે, તેમજ દેશના લોકોને ૨૨ માર્ચે તેમના ઘરોમાં રહેવાની વિનંતી કરી છે. પીએમ મોદીના આ પગલાંને જોઈને બોલિવૂડ એક્ટર ઋષિ કપૂરે ટ્વીટ કર્યું છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. ઋષિ કપૂરે પોતાના ટ્વિટમાં પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાનને કોરોનાવાયરસ સામે કડક પગલા ભરવાની સલાહ પણ આપી હતી. આ સાથે તેમણે કહ્યું કે પાકિસ્તાન અમને પણ પ્રિય છે અને એક સમયે આપણે બંને સાથે હતા. આવી સ્થિતિમાં ઋષિ કપૂરનું આ ટ્વિટ સોશિયલ મીડિયા પર ઘણી બધી હેડલાઈન્સને આકર્ષિત કરી રહ્યું છે, સાથે જ લોકો આ ટ્વીટ પર ઘણી ટિપ્પણી પણ કરી રહ્યા છે. ઋષિ કપૂરે પોતાના ટ્વિટમાં પાકિસ્તાન પર ચિંતા વ્યક્ત કરતાં લખ્યું છે કે, "તમામ યોગ્ય આદર સાથે પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને પણ તેમના દેશને પૂરતી સાવચેતી રાખવાની સલાહ આપવી જોઈએ. પાકિસ્તાનના લોકો પણ અમને પ્રિય છે. એક સમયે આપણે બધા એક હતા. અમે પણ ચિંતિત છીએ. આ વૈશ્વિક કટોકટી છે. અમે તમને પ્રેમ કરીએ છીએ. મનુષ્ય જીવંત છે.

ફૂટબોલમાં ગોલ્ડ જીતાડનાર પી.કે.બેનર્જીનું ૮૩ વર્ષની વયે નિધન

મુંબઈ



૧૯૬૨માં એશિયન ગેમ્સમાં ભારતને ફૂટબોલમાં ગોલ્ડ જીતાડનાર પીકે. બેનર્જીનું શુક્રવારે ૮૩ વર્ષની વયે કોલકાતાના મેડિકા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલમાં નિધન થયું હતું. તેઓ ૨ માર્ચથી નિમોનિયાના કારણે એડમિટ થયા હતા. તેમના ઘણા અંગોએ કામ કરવાનું બંધ કરતા તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા હતા. જોકે શુક્રવારે બપોરે ૧૨:૩૦ વાગે તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. ઈન્ટરનેશનલ ફૂટબોલ એસોસિયેશને તેમને ૨૦મી સદીમાં ભારતના સૌથી મહાન ફૂટબોલ ખેલાડી જાહેર કર્યા હતા. ફિફાએ ૨૦૦૪માં તેમને ઓર્ડર ઓફ મેરિટ આપ્યો હતો.

તેઓ પાર્કિસન, દિલની બીમારી અને ડિમનેશિયાથી પીડિત હતા. તેમના નાના ભાઈ પ્રસૂન બેનર્જી કોંગ્રેસના સાંસદ છે.

૨૩ જૂન ૧૯૩૬ના રોજ જલપાઈગુરીમાં જન્મેલા બેનર્જી ભાગલા બાદ જમશેદપુર આવ્યા હતા. તેમણે અહીંથી ફૂટબોલ રમવાનું શરૂ કર્યું. બેનર્જીએ ભારત માટે ૮૪ મેચમાં ૬૫ ગોલ કર્યા હતા. તેમણે ૧૯૬૦ના રોમ ઓલિમ્પિક્સમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. ત્યારે ફ્રાન્સ સામે ૧-૧થી ડ્રો રહેલી મેચમાં તેમણે ભારત માટે બરાબરી કરી હતી.

અનુપ જલોટાનો કોરોના વાયરસ નેગેટિવ

મુંબઈ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશને કોરોનાવાઈરસને મહામારી જાહેર કરી છે. વાઈરસથી બચવા માત્ર ભારત જ નહીં વિશ્વભરના અનેક દેશો વિવિધ ઉપાયો અજમાવી રહ્યાં છે. આ વાઈરસથી સૌથી વધુ જોખમ વૃદ્ધો તથા બાળકોને હોવાનું માનવામાં આવે છે. ભજનસમ્રાટ અનુપ જલોટા હાલમાં જ લંડનથી પરત ફર્યા હતાં અને તેમને હોટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા હતાં. અનુપ જલોટાએ સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરીને કહ્યું હતું કે ડોક્ટર્સે તેમને રિપોર્ટ આપ્યો હતો અને કહ્યું હતું કે તેમનામાં કોરોનાવાઈરસના કોઈ લક્ષણ નથી અને તેઓ ઘરે જઈ શકે છે. તેમણે ક્યારેય ટેસ્ટ કરાવવાની ના પાડી નહોતી. તે તમામને અપીલ કરે છે કે જો તમને કોરોનાવાઈરસ હોવાની શંકા જાય તો તમારે તરત જ ટેસ્ટ કરાવી લેવો જોઈએ.

ગુજરાતમાં ભયાનક પહેલા પાનાનું ચાલું

શહેરોમાં લોકોને એક સ્થળે એકત્ર થવા પર ટાળવા કલમ-૧૪૪નો અમલ તાત્કાલિક અસરથી લાગુ કરીને ચાર કરતાં વધુ લોકોના એકત્ર થવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. સાથે સાથે પાનના ગલ્લા સહિત શોપિંગ-મોલ, બજારો, ક્લબ,સ્વિમિંગ પુલ વગેરે પણ બંધ કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદના પોઝિટિવ કેસની બન્ને મહિલાઓ પશ્ચિમ અમદાવાદની છે. એક ન્યુયોર્ક અને એક મહિલા ફિનલેન્ડથી આવી હતી. જ્યારે યુવક લંડનથી પરત ફર્યો હતો. ન્યૂયોર્કથી આવેલી મહિલા ૧૪ માર્ચે આવી હતી. ૩ દિવસ ઘરે રહ્યાં બાદ ૧૭મીએ SVPમાં દાખલ કરવામાં આવી છે. ફિનલેન્ડથી આવેલી મહિલા અમદાવાદ ૧૩મી માર્ચે આવી હતી અને ૧૬મી માર્ચે SVPમાં દાખલ કરવામાં આવી છે.

દરમ્યાનમાં રાજયના આરોગ્ય સચિવ જયંતિ રવિએ પત્રકાર પરિષદ સંબોધીને જણાવ્યું કે, ગુજરાતમાં કોરોનાના ૭ કેસો પોઝિટિવ નોંધાયા છે. જેમાં અમદાવાદમાંથી ૩ કેસો નોંધાયા છે. આ સિવાય વડોદરમાં બે અને સુરત-રાજકોટમાં એક-એક કેસ કોરોનાના પોઝિટિવ નોંધાયા છે. આ તમામ દર્દીઓની ઉંમર ૩૫ વર્ષથી વધુ નથી.

જયંતિ રવિએ વધુમાં જણાવ્યું કે, કોરોનાની તકેદારીના ભાગ રુપે આપણે સોશિયલ ડિસ્ટન્સ જાળવવું પડશે. ગુજરાતમાં જે પાંચ કેસો સામે આવ્યા છે, તે તમામ વિદેશથી પ્રવાસ કરીને આવેલા છે. આ વાઈરસ વધારે ના ફેલાય તે માટે વિદેશથી જે લોકો આવ્યા હોય તેમને સહકાર આપવો જોઈએ. જે લોકો વિદેશથી આવ્યા હોય, તેમણે સ્વૈચ્છિક હોમ ક્વોરેન્ટાઈન કરવું જોઈએ.

આ સિવાય બાળકો અને વૃદ્ધોએ ખાસ સાવધાની રાખવાની જરૂર છે. ગુજરાતમાં જે ૫ કેસો નોંધાયા છે, તેમના પરિવારજનોને પણ ક્વોરેન્ટાઈ કરવામાં આવ્યા છે.

સચિવે જણાવ્યું કે, ગુજરાતમાં ૪૯૨ લોકોને ઘરમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં જે કોરોનાના શંકાસ્પદ કેસો છે, તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા નથી. રાજયમાં અત્યાર સુધીમાં ૧૫૦ કેસોની તપાસ કરવામાં આવી છે, તેમાંથી ૧૨૩ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને ૫ કેસો પોઝિટિવ આવ્યા છે. આ ઉપરાંત ૨૨ જણાના રિપોર્ટ આવવાના બાકી છે.

જયંતિ રવિએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં કોરોનાના ૫ પોઝિટિવ દર્દીઓ વિદેશથી આવેલા છે. જેમાં અમદાવાદના બે દર્દીઓ અમેરિકાથી આવ્યા છે. આથી જે લોકો ગઈકાલે બહારથી આવ્યા છે, તેમને ડોર ટૂ ડોર સર્વે હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત વિદેશથી આવેલા મુસાફરોના સંપર્કમાં આવ્યા હોય, તેવા લોકોનું પણ ચેકઅપ કરવામાં આવશે. આ ઉપરાંત જે લોકો કોરોના શંકાસ્પદ જણાશે તેમના હાથ ઉપર સ્ટેમ્પ લગાવવામાં આવશે.

ફ્લોર ટેસ્ટ પહેલા પાનાનું ચાલું

કરે. ૧૫ મહિનામાં ભ્રષ્ટાચારનો કોઈ આરોપ લાગ્યો નહીં. પ્રજાએ મહેસૂસ કર્યું કે સરકાર કેવી હોય છે. તેઓ બોલ્યા કે આજ પછી કાલ આવે છે અને કાલ પછી પરમદિવસ. હું હરાજી અને સોદાનું રાજકારણ કરતો નથી. મધ્ય પ્રદેશ વિધાનસભામાં કુલ ૨૩૦ બેઠક છે. જેમાંથી બે ધારાસભ્યોના નિધનથી બે બેઠક ખાલી પડી છે. આ રીતે કુલ બેઠકની સંખ્યા ૨૨૮ છે. જેમાંથી કૉંગ્રેસના બળવાખોર ૨૨ ધારાસભ્યોના રાજીનામા સ્પીકરે મંજૂરી કરી દીધા છે. આ રીતે ૨૦૬ ધારાસભ્યો બચે છે. સરકારે બહુમત સાબિત કરવા માટે ૧૦૪ ધારાસભ્યની જરૂરી છે. જોકે, કૉંગ્રેસ પાસે ફક્ત ૯૨ ધારાસભ્ય છે.

દિગ્વિજય સિંહે પણ અગાઉ કોંગ્રેસની સરકાર બચાવવી મુશ્કેલ હોવાનું જણાવ્યું હતું. ગુરુવારે સુપ્રીમ કોર્ટે કમલનાથ સરકારને આદેશ આપ્યો હતો અને શુક્રવારના વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ યોજવા જણાવ્યું હતું.

મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ રાજ્યના રાજકારણના સૌથી દિગ્ગજ નેતા ગણાય છે. મધ્ય પ્રદેશમાં તેમણે 'મામા' તરીકે ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રી પદની રેસમાં સૌથી આગળ તેમનું જ નામ છે. પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મુખ્યમંત્રી પદનો દાવેદાર માનવામાં આવી રહ્યા છે. ૧૩ વર્ષ સુધી મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીની કમાન સંભાળનારા શિવરાજ સિંહ ચૌહાણને ચોથી વખત પણ મુખ્યમંત્રી બનવાની તક મળી શકે છે.

મધ્ય પ્રદેશમાં હાલ કુલ ૨૪ સીટો ખાલી છે. આ દરેક સીટ પર ૬ મહિનાની અંદર પેટા ચૂંટણી થવાની છે. જો ભાજપની સરકાર બનશે તો તેમને સરકાર બચાવવા પેટા ચૂંટણીમાં ઓછામાં ઓછી ૯ સીટ જીતવી પડશે. જો કોંગ્રેસના સાત સહયોગીઓ સાથે રહેશે તો પેટા ચૂંટણીમાં ૧૭ સીટ જીતીને તેઓ સત્તામાં પરત ફરી શકે છે.

સાત વર્ષ બાદ પહેલા પાનાનું ચાલું

આપવામાં આવી હોય. આ જેલમાં અંદાજે જેમાં ૧૬,૦૦૦ થી વધુ કેદીઓ છે. ફાંસીમાંથી બચવા માટે આ ચાર નરાધનોએ દરેક શક્ય કાનૂની માર્ગનો ઉપયોગ કર્યા બાદ અને ફાંસીના સમય પહેલા પણ છેલ્લીઘડીના પ્રયાસો સુપ્રિમ કોર્ટમાં કરતા અને તેમાં પણ હાર થતાં આખરે દલ્લાદ પવન દ્વારા તમામ ચારેયને ફાંસીના માંચડે લઈ જઈને લટકાવી દેવામાં આવ્યાં હતા. ૨૨ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ ફાંસીના અમલની પહેલી તારીખ નક્કી કરવામાં આવી હતી.પરંતુ કાનૂની જંગને કારણે ૩-૩ડેથ વોરંટ મુલ્તવી રાખ્યા બાદ આખરે ચોથો ડેથ વોરંટ ૨૦ માર્ચનો દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. છેલ્લા પ્રયાસોમાં, એક દોષીએ ફાંસી પર લટકાવવાના કલાકો પહેલા દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.

ફાંસીના કલાકો પૂર્વે પવન કુમાર ગુપ્તાએ રાષ્ટ્રપતિ દ્વારા દયાની બીજી અરજીને નકારી કાઢવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. રાત્રે ૨.૩૦ વાગ્યે શરૂ થયેલી અને એક કલાક ચાલેલી અભૂતપૂર્વ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટની ખંડપીઠે તેની છેલ્લી અરજીને ફગાવી દીધી અને ફાંસીના અમલનો માર્ગ મોકળો કર્યો હતો.

જોકે દોષિતોના વકીલ એપી સિંહે તેમને છેલ્લી ઘડી સુધી બચાવવાના તમામ પ્રયત્નો કર્યા હતા પરંતુ એકમાં પણ તેમને સફળતા ન મળી. મોડી રાત સુધીમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે ફાંસી પર સ્ટે લાવવાની અરજી ફગાવી દેતા હવે ચારેય દોષિતોને ફાંસીનો રસ્તો ક્લિયર થઈ ગયો હતો.

કેસની વિગત જોઈએ તો ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ની રાત્રે દિલ્હીમાં છ દોષિતોએ નિર્ભયા સાથે દુષ્કર્મ કર્યું હતું. એક આરોપીએ જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી, બીજો આરોપી સગીર હતો તેથી ૩ વર્ષ પછી છૂટી ગયો હતો.. બાકી વધેલા ચાર-મુકેશ, અક્ષય, વિનય અને પવન તેમની મોતના ૧.૫૮ કલાક પહેલાં સુધી કાયદા સામે કરગરતા રહ્યા હતા. અંતે જીત નિર્ભયાની જ થઈ હતી

દરેક દુષ્કર્મીઓને નીચલી કોર્ટે ૯ મહિનામાં જ ફાંસીની સજા આપી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે માત્ર ૬ મહિનામાં જ નીચલી કોર્ટની સજાને મંજૂર કરી દીધી હતી. તેના ૨ વર્ષ ૨ મહિના પછી મે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે પણ કહ્યું હતું કે ફાંસીની સજા થશે. તે પછી પણ બીજા ૨ વર્ષ અને ૧૦ મહિના પસાર થઈ ગયા. ૪ વાર ડેથ વોરન્ટ જાહેર થયું અને અંતે આજે શુક્રવારે ફાંસી આપી દેવામાં આવી હતી . આ પહેલાં દોષિતોએ ૧૫ કલાકમાં ૬ અરજીઓ કરી હતી. શુક્રવારે સવારે સવા ત્રણ વાગ્યા સુધી હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી અને અંતે દરેક અરજી ફગાવી દેવામાં આવી હતી. સવારે ૫ વાગ્યાથી તિહાર જેલમાં ફાંસીની છેલ્લી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. દુષ્કર્મીઓને ફાંસીના તખ્તા પર લઈ જવામાં આવ્યા હતા. ચારેયના હાથ-પગ બાંધી દેવામાં આવ્યા હતા. વિનય રડવા લાગ્યો હતો. ત્યારપછી દરેક દોષિતોના ચહેરા પર કાળુ કપડું પહેરાવી દેવામાં આવ્યું હતું અને ગળામાં ફંદો પહેરાવી દેવામાં આવ્યો હતો. સવારે બરાબર ૫.૩૦ વાગે જલ્લાદ પવને લીવર ખેંચ્યું....અને દેશની દિકરીઓને ન્યાય મળી ગયો હતો.. માત્ર ૭ મિનિટમાં જ જેલ અધિકારીઓએ ચારેયને મૃત જાહેર કરી દીધા હતા. ૩૦ મિનિટ પછી ડોક્ટરોની ટીમે પણ દરેક દોષિતોને મૃત જાહેર કરી દીધા હતા.

હોમક્વોરન્ટાઈન પરિવારોને મ્યુનિ.કો.જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મફતમાં આપશે

કોરોના ઈફેક્ટઃ ૩૧મી સુધી પાનના ગલ્લાઓ પણ બંધ,થૂંકવા પર દંડ બમણો

થૂંકવા પરનો દંડ ૫૦૦થી વધારીને ૧૦૦૦, દંડ નહીં ચૂકવનારાઓ પર પોલીસ પગલા લેવાશે

અમદાવાદ

અમદાવાદમાં બે કેસ અને વડોદરામાં એક કેસ મળી અને ૩ નવા કેસ નોંધાયા છે. આમ કોરોના વાયરસે રાજયના તમામ શહેરોમાં પગપેસારો કર્યો છે અને રાજયમાં પોઝીટીવ કેસની સંખ્યા ૫ થઈ છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ મોટી જાહેરાત કરી છે કે અમદાવાદ શહેરમાં ૩૧મી માર્ચ સુધી તમામ પાનના ગલ્લા-દુકાન બંધ રહેશે.

મ્યુનિસિપલ કમિશનર નહેરાની પ્રેસ કોન્ફરન્સના મુખ્ય અંશોઃ-

★ જે પરિવાર સ્વૈચ્છિક રીતે ૧૪ દિવસ સુધી હોમ ક્વોરન્ટીનમાં રહેવા માગતો હશે તેને તમામ દૂધ, પાણી, શાકભાજી, અનાજ-કરિયાણું મ્યુનિસિપલ કોર્પોશેન. મફતમાં ઘરે પહોંચાડશે.

★ અમદાવાદમાં તમામ ખાનગી, જાહેર, મ્યુનિ. સહિતની માલિકીના તમામ જીમ, ખાનગી ક્લબ, સ્વિમિંગ પૂલ પર ૩૧ સુધી પ્રતિબંધ

★ મ્યુનિસિપલ સિવિક સેન્ટર્સને ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય

★ ૩૧ માર્ચ સુધી તમામ પ્રકારના પાન-મસાલા ગુટખાના વેચાણ પર પ્રતિબંધ- કરિયાણાની દુકાનો પરથી પણ પાન-મસાલા-ગુટખા વેચી શકાશે નહીં. જયારે થૂંકવા પરનો દંડ સોમવારથી રૂ. ૫૦૦થી વધારીને રૂ. ૧૦૦૦ કરાશે.

★ રવિવારે ગુજરી બજાર, ત્રણ દરવાજા બજાર, પાનકોરનાકા બજાર, સિંધી માર્કેટ સહિતના બધા બજારો સંપૂર્ણ બંધ રહેશે.

★ રવિવારે સવારે ૭થી રાત્રે ૯ સુધી જનતા કરફ્યુ માટે એએમસી હેઠળના વિસ્તારોમાં એએમટીએસ, બીઆરટીએસ સંપૂર્ણપણે બંધ રહેશે.

★ રવિવારે એએમસીના તમામ બાગ-બગીચા, કાંકરિયા લેકફ્રન્ટ, ખાણી-પીણી બજારો, ઔદ્યોગિક એકમો-વાણિજય એકમો હોટલ-રેસ્ટોરાંના એસોસિયેશનને તમામ એકમો બંધ રાખવા પણ અપીલ.

વડોદરા સેન્ટ્રલ જેલ વિવાદોમાંઃ કેદી પાસેથી મોબાઈલ ફોન મળ્યો

વડોદરા

વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પાકા કામના કેદી પાસેથી વધુ એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જેલમાં મોબાઈલ ફોન સહિત નશાયુક્ત ચિજવસ્તુઓ શોધી કાઢવા માટે બનાવવામાં આવેલા ઝડતી સ્કવોર્ડ દ્વારા કેદી દ્વારા શૌચાલયમાં છૂપાવેલો મોબાઈલ શોધી કાઢવામાં આવ્યો છે.

સેન્ટ્રલ જેલના અધિક્ષકની સુચના મુજબ જડતી સ્કવોડ દ્વારા તા.૧૩ માર્ચના રોજ બેરેકોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્કવોડને યાર્ડ નંબર-૧૧ અને બેરેક નંબર-૨માં એક કેદી પાસે મોબાઈલ હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે બેરેકમાં તપાસ કરી હતી. તપાસમાં પાકા કામના કેદી અનવર મહંમદ ઉર્ફ લાલા શેખે શૌચાલયમાં પ્લાસ્ટિકની ડોલમાં છૂપાવેલો મોબાઈલ મળી આવ્યો હતો. આ અંગે ગૃપ-૨ના જેલર છત્રસિંહ ગોહિલે રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

ઓનલાઈન એક રૂપિયો ટ્રાન્સફર કરી ભેજાબાજે ૭૯ હજાર રૂપિયા પડાવ્યા

વડોદરા

ઓનલાઈન એક રૂપિયો ટ્રાન્સફર કરાવીને રૂપિયા ૭૯,૫૧૧ ટ્રાન્સફર કરી લેવાનો કિસ્સો સાઈબર કાઈમમાં નોંધાયો છે. ભેજાબાજે એ.ટી.એમ. બંધ થઈ ગયું હોવાનું જણાવી ગ્રાહકને વિશ્વાસમાં લઈ છેતરપિંડી કરી હતી.

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલી મહાવીર સ્વામીની પોળમાં અંકિતભાઈ દુષ્યંતભાઈ ગાંધી પરિવાર સાથે રહે છે. અને મકરપુરા જી.આઈ.ડી.સી.માં આવેલી એડવાન્સ ઈલેકટ્રોનિક સિસ્ટમ નામની કંપનીમાં ડેટા ઓપરેટર તરીકે નોકરી કરે છે. ૬ માર્ચના રોજ તેઓના પિતા દુષ્યંતભાઈ ગાંધી ઉપર ફોન આવ્યો હતો. તેને જણાવ્યું કે, હું બેંક બરોડાની હેડ ઓફિસથી બોલુ છું. તમારું બે વર્ષથી એ.ટી.એમ. બંધ છે. તમારૂ તેમાં જોઈન્ટ એકાઉન્ટ છે. જેમાં અંકિત ગાંધી, દુષ્યંતભાઈ, સંગીતાબહેન ગાંધી અને ધ્રુવીબહેન ગાંધીના નામ છે.

ભેજાબાજે નામો આપતા દુષ્યંતભાઈને તેના ઉપર વિશ્વાસ આવ્યો હતો. અને ભેજાબાજે જણાવ્યા મુજબ યુ.પી.આઈ.થી એક રૂપિયો ટ્રાન્સફર કરવા માટે જણાવ્યું હતું. પરંતુ દુષ્યંતભાઈને મોબાઈલ દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરતા આવડતું ન હતું. આથી તેઓએ તેમના પુત્ર અંકિતભાઈનો નંબર આપ્યો હતો. દરમિયાન ભેજાબાજે અંકિતભાઈને ટીમ વ્યુવર નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. તે બાદ ગુગલ પેથી એક રૂપિયો ટ્રાન્સફર કરાવી તેઓના એકાઉન્ટમાંથી રૂપિયા ૭૯,૫૧૧ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને લઈ છેતરપિંડી કરી હતા. જે અંગેની ફરિયાદ સાઈબર કાઈમમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહ હાથ ધરી છે.

અફીણનું વાવેતર કરનાર ખેડૂત ઝડપાયોઃ ૧૯૫૧ છોડ જપ્ત

વડોદરા

વાંકાનેરના તરકીયા ગામની સીમમાં વાડીમાં મોરબી જીલ્લા અને વાંકાનેર તાલુકા પોલીસે દરોડો પાડી અફીણનું જંગી વાવેતર પકડી પાડ્યું છે. પોલીસે ૧૮ લાખના ૧૯૫૧ અફીણના છોડ સાથે નાથા ભલા મકવાણાની ધરપકડ કરી છે. વાંકાનેરના તરકીયા ગામની સીમમાં ચોટીલાના નાળીયેરી ગામના નાથાએ વાડીમાં અફીણનું વાવેતર કર્યું હોવાની બાતમી મળી હતી. વાંકાનેર તાલુકા પોલીસ અને મોરબી જીલ્લાની ટીમે દરોડો પાડતા અફીણના જથ્થાનું જંગી વાવેતર મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. કોઈની નજરે ન પડે તે માટે ઘઉં અને રજકાના વાવેતર વચ્ચે અફીણનું વાવેતર કર્યું હતું.

પોલીસને સ્થળ પરથી અફીણના ૧૯૫૧ મોટા છોડ (૨૨૫ કિલો) કિં. ૧૮ લાખનો જથ્થો મળી આવતા તે કબ્જે કરી વાડીના માલિક નાથા ભલાભાઈ મકવાણાની ધરપકડ કરી હતી. પકડાયેલ નાથાએ અફીણનું વાવેતર કોઈની નજરે ન પડે તે માટે ઘઉં અને રજકાના વાવેતર વચ્ચે અફીણનું વાવેતર કર્યું હતું. વાંકાનેર તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં કોરોનાના કારણે પોલીસે પરેડ રદ કરીઃ ઓનલાઈન ફરિયાદ કરવા અપીલ

રાજકોટ

સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ હાહાકાર મચાવી રહ્યો છે. ભારતમાં પણ કોરોના દિવસેને દિવસે નવા કેસો સામે આવી રહ્યા છે. રાજકોટમાં પણ કોરોનાનો એક કેસ સામે આવ્યો છે. આ મહામારીને વધુ ફેલાતી અટકાવવા માટે સમગ્ર દેશની માફક રાજકોટમાં પણ અલગ અલગ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. પોલીસ વિભાગમાં પણ કોરોના સામે સાવચેતીના પગલા ભરવામાં આવી રહ્યા છે. ૩૧ માર્ચ સુધી પોલીસ પરેડ અને રોલકોલ રદ કરવામાં આવ્યા છે. તેમજ અરજદારોની ફરીયાદ નોંધાવા માટે પોલીસ સ્ટેશન આવવાના બદલે ઓનલાઈન ફરિયાદ નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

મહામારી સમાન કોરોના વાઈરસ સામે લીધેલા સાવચેતીના પગલાઓ અંગે વિગતો આપતા પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે જીવલેણ કોરોના વાઈરસથી રાજકોટ શહેર પોલીસને રક્ષણ મળી રહે તેમજ કોરોના વાઈરસની મહામારી અટકે તે હેતુથી તમામ પોલીસ સ્ટેશનો ખાતે સેનિટાઈઝર તથા માસ્કની પૂરતી વ્યવસ્થા રાખવામાં આવી છે. તેમજ ટ્રાફીક ડીપાર્ટમેન્ટમાં તમામ કર્મચારીઓ તથા ટ્રાફીક વોર્ડનના જવાનોને પણ માસ્ક આપવામાં આવ્યા છે અને ફરજ દરમિયાન માસ્ક પહેરવા સુચના આપી છે.

પોલીસ કમિશ્નરે વધુમાં જણાવ્યું હતું કે અલગ અલગ પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અને જનતા સીધા સંપર્કમાં આવતી હોય ત્યારે સાવચેતી રૂપે અને આ મહામારી ફેલાતી અટકાઈ તે હેતુસર જનતાને રૂબરૂ પોલીસ સ્ટેશને આવવાનું ટાળી ઓનલાઈન ફરિયાદ નોંધાવવા અપીલ કરવામાં આવી છે. ઈ-મેઈલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ મારફત કે અરજી કરવા જણાવાયું છે. તેમજ જરૂરીયાત જણાય તેવા કેસમાં અરજદારને મોબાઈલ પર વીડિયો કોલીંગથી સાંભળવામાં આવશે.

દેવું વધી જતાં ખેડૂતે ટ્રેન નીચે પડતુ મૂકી આપઘાત કર્યો

ઉપલેટા

ઉપલેટા તાલુકાના ખીરસરા ગામમાં ખેતી કરી ગુજરાન ચલાવતા અશ્વિનભાઈ મનસુખભાઈ કાલરીયા શ્રઉ.વ.૪૩)એ ટ્રેન હેઠળ પડતું મુકી જિંદગી ટૂંકાવી લીધી છે. છેલ્લા ત્રણ વર્ષથી ખેતીની ઉપજ આવતી નહોતી. આથી પોતાના નવમાં ધોરણમાં ભણતા પુત્રને ભણાવવા વ્યાજે પૈસા લીધા હતા. પરંતુ પૈસા ન ભરાતા દેવું વધી જતા આ પગલું ભર્યાનું બહાર આવ્યું છે. તેમની પત્ની નિલાને સંબોધીને લખેલી સ્યુસાઈડ નોટમાં તેમના પુત્રનું ધ્યાન રાખવા અને ભણાવવાનુ જણાવ્યું છે.

૧૮ માર્ચે સાંજના ૬ વાગ્યે હું બજારમાં માવો ખાવા જાવ છું તેવું જણાવી ઘરેથી ચાલ્યા ગયા હતા. ત્યારે સાંજના ઘરે પરત ન આવતાં ઘરનાં તેનાં કાકા તેના મોટા બાપાના દીકરા તેમજ આજુબાજુના લોકોએ તેની શોધખોળ મોડી રાત સુધી કરી હતી. તેમ છતાં તે ન મળતાં રાત્રે બાર વાગ્યે ભાયાવદર પોલસીને જાણ કરી હતી. તેઓ પણ ખીરસરા ગામ આવી વહેલી સવાર સુધી તપાસ કરતા મળી આવ્યા ન હતા. ત્યારે આજે સવારે ભાયાવદર શહેરનાં રેલવે સ્ટેશનનાં સ્ટેશન અધિકારીએ ભાયાવદર પોલીસને જાણ કરી કે વાલાસણ અને ગીંગણી વચ્ચે ટ્રેન નીચે કોઈ અજાણ્યો માણસ આવી ગયો છે. બાદમાં મૃતદેહને ભાયાવદર પોલીસને સોંપવામાં આવ્યો હતો. પોલીસે તપાસ કરતા મૃતદેહ ખીરસરા ગામના અશ્વીનભાઈનો હોવાનું માલુમ પડતા પરિવારને જાણ કરી ખરાઈ કરવામાં આવી હતી. સ્યુસાઈડ નોટમાં હું મારી ઉપર કરજ વધી જતા આપઘાત કરૂ છે તેમ લખ્યું હતું.

વેકેશન લંબાશે તો ધો.૧થી ૮ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા વિચારણા

અમદાવાદ

ગુજરાતભરની શાળા કોલેજમાં કોરોનાને કારણે ૨૯ માર્ચ સુધી ફરજીયાત વકેશન જાહેર કરવામાં આવ્યું છે. જો આ વેકેશન લંબાવવામાં આવે તો ધોરણ ૧ થી૮ માં માસ પ્રમોશન આપવામાં આવે એવી શક્યતા છે. ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં વધતા જતા કોરોનાના કહેરને અનુલક્ષીને વકાશન લંબાવવાની વિચારણા ચાલી રહી છે. બીજી બાજુ શાળા સંચાલકો દ્વારા પ્રાથમિક શાળાઓમાં એટલે કે ધોરણ ૧ થી ૮માં માસ પ્રમોશન આપવા માટે સરકારમાં રજૂઆત કરવા ની તૈયારી શરૂ કરી છે. જ્યારે ધોરણ ૯ અને ૧૧ ની પરીક્ષા એપ્રિલના અંતમાં લેવામાં આવે તેવી પણ ચર્ચા ચાલી રહી છે. રાજ્યની ખાનગી શાળાના સંચાલકોએ પણ ૧૫ એપ્રિલ સુધી વેકશન લંબાવવાનો નિર્ણય કર્યો છે. જે અંગે ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવશે.

જો કે, શિક્ષણ વિભાગના અધિકારીઓ નું કહેવું છે કે,વહેલામાં વહેલી તકે વકેશન લંબાવવાનો નિર્ણય થઈ જશે. માસ પ્રમોશન અંગેનો નિર્ણય પણ એક અઠવાડીયા સુધીમાં નિર્ણય આવી શકે છે. જ્યારે શાળા સંચાલકો પણ સરકારના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે.

અમદાવાદમાં આજથી સોની બજાર અચોક્કસ મુદ્દત સુધી બંધ રહેશે

અમદાવાદ

અમદાવાદઃ સમગ્ર દેશમાં કોરોના વાયરસની જીવલેણ બિમારીના વધી રહેલા જોખમને ધ્યાનમાં રાખીને ગુજરાતના વેપારી-ઔદ્યોગિક સંગઠનોએ બેથી ત્રણ દિવસ તો કોઈકે સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી અચોક્કસ મુદ્દત સુધી વેપાર-ધંધા અને કામકાજ બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

અમદાવાદ ઈમિટેશન અને ગોલ્ડ ફોર્મિંગ જ્વેલરી એસોસિએશન દ્વારા તારીખ ૨૧ માર્ચ, ૨૦૨૦, શનિવારથી અચોક્કસ મુદ્દત સુધી કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આજે એસોસિએશનની બેઠક યોજાઈ હતી જેમાં સર્વાનુતમે વેપારીઓએ પોતાનો વ્યવસાય બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

એસોસિએશનના પ્રમુખએ જણાવ્યું કે, સમગ્ર વિશ્વમાં ફેલાયેલી મહામારી કોરોના વાયરસથી બચવા માટે અમે અમારા તમામ સભ્યો-વેપારીઓને ૨૧ માર્ચ, શનિવારથી અચોક્કસ મુદત્ત સુધી કામકાજ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે વેપારીઓને આ રજા દરમિયાન કર્મચારીઓનો પગાર ન કાપવા અપિલ કરી છે. વધુમાં ઉમરેતા જણાવ્યું કે, બને તો કર્મચારીઓને અન્ય રીતે મદદરૂપ થવાનો પણ પ્રયાસ કરાશે. નોંધનિય છે કે, અમદાવાદ ઈમિટેશન અને ગોલ્ડ ફોર્મિંગ જ્વેલરી એસોસિએશનમાં દરરોજ લગભગ રૂ.૪૦થી ૫૦ લાખનું ટર્નઓવર થાય છે. કોરોના વાયરસના સંક્રમણને લીધે જે અચોક્કસ મુદ્દત માટે બંધ રાખવાનું નક્કી કર્યું છે તેનાથી વેપારીઓને મોટું નુકસાન થશે.

કેક કાપ્યા બાદ બાઈક ગંદુ થતા મારામારીઃ મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો

અમદાવાદ

અત્યારે મોટાભાગે જન્મદિવસની ઉજવણી લોકો રોડ પર કેકકાપીને મિત્રો સાથે કરતા હોય છે. વાહન પર કેક રાખતા જ લોકો સેલિબ્રેશન કરીને એક બીજા પર કેક લગાવતા હોય છે. આવો જ એક કિસ્સો શાહપુરમાં બન્યો છે. જેમાં કેક કાપ્યા બાદ બાઈક ગંદુ થતા મારામારી થઈ હતી.

ઘી કાંટામાં રહેતો આશિષ દેસાઈ બી.કોમનો અભ્યાસ કરે છે. ૧૯મી ફેબ્રુઆરીના રોજ મિત્ર વિકાસના જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે ત્યાં ઓફિસ ધરાવતા જીગર પંચાલ અને તેના પિતા આવ્યા હતા. કેક કાપીને બાઈક ગંદુ થયું હોવાથી જીગર પંચાલે બોલાચાલી કરી હતી. આ બોલાચાલી થતા જ જીગર પંચાલ અને તેના પિતાએ મારામારી શરૂ કરી હતી. એટલામાં જ જીગરનો મિત્ર ગાંધી અને મિહિર સોલંકી આવી ગયા હતા. બાઈક ગંદુ થવા બાબતે આ ચાર લોકોએ બબાલ કરીને મારામારી કરી હતી. આશિષને ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં પોલીસને જાણ થતા જ શાહપુર પોલીસે ચાર લોકો સામે આઈપીસી ૩૨૩, ૩૨૪, ૪૨૭, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વીરપુર ગ્રામ પંચાયતે દુકાનોમાં ઠંડાપીણા, આઈસ્ક્રીમ,નોનવેજ પર પ્રતિબંધ મૂક્યો

મહીસાગર

વિશ્વની સાથે સાથે હવે ભારતમાં પણ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસને કારણે સરકાર પણ સક્રિય થઈને પગલા લઈ રહી છે. ત્યારે લોકો પણ સાવચેતી રાખતા બહાર જાવનું ટાળી રહ્યા છે. ત્યારે સાવચેતીના ભાગરૂપે મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકાની વીરપુર ગ્રામ પંચાયતે એક નોટીસ જાહેર કરી છે.

વીરપુર ગ્રામ પંચાયતે નોટીસ જાહેર કરીને તેની હદમાં આવેલ તમામ લારી ગલ્લા કે જે પોતાની દુકાનમાં ઠંડાપીણા આઈસ્ક્રીમ તેમજ નોનવેજની વસ્તુના વેચાણ પર તાત્કાલીક ધોરણે પ્રતિબંધ લગાવી દીધો છે. આ સાથે જ જો કોઈપણ દુકાનદાર આ નોટિસનું પાલન નહીં કરે તો ગ્રામ પંચાયત તેને ૫૦૦ રૂપિયાનો દંડ કરશે. નોંધનીય છે કે, આખી દુનિયા હાલ કોરોના વાયરસના ખતરા સામે ઝઝૂમી રહી છે. ભારતમાં પણ કોરોના વાયરસે પગ પેસારો કરી દીધો છે, પરિસ્થિતિ દિવસે દિવસે વધુ વિકટ બની રહી છે, ત્યારે પીએમ નરેન્દ્ર મોદીએ ગુરુવારે દેશને આપેલ સંદેશમાં લોકોને 'જનતા કર્ફ્યૂ' કરવાની અપીલ કરી છે.

૨૦૧૯માં અમદાવાદમાં દરરોજ મેલેરિયાના ૧૪, ટાઈફોઈડના ૧૩,ડેન્ગ્યુના ૯ કેસ નોંધાયા

અમદાવાદ

મેલેરિયાને નાબૂદ કરવા માટે ભલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મહત્ત્વાકાંક્ષી પ્લાન તૈયાર કર્યો હોય પરંતુ ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા આંકડા કંઈક અલગ જ કહાણી કહે છે. ૨૦૧૮ અને ૨૦૧૯માં અમદાવાદમાં રોજ મેલેરિયાના ૧૪, ટાઈફોઈડના ૧૩, કમળાના ૯ અને ડેન્ગ્યુના સરેરાશ ૮ કેસ નોંધાયા હતા. રાજ્યના આરોગ્ય વિભાગે ખુલાસો કર્યો કે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં ડેન્ગ્યુના લીધે ૧૫નાં મોત (૨૦૧૯માં ૧૧ અને ૨૦૧૮માં ૪) થયા. જ્યારે ઝેરી મેલેરિયાના લીધે ૩ (૧ ૨૦૧૯માં અને બે ૨૦૧૮માં) મોત થયા છે.

વિધાનસભામાં રજૂ કરાયેલા આંકડા પ્રમાણે, ૨૦૧૯માં ટાઈફોઈડના કેસમાં ૨૯.૩૪ ટકાનો અને ડેન્ગ્યુના કેસમાં ૧૭.૯૪%નો વધારો નોંધાયો છે. ૨૦૧૮ની સરખામણીમાં ૨૦૧૯માં ડેન્ગ્યુના કેસમાં ૧૭૫%નો વધારો જોવા મળ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે, છસ્ઝ અને વિધાનસભામાં રજૂ કરાયેલા આંકડામાં વિષમતા છે. ૨૦૧૯માં અમદાવાદમાં ડેન્ગ્યુના કેસમાં ૪૫ ટકા વધારો થયો હતો. ૨૦૧૯માં ડેન્ગ્યુના ૪,૫૩૭ કેસ નોંધાયા જયારે ૨૦૧૮માં ૩,૧૩૫ કેસ હતા.

કોરોનાની અસરઃ રાજકોટ, સુરત, પોરબંદર, વડોદરામાં કલમ-૧૪૪ લાગૂ

ગાંધીનગર

રાજકોટ અને સુરત બાદ અમદાવાદમાં સરકારે કલમ ૧૪૪ની કલમ લાગુ કરે તેવી સંભાવના છે. આ અંગે સત્તાવાળાઓએ તૈયારીઓ કરી લીધી છે. અમદાવાદમાં કોરોનાના ૨ કેસ પોઝિટીવ આવ્યા બાદ તુરંત જ છસ્ઝએ બેઠક બોલાવી લીધી છે. ગુરુવારે રાજકોટ અને સુરતમાં ૧૪૪ લાગૂ કર્યા બાદ અમદાવાદ ૧૪૪ની કલમ લાગુ કરાય તેવી શક્યતા છે. ગુજરાતમાં કોરોનાના કુલ પાંચ કેસ પોઝીટીવ આવ્યા છે. જેમાં અમદાવાદમાં ૨, રાજકોટ, સુરત અને વડોદરામાં ૧-૧ કેસ સામે આવ્યો છે.

બીજી બાજુ પોરબંદરમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ છે. પોરબંદરમાં કોરોના વાયરસને લઈને કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ છે. પોરબંદરમાં સાવચેતીના ભાગરૂપે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પોરબંદરમાં ૧૪૪ લાગૂ હોવાથી જિલ્લા વિસ્તારમાં ૪થી વધુ લોકો ભેગા થશે તો કાર્યવાહી થશે. કોરોના વાઈરસને લાઈનર વહીવટી તંત્રએ ૧૪૪ લાગુ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદીઓએ વધુ સતર્ક રહેવાની જરૂર છે. અમદાવાદમાં કોરોનાના ૨ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બંને દર્દીઓ હાલ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. દર્દીના પરિજનોને ક્વોરેન્ટાઈન કરવાની કામગીરી ચાલુ છે. જેથી ૫૫૯ મુસાફરો વિદેશથી આવ્યા તેમાથી ૬૩ ઓબ્ઝર્વેશન હેઠળ છે. ૪૯૨ લોકોને ઘરે ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા છે.

બે અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત

અજાણ્યા વાહને એક્ટિવાને ટક્કર મારતા યુવાનનું મોત

વડોદરા

નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર મોડી રાત્રે અને વહેલી સવારે થયેલા ૨ અકસ્માતમાં એક યુવાન સહિત બે વ્યક્તિઓના મોત નીપજ્યાં હતા. વહેલી સવારે બે ભાઈઓ એક્ટીવા ઉપર જતા હતા. દરમિયાન અજાણ્યા વાહનની ટક્કર વાગતા એક્ટીવા પાછળ બેઠેલો એક ભાઈ ૨૦ ફૂટ ઉંચા બ્રિજ ઉપરથી પટકાયો હતો. જ્યારે બીજાને ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

વડોદરા શહેરના છાણી પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ છાણી ગામમાં મોટી કાછીયાવાડમાં રહેતો મિહિર કમલેશભાઈ ગાંધી(૨૩) અને તેનો ભાઈ અક્ષ ગાંધી વહેલી સવારે એક્ટિવા ઉપર ખેતીવાડી ઉત્પન બજાર સમિતીમાં ધંધા માટે જઈ રહ્યા હતા. દરમિયાન નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર ઓમકારપુરા પુલ પાસે પાછળથી કોઈ અજાણ્યા વાહને તેઓની એક્ટિવાને ટક્કર મારતા બંને ભાઈઓ પુલ ઉપર ફંગોળાઈ ગયા હતા. જેમાં એક્ટીવા પાછળ બેઠેલો મિહીર બ્રિજ ઉપરથી નીચે પટકાતા મોતને ભેટ્યો હતો. જયારે અક્ષને ઈજા પહોંચતા છાણી ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

મિહિર ગાંધીના દોઢ વર્ષ પૂર્વે જ લગ્ન થયું હતું. અને તેની પત્ની હાલ ગર્ભવતી છે. મિહિરના મોતના સમાચાર છાણી મોટી કાછીયાવાડમાં પ્રસરતા ગમગીની ફેલાઈ ગઈ હતી. ફળિયાના લોકો મિહિરના ઘરે ઉમટી પડ્યા હતા. મિહિરની પત્ની અને પરિવારજનોના હૈયાફાટ રૂદને સન્નાટો પાથરી દીધો હતો. આ બનાવ અંગે છાણી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આજે તને નહીં છોડું કહીને નરાધમે જાહેરમાં જ યુવતીનું ટી-શર્ટ ફાડી નાખ્યું

અમદાવાદ

એક તરફ સમગ્ર દેશની અંદર મહિલા સશક્તિકરણની વાતો કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ મહિલાઓ પર થતા અત્યાચારના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે. ક્યાંક મહિલાઓની છેડતી તો ક્યાંક મહિલાઓ પર દુષ્કર્મના બનાવો બની રહ્યા છે. અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં નરાધમોની વધુ એક કરતૂતનો કિસ્સો સામે આવ્યો છે.

સાબરમતી પોલીસ સ્ટેશનમાં એક યુવતીએ ફરિયાદ નોંધાવી છે કે, ગુરુવારે મોડી સાંજે લગભગ આઠ વાગ્યાની આસપાસથી તેના પાડોશમાં રહેતા એક મહિલા સાથે તે દવાખાને જઈ રહી હતી. આ દરમિયાન લલન નામના છોકરાએ તેને આંખથી ગંદો ઈશારો કર્યો હતો. ત્યારબાદ તેની સાથે ઉભેલા અન્ય ચાર નરાધમોએ તેને ઘેરી લીધી હતી. આ દરમિયાન યુવતી અને તેની સાથે રહેલી મહિલાએ આ યુવાનોને આવું ન કરવાનું કહેતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા.

જે બાદમાં લલન નામના યુવાને યુવતીનો હાથ પકડી લીધો હતો. આ સમય દરમિયાન યુવતીના ભાઈઓ આવી ગયા હતા, પરંતુ આરોપીઓએ તેમને પણ માર માર્યો હતો. એટલું જ નહીં લલન નામના છોકરાએ યુવતીનો દુપટ્ટો ખેંચી લીધો હતો. સાથે એવું કહ્યું હતું કે, 'આજે તો તને નહીં છોડું.' આવું કહીને યુવકે યુવતીની છાતી પર હાથ નાખવાનો પ્રયાસ કર્યો હતો. યુવતી ખસી જતાં આરોપીના હાથમાં યુવતીનું ટી-શર્ટ આવી ગયું હતું. આરોપીએ યુવતીનું ટી-શર્ટ ફાડી નાખ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ સાબરમતી પોલીસને કરતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

આધારકાર્ડ સેન્ટર બંધ કરાયા,જાહેરમાં થૂંકતા ૪૩ લોકો પાસેથી રૂ. ૨૧,૫૦૦નો દંડ વસૂલાયો

રાજકોટ

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર ઉદીત અગ્રવાલ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં આગામી ૩૦ માર્ચ સુધી આધાર કાર્ડ સેન્ટર કરાયા બંધ છે. લોકોની ભીડ ન વધે તે માટે બંધ છે. જંગલેશ્વર વિસ્તારમાં ૨૪ કલાક આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવશે. જંગલેશ્વર વિસ્તારમાં આવેલ આરોગ્ય કેન્દ્ર ૨૪ કલાક ખુલ્લા રાખવા સૂચના આપવામાં આવી છે. લોકોને ટેક્સ ચૂકવવા કે ફરિયાદ કરવા ઓનલાઈન માધ્યમ અપનાવવા સૂચન કરાયું છે. ગાર્ડન બંધ ચા-પાનના ગલ્લા બંધ કરવા આદેશ કરવામાં આવ્યો છે. નાગરિકો પોતાની ફરિયાદ નોંધાવવા મહાનગરપાલિકાના ચોવીસ કલાક કાર્યરત્ત રહેતા કોલ સેન્ટરના ફોન નંબર ૦૨૮૧ ૨૪૫૦૦૭૭ ડાયલ કરી શકે છે. મવડી ઉમિયા ચોક ખાતે કોરોના વાયરસની સામે રાજકોટની પ્રજાજનોને સાવચેતીના ભાગરૂપે ૧૦ હજાર માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના વાઈરસને અટકાવવાના ભાગરૂપે કમિશનર ઉદિત અગ્રવાલ દ્વારા જાહેરમાં થૂંકનાર સામે કડક પગલા લેવા અંગે આદેશ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને પૂર્વ ઝોનની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા તા. ૨૦ માર્ચના રોજ જાહેરમાં થૂંકવાના જાહેરનામાના ભંગ સબબ ત્રણેય ઝોનમાં ૪૩ આસામીઓ પાસેથી કુલ રૂ. ૨૧,૫૦૦નો દંડ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવી છે.

જનતા કર્ફ્યુનો ચુસ્તપણે અમલ થશેઃ રૂપાણી

૨૨ માર્ચે જનતા કરફ્યુંઃ એસ.ટી સહિત રાજ્યની તમામ બસ સેવા બંધ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ આજે ગુરુવારે રાત્રે ૮ વાગ્યે દેશવાસીઓને સંબંધોન કર્યા હતા. તેમણે મહત્વની વાત જણાવી હતી. વૈશ્વિક મહામારી સામે લડવા માટે સંકલ્પ અને સંયમની વાતને મહત્વ આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે જનતા કર્ફ્યૂ કરવાની અપીલ કરી હતી. વડાપ્રધાનની આ અપીલના સંદર્ભમાં પ્રતિક્રિયા આપતા રાજ્યનાના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે રવિવારે દેશમાં અને ગુજરાતમાં જનતા કર્ફ્યૂ રહેશે. રવિવારે જનતા કર્ફ્યૂના દિન ગુજરાતમાં જાહેર પરિવહનની તમામ સેવાઓ બંધ રાખવાનો આદેશ મુખ્યમંત્રી આપ્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ' રાજ્યમાં આગામી રવિવારે જનતા કર્ફ્યૂનો ચુસ્તપણે અમલ થશે. જનતા કર્ફ્યૂ અંતર્ગત રાજ્યમાં એસટી. સીટી બસ સુવિધા અને અન્ય તમામ ટ્રાન્સપોર્ટેશન બંધ રહેશે. અમદાવાદની એએમટીએસ અને બીઆરટીએસની સુવિધાઓ પણ જનતા કર્ફ્યૂના દિને બંધ રહેશે. લોકો સાંજે ૫ વાગ્યે થાળી, ઘંટ ખખડાવી કે પછી તાળીઓ પાડી અને કોરોના વાયરસની લડતમાં દેશ એક છે એ સંદેશો આપવા માટે આગળ આવે.

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલની ત્રણ વર્ષ જૂના કેસમાં ધરપકડ

ટંકારા

કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલની રામોલ પોલીસ અને બોપલ પોલીસ ધરપકડ કરવા પહોચી છે. ત્રણ વર્ષ જુના ટંકારા કોર્ટમાં ચાલતા કેસને અનુલક્ષીને તેની ધરપકડ કરવાં આવી છે. જો કે ઉલ્લેખનિય છે કે બંને પોલીસ તેની ધરપકડ કરવા માટે સાથે જ પહોચી હતી. હાર્દિક છેલ્લા કેટલાય સમયથી ભૂગર્ભમાં છે અને તેના કોઈ સમાચાર નથી. આ પહેલાં હાર્દિક પટેલને ગુજરાતમાં રાજ્યસભાનો ઉમેદવાર બનાવવાની પણ વાત હતી ત્યારે પણ હાર્દિક પટેલ ક્યાં છે તે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો.

અમદાવાદ સેશન્સ કોર્ટે હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કર્યા હતા. કોર્ટ મુદતમાં હાજર ન રહેતા ધરપકડ હાર્દિકની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, હાર્દિકના વકીલે કોર્ટમાં બાંયધરી આપતા કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. હાર્દિકના વકીલે કોર્ટને કહ્યું હતું કે, હવે પછી આવી ભૂલ નહિ થાય. કોર્ટ મુદ્દત વખતે હાર્દિક ફરજિયાત હાજર રહેશે તેવો વકીલે કોર્ટને વિશ્વાસ અપાવ્યો હતો.

માસ્ક-સેનેટાઈઝરના કાળાબજાર સામે કાર્યવાહી, ૭૩ મેડિકલ સ્ટોર બંધ

અમદાવાદ

કોરોના વાઈરસે ગુજરાતમાં પણ પગપેસારો કર્યો છે. ત્યારે કોરોના વાઈરસના સંક્રમણથી બચવા લોકો માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ કરી રહ્યાં છે. તેનો ગેરફાયદો ઉઠાવીને ઉત્પાદકો તેમજ મેડિકલ સ્ટોર્સ કાળાબજાર કરતાં હોવાની ફરિયાદોના પગલે ૭૩ મેડિકલ સ્ટોર બંધ કરાઈ છે.

ઔષધ નિયમન તંત્રની ૨૫ ટીમોએ મોટા શહેરોની ૩૫૫ દુકાનોમાં તપાસ કરી છે અને ૭૩ મેડિકલ સ્ટોર્સ તાત્કાલિક અસરથી બંધ કરાવ્યા છે. બંધ કરાયેલા મેડિકલોમાં અમદાવાદમાં ૩૦, સુરતમાં ૧૮, રાજકોટમાં ૧૫ અને વડોદરામાં ૧૦ દુકાનોમાં કાળાબજાર ધ્યાને આવ્યા છે. સાથે જ ચેકિંગ દરમિયાન બનાવટી હેન્ડ સેનિટાઈઝરનો જથ્થો જપ્ત કર્યો છે અને ચકાસણી માટે મોકલાયો છે.

જેલમાં કેદીઓ અને પોલીસે માસ્ક પહેર્યા

રાજકોટમાં રેલ્વે સ્ટેશન પર થર્મલ સ્ક્રિનિંગનો અભાવ

રાજકોટ

રાજકોટ રેલવે સ્ટેશનની ઘોર બેદકારી સામે આવી છે. ટ્રેનમાંથી ઉતરતા એક પણ મુસાફરની તપાસ કરવામાં આવતી નથી. તેમજ થર્મલ સ્કીનિંગનો પણ અભાવ છે. જો થર્મલ સ્કીનિંગ મુકવામાં આવ્યું હતો તો યુવાનનો કોરાનોના કેસ ૧૦ દિવસ પહેલા જ આવી ગયો હોત અને વહેલી સારવાર થઇ શકી હોત. યુવાન પોતાન ઘરે જાત તે પહેલા જ કોરાનોનો શંકાસ્પદ કેસ બહાર આવી જાત. યુવાન સૌરાષ્ટ્ર મેલમાં જ મુંબઈથી આ રેલવે સ્ટેશને ઉતર્યો હતો. બીજી તરફ રાજકોટ સેન્ટ્રલ જેલમાં કેદીઓ અને પોલીસને માસ્ક આપવામાં આવ્યા છે અને સેનિટાઈઝરની પણ વ્યવસ્થા ઉભી કરાઇ છે. કોરોના વાઈરસની તકેદારીના ભાગરૂપે સેન્ટ્રલ જેલમાં માસ્ક અને સેનિટાઈઝરથી સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. પોલીસ પણ માસ્ક પહેરીને કેદીઓ પર નજર રાખશે. માસ્ક પહેરી પોલીસ કેદીઓને વાઈરસ અંગે જાગૃત કર્યા છે. તેમજ રેલવે સ્ટેશનમાં મુખ્ય ગેટ પર સેનેટરી નેપકીનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. થોડા અંતરે વાઈરસને લઈ જાગૃતિના બોર્ડ મુકવામાં આવ્યા છે. તેમજ મુસાફરોનો ધસારો પણ ઓછો થયો છે.

રાજકોટ દર્દીના સંપર્કમાં આવેલ ૪ લોકોને મોરબીમાં આઈસોલેશન હેઠળ રખાયા

મોરબી

રાજકોટમાં કોરોના વાયરસનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો છે. પોઝિટિવ આવેલા વ્યક્તિના સંપર્કમાં આવેલા મોરબીની મહિલા અને ત્રણ પુરુષો સહિત કુલ ચાર ઈસમોને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. ઉપરાંત આ ચાર લોકો જેના સંપર્કમાં આવ્યા હતા તેવા તેમજ ફોરેન ટ્રીપ કરી પરત આવેલા લોકો મળીને કુલ ૧૩ વ્યક્તિઓને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. તેમના પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

મોરબીમાં યુવાનનો કોરોનાનો મેડિકલ રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ રાજકોટમાં જંગલેશ્વરના એક ઈસમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા જ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં તંત્ર દોડતું થયું છે. આ વ્યક્તિ મક્કા-મદીનાથી પરત રાજકોટ આવ્યા બાદ તેની સાથે મુસાફરી કરી રહેલા લોકોને ટ્રેસ કરવાની કાર્યવાહી સરકાર અને તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આજે મોરબીના એક મહિલા અને એક પુરુષ તેમજ વાંકાનેરના બે પુરુષ મળી કુલ ચાર ઈસમોને મોરબી સિવિલમાં આવેલ આઈસોલેશન વોર્ડમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. બીજી બાજુ આ ચાર લોકો મોરબી આવ્યા બાદ જેના જેના સંપર્કમાં આવ્યા હતા તેવા એક બાળક સહિત ૯ લોકોને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર તમામ મોટા દેવસ્થાનો ૩૧ માર્ચ સુધી બંધ

ગાંધીનગર

ઈતિહાસમાં પ્રથમવાર કોરોના વાયરસના પગલે અંબાજી મંદિર બંધ કરવાનો વહીવટી તંત્રે નિર્ણય લીધો છે. અંબાજી મંદિર એકાવન શકિતપીઠો પૈકીનું એક મહત્વનું સ્થાન છે. અહીં ભાદરવી મહા કુંભમાં ૨ પથી ૩૫ લાખ લોકો ચાલતા આવે છે. જેમાં સમ્રદિવસીય મહાકુંભનો પુનમીયા મેળો વિશ્વ ફલક પરસહુથી મોટા ધાર્મિક ઉત્સવ તરીકે નામાંકિત છે. સમ્રદિવસીય આ મહાકુંભમાં વિવિધ પુનમીયા સંઘો અને પદયાત્રીઓ દૂરદૂરથી આવી પોતાની કઠિન યાત્રા અહીં પુરી કરી ધન્યતા અનુભવે છે. અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં ચેત્રી નવરાત્રી, આષો નવરાત્રી, મહિનાની પૂનમ સહિતના વિવિધ ધાર્મિક પ્રસંગોમાં પણ લાખો યાત્રિકો નિજ મંદિરમાં દર્શનાર્થે આવે છે.

ત્યારે સૌ પ્રથમવાર અંબાજી મંદિરમાં આવતા યાત્રિકોની સુરક્ષા અને સાવચેતીની ન્યાયિક ચિંતા સરકારે કરી છે. હાલ કોરોના વાઈરસ તેના બીજા પડાવમાં છે. આ જીવલેણ વાઈરસ ભીડભાડમાં વધુ લોકોમાં પ્રસરતો હોઈ, અહીં આવતા યાત્રિકોની આ મામલે ચિંતા કરી જિલ્લા કલેકટર અને અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ ચેરમેન સંદીપ સાગલેએ સરકાર સાથે સંકલન કરી, સરકારની સૂચનાએ આવતીકાલથી અંબાજી મંદિર બંધ કરવાનો "જાહેરહિત"નો ઐતિહાસિક નિર્ણય લીધો છે. જોકે મંદિરમાં આરતી અને પૂજા ચાલુ રહેશે..

આજથી રાજ્યના ઈતિહાસમાં પહેલીવાર તમામ મોટા દેવસ્થાનો આગામી ૩૧મી માર્ચ સુધી બંધ રહેશે. રાજ્યમાં ૩૧મી માર્ચ સુધી બંધ રહેનારા આ મંદિરોમાં સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ, ડાકોર, અક્ષરધામ, ચોટીલા સહિતનાં તમામ મોટા મંદિરોનો સમાવેશ થાય છે.

કોરોના વાયરસના પગલે નિર્ણય લેવાયો

અમદાવાદ કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર,કલેક્ટર કોર્ટ અને હેરિટેજ વોક બંધ

અમદાવાદ

અમદાવાદમાં કોરોના વાયરસનાં બે પોઝિટિવ કેસ નોંધાયા બાદ અમદાવાદ તંત્ર દ્વારા કડક દિશા નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરના ગલ્લાઓ બંધ રાખવાનો આદેશ કરાયો છે. તો સાથે જ અમદાવાદ કલેક્ટર દ્વારા કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર અને કલેક્ટર કોર્ટ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તો અમદાવાદ હેરિટેજ વિભાગ દ્વારા હેરિટેજ વોક પણ બંધ કરી દેવામાં આવી છે.

અમદાવાદમાં કોરોના વાયરસનાં બે પોઝિટિવ કેસ નોંધાયા બાદ અમદાવાદ કલેક્ટર કે.કે.નિરાલાએ કલેક્ટર કચેરી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. કલેક્ટર કચેરીનું જનસેવા કેન્દ્ર લોકો માટે બંધ રહેશે. સાથે જ કલેક્ટર કોર્ટને પણ ૧૦ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય અમદાવાદ કલેક્ટરે કર્યો છે. કલેક્ટર કચેરીમાં ભીડ વધે નહીં તે માટે કલેક્ટર નિરાલા દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે જ અમદાવાદ કલેક્ટરે લોકોને બિનજરૂરી ભીડ ન કરવા અને જરૂરી ગાઈડલાઈન પાળવા અપીલ કરી હતી. સાથે જ રવિવારે જનતા કર્ફ્યુમાં લોકોને સહકાર આપવા માટે પણ જણાવ્યું હતું.

તો કોરોના વાયરસને પગલ અમદાવાદ હેરિટેજ વિભાગે પણ હેરિટેજ વોક બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં હેરિટેજ વિભાગે ૩૧ માર્ચ સુધી હેરિટેજ વોક બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતમાં પાન મસાલાની દુકાનો, મોલ, પાર્ટી પ્લોટ સહિતના જાહેર સ્થળો બંધ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસ મળ્યા બાદ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં સાચવેતીના ભાગરૂપે કેટલાક પગલા હાથ ધરવામાં આવ્યા છે. અમદાવાદમાં તમામ ખાનગી, જાહેર, મ્યુનિ. સહિતની માલિકીના તમામ જીમ, ખાનગી ક્લબ, સ્વિમિંગ પૂલ પર ૩૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મ્યુનિસિપલ સિવિક સેન્ટર્સને ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. તમામ પાનના ગલ્લા-લારી-દુકાનો તાત્કાલિક અસરથી બંધ કરાશે. સુરતમાં મલ્ટીપ્લેક્સ,સિનેમા અને નાટ્યગૃહો, જીમ, સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, સ્વિમિંગ પુલ, ડાન્સ ક્લાસીસ, ગેમ ઝોન, ક્લબ હાઉસ, શૈક્ષણિક સંસ્થાઓ, ટ્યુશન ક્લાસ વગેરે સ્થળોએ તમામ શૈક્ષણિક કાર્ય ૧૯ થી ૨૯ માર્ચ સુધી બંધ રહેશે.

હોટલ,રેસ્ટોરન્ટ, ખાણી-પીણીના સ્થળો, જાહેર ખાનગી સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકોની ભીડ થતી હોય તેવા સ્થળો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યા છે. રાજકોટમાં થીએટર, મોલ, ૧૭૦ બગીચા, રેસકોર્સ ગ્રાઉન્ડ, પાનના ગલ્લા, ચાના થડા બંધ રાખવા આદેશ કરાયો છે. આ ઉપરાંત રાજ્યભરના મોટાભાગના મંદિરો બંધ રાખવા પણ જણાવવામાં આવ્યું છે. વડોદરામાં પણ તમામ મોલ બંધ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

આપઘાત કરવાની ધમકી આપી યુવકે યુવતિ સાથે લગ્ન કરી માર માર્યો

અમદાવાદ

શહેરના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. એક યુવતી પીજીમાં રહેતી હતી ત્યારે એક યુવકના સંપર્કમાં આવી હતી. આ યુવક તેને એકતરફી પ્રેમ કરતો હતો. પણ યુવતી લગ્ન માટે હા-ના કહેતા આ યુવકે પ્રેમમાં પાગલ બનીને વીડિયો કોલ કર્યો હતો. યુવકે બારીમાંથી કૂદીને આપઘાત કરતો હોવાનો સીન ઉભો કરતા જ યુવતી લગ્ન માટે તૈયાર થઈ હતી. પણ બાદમાં નશો કરીને પત્નીને માર મારતા ગણતરીના દિવસોમાં જ આ સબન્ધોનો વિવાદ પોલીસસ્ટેશન પહોંચ્યો છે.

જજીસ બંગલો રોડ પર આવેલા આશ્રય એપાર્ટમેન્ટ માં રહેતી મહિલા અગાઉ આજ ફ્લેટમાં પીજી તરીકે રહેતી હતી. થોડા માસ પહેલા પાડોશી યુવક કુલદીપ પરીખ સાથે તે સંપર્કમાં આવી હતી. બાદમાં કુલદીપ પરીખ એ લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું. પણ આ વેલેન્ટીના એ મનાઈ કરી માતાપિતાના ત્યાં રહેવા જતી રહી હતી.

બાદમાં આ પ્રેમમાં પાગલ કુલદીપે વેલેન્ટીના ને વિડીયો કોલ કરી લગ્ન નહિ કરે તો આપઘાત કરી લઈશ તેવી ધમકીઓ આપી અને વિડીયો કોલ કરીને રસોડાની બારીમાંથી કૂદવા જતો હતો. અચાનક જ આ દ્રશ્યો જોઈને વેલેન્ટીના ગભરાઈ ગઈ અને ત્રીજી ફેબ્રુઆરીએ લગ્ન કરી ૧૧મી માર્ચથી કુલદીપ સાથે રહેવા જતી રહી હતી.

લગ્ન બાદ કુલદીપ કોઈ કામધંધો કરતો ન હતો. બાદમાં કોઈ ગોળીઓ ખાઈને નશો કરી વેલેન્ટીના ને માર મારતો હતો. વેલેન્ટીના ના જન્મદિવસે પણ તેના વાળ પકડી દીવાલમાં દબાવી દઈ તેના મોઢા પર કેક મારી હતી. જેથી વેલેન્ટીના એ કંટાળીને ત્રાસ આપતો વિડીયો યુ ટ્યુબ પર મુક્યો હતો. આખરે કંટાળીને વેલેન્ટીના એ વસ્ત્રાપુર પોલીસને જાણ કરતા પોલીસે કુલદીપ સામે ગુનો નોંધી તેની તપાસ હાથ ધરી છે.

કોરોના વાયરસની તપાસ

લાજપોર જેલમાં ૧૧૯૦ જેટલા કેદીઓનું સ્ક્રેનિંગ કરવામાં આવ્યું

સુરત

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનારા નોવેલ કોરોના વાયરસને કારણે લોકો ભયભીત બની ગયા છે. ત્યારે સુરત લાજપોર જેલમાં રહેલા કાચા, પાકા તેમજ બહારથી આવતા રોજિંદા કેદીઓનું સ્ક્રેનિંગ કરવામાં આવી રહ્યું હોવાનું જેલના એસીપીએ એમ.એલ નિનામાએ જણાવ્યું હતું.

લાજપોર જેલના જેલ સુપ્રિટેન્ડન્ટ અને આઈપીએસ એમ.એલ. નિનામાએ જણાવ્યું હતું કે, કોરોનાએ વિશ્વના ૧૭૨ દેશોને લપેટમાં લીધા છે અને વિશ્વમાં ૮ હજારતી વધુ લોકોના મૃત્યુ થયા છે. સુરત અને રાજકોટમાં પણ એક-એક કેસ પોઝીટીવ આવ્યા છે. લાજપોર જેલમાં કુલ ૨૬૭૯ કેદીઓ છે. જેમાં પુરૂષ કેદીઓની સંખ્યા ૨૫૭૮ તથા સ્ત્રી કેદીઓની સંખ્યા ૧૦૧ છે. કુલ ૨૫૭૮ પુરૂષ કેદીઓમાંથી ૧૭૭૨ કાચા કામના કેદીઓ છે. કોરોના વાયરસના અગમચેતી તથા તકેદારીના ભાગરૂપે આજે સવારથી ડોક્ટરોની ટીમ દ્વારા લાજપોર જેલના કેદીઓનું તબક્કાવાર સ્ક્રેનિંગ કરવામાં આવ્યું હતું. ૧૧૯૦ કેદીઓની સ્ક્રેનિંગની કાર્યવાહી પૂર્ણ થઈ હતી. જેમાં એક પણ કેદી શંકાસ્પદ જણાયો ન હતો. જોકે, બહારથી આવતા તમામ કેદીઓનું સ્ક્રેનિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂર જણાય તો તેઓને કર્વોન્ટાઈન હોલમાં રાખવામાં આવી રહ્યા છે. જેલમાં બે બેરેક કર્વોન્ટાઈન હોલ માટે રાખવામાં આવ્યા છે. જેમાં કુલ ૬૦ કેદીઓ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સરકાર તથા આયુર્વેદ વિભાગની માર્ગદર્શિકા તથા સૂચના મુજબ આગામી પાંચ દિવસ સુધી શનિવારથી 'ઉકાળો' આપવામાં આવશે. આ ઉકાળો જેલમાં રહેલા તમામ લોકો મળી કુલ ૪ હજાર વ્યક્તિઓને આપવામાં આવશે.

બહારથી આવી રહેલા કેદીઓનું સ્ક્રેનિંગ કરી જરૂર જણાય તો કર્વોન્ટાઈન હોલમાં રાખવામાં આવી રહ્યા છે અને થોડા દિવસો બાદ તેઓને રેગ્યુલર બેરેકમાં ખસેડવામાં આવશે. આ ઉપરાંત કોઈ વધુ પડતા શંકાસ્પદ લક્ષણો કોરોનાના જણાઈ આવે તો જ તેઓને સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે એવું આઈપીએસ અને જેલ અધિક્ષક એમ.એલ. નિનામાએ જણાવ્યું હતું.

કોરોના વાયરસ સામે લડવા તાપી જિલ્લા કલેક્ટરે બેઠકમાં સમીક્ષા કરી

નાગરિકોએ કોરોના વાયરસથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી

સુરત

તાપી જિલ્લામાં કોરોના વાયરસ સામે તકેદારી, સલામતી અને સાવચેતી માટે જિલ્લા વિકાસ અધિકારી નેહાસિંઘની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં તેમણે જણાવ્યું કે, તાપી જિલ્લામાં વહીવટી તંત્રના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય તંત્ર અને સંબધિત વિભાગો દ્વારા કોરોનાને અટકાવતી તકેદારીઓનું સંકલિત રીતે પાલન કરવા કરાવવામાં આવી રહયું છે.

કોરોનાને અટકાવવાની સાવચેતીના માટે કેન્દ્ર/રાજય સરકારની માર્ગદર્શિકાનો ચુસ્ત અમલ કરવા જણાવી નાગરિકોને ભયભીત થવાને બદલે સતર્ક રહેવા અને અફવાઓથી દુર રહેવા તથા સરકાર દ્વારા મુદ્રિત અને વિજાણુ માધ્યમો દ્વારા સાવચેતીના જે ઉપાયોની અધિકૃત્ત જાણકારી આપવામાં આવે છે તે મુજબ યોગ્ય તકેદારી લેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય આરોગ્યતંત્ર દ્વારા અટકાયતી તકેદારીઓનો સઘન અમલ કરવામાં આવી રહયો છે. સાવચેતીના પગલારૂપે સરકારી અને ખાનગી દવાખાનાઓમાં આઈસોલેશન વોર્ડ, લોજીસ્ટીક્સ અને તબીબી સેવાઓને સુસજજ કરવામાં આવી છે. તબીબો અને પેરામેડિકલ સ્ટાફને જરૂરી તાલીમ અને સેન્સેટાઈઝેશન કરવામાં આવી રહયું છે. આ પ્રકારનું કૃત્ય કરનાર સામે કાયદાકીય જોગવાઈ પ્રમાણે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. સમગ્ર જિલ્લામાં તમામ કચેરીઓમાં, જાહેર સ્થળોએ સફાઈની બાબતમાં ચુસ્તપણે અમલ કરવાની જવાબદારી સોપી રોજે રોજનો રીપોર્ટ લાઈઝન અધિકારીઓને સોંપવા સુચના આપી ડીડીઓશ્રી સતત નિગરાની રાખી રહ્યા છે.

પ્રવાસીઓ જેમાં રોકાણ કરે છે તેવી હોટલ્સને સંબંધિત એંડવાઈઝરીનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. મેળાઓ, જાહેર સભાઓ, વર્કશોપ, સેમિનાર સહિત સમૂહ એકત્રિત થાય તેવા કાર્યક્રમો ન યોજવા વિભાગોને જણાવવામાં આવ્યું છે અને ખાનગી સંસ્થાઓ, મંડળો ઈત્યાદિ દ્વારા તેનું પાલન કરાય તે જોવા સલંગ્ન અધિકારીઓને સુચના આપી હતી.

માસ્ક અને સેનેટાઈઝર્સનો સમાવેશ પ્રાઈઝ અને સ્ટોક કંટ્રોલ રિજિમ હેઠળ આવશ્યક ચીજવસ્તુઓ હેઠળ કરવામાં આવ્યો છે. તેનો વધુ ભાવ લેવો, સંગ્રહ કરવો કે ગુણવત્તામાં બાંધછોડ કરવી એ ગુનાહિત છે, પુરવઠા, ખોરાક અને ઔષધ વિભાગ અને આરોગ્યતંત્ર દ્વારા આ બાબતમાં સંકલિત કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. એસ.ટી.તંત્રને પણ બસમથકો ખાતે જનરલ હેલ્થ ગાઈડલાઈન્સ પ્રમાણે વ્યવસ્થાઓ રાખવા જણાવવામાં આવ્યું છે. પાણી અને સાબુથી વારંવાર હાથ ધોવા અને તે જ્યાં ઉપલબ્ધ ન હોય તો વિકલ્પ તરીકે સેનેટાઈઝરનો ઉપયોગ કરવામાં આવે તે હિતાવહ છે. નાના મોટા ધાર્મિક મેળાવડા ન યોજવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

નાગરિકોએ કોરોના વાયરસથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી પરંતુ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળે તે જરૂરી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ પટેલે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા લેવામાં આવી રહેલ પગલાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. સમીક્ષા બેઠકમાં બેઠકમાં પ્રાંત અધિકારી હિતેશ જોશી સહિત સબંધિત વિભાગોના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સુરતમાં તા. ૨૯મી માર્ચ સુધી તમામ ટ્યુશન-કોચિંગ કલાસીસ પર પ્રતિબંધ

રહેણાંક વિસ્તારોમાં ઘરમાં ચાલતા ટ્યુશન ક્લાસ પણ ચાલુ રાખી શકાશે નહીં

સુરત

ભારત સરકાર અને વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લઈ કોરોના વાયરસનો ચેપ ફેલાય નહિ તે અટકાવવા માટે સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામા દ્વારા સમગ્ર જિલ્લામાં વ્યાવસાયિક અને રહેણાંક વિસ્તારોમાં ચાલતા તમામ ટ્યુશન/કોચિંગ કલાસીસના શૈક્ષણિક કાર્ય કરવા ઉપર તા.૧૯/૩/૨૦૨૦ થી તા.૨૯/૩/૨૦૨૦ સુધી સંપુર્ણપણે પ્રતિબંધ ફરમાવ્યો છે. આ સમય દરમિયાન રાજય સરકારની સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. આગામી રાજય સરકારની સૂચનાઓ પછી તેઓને કાર્યરત થવા દેવામાં આવશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

હુકમ સુરત જિલ્લા (ગ્રામ્ય) ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે ઈ.પી.કો.કોલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઉધના, સચીનમાંથી ૧૧ જુગારી ઝડપાયા

સુરત

ઉધના-સચીન પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડી ૧૧ જુગારીની ધરપકડ કરી રોકડા રૂપિયા ૪૪,૩૭૦ કબજે કર્યા હતા. ઉધના પોલીસે શક્તિનગરમાં જુગાર રમતાં રણજીત નાહક, વિવેક મોચીરામ, મનોજ રાઉત, જગન્નાથ અંતર, વરૂણ મંહાતી, સુદામ પ્રકાશની ધરપકડ કરી રોકડા રૂપિયા ૨૬૩૯૦ કબજે કર્યા હતા. સચીન પોલીસે દેવીદર્શન સોસાયટીમાં જુગાર રમતા રાજેન્દ્ર રોકડે, શિવરામ મંસુરે, રઘુરામ મંસુરે,તુલસીરામ શિવરામ, રાજારાવ ચૈતરાવની ધરપકડ કરી રોકડા રૂા.૧૭૯૮૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તા.૨૧મીએ ખેરગામમાં દિવ્યાંગ કેમ્પ યોજાશે

નવસારી

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને સિવિલ હોસ્પિટલ નવસારી દ્વારા આરોગ્ય કેન્દ્ર ખેરગામ ખાતે તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી દિવ્યાંગ કેમ્પ રાખવામાં આવ્યો છે. જેમાં દિવ્યાંગ ભાઈ-બહેનોએ પ્રમાણપત્ર મેળવવા ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા, રેશનકાર્ડ અસલ, આધારકાર્ડ અને ઝેરોક્ષ નકલ સાથે હાજર રહેવા જણાવાયું છે.

સચીનમાંથી ૨૮ વર્ષનો યુવક ભાવેશ રાઠોડ ગુમ

સુરત

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ ભાથીજી મહોલ્લો, રાઈસ મિલ રોડ, સચિન ખાતે રહેતા ૨૮ વર્ષીય ભાવેશભાઈ નીલેશભાઈ રાઠોડ પોતાના ઘરેથી કોઈને કઈ પણ કહ્યા વગર ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે શરીરે બ્લુ રંગનું ટીશર્ટ અને બ્લેક રંગનું જીન્સ પેન્ટ તથા બ્લુ રંગના બુટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

સરકારી કચેરીમાં અન અધિકૃત વ્યક્તિએ પ્રવેશ કરવા નહીં

હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાનૂની પગલા ભરાશે

સુરત

સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામાં દ્વારા જણાવ્યું છે કે, સૂરત શહેર પોલીસ કમિશ્નરેટના કાર્યક્ષેત્રમાં આવતી જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીગમાં આવેલી સરકારી કચેરીઓ, જિલ્લા સેવા સદન-૨, મહાનગર પાલિકાની કચેરીઓ અને ઝોન ઓફિસો, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત વ્યક્તિઓ, કે વ્યક્તિઓની ટોળી આ કચેરીઓમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૧૩/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા વ્યક્તિઓ શિક્ષાને પાત્ર થશે.

શિષ્યવૃત્તિ પરીક્ષામાં ગરીબ કુટુંબનો છોકરો આશિષ હિરે પ્રથમ ક્રમાંકે

સુરત કોર્પોરેશનમાં ૧૫૦ ગુણો સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીનું સન્માન

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ , સુરત સંચાલિત ડો. કે. બી. હેડગેવાર પ્રા. શાળા નં. ૨૬૪ સાંઈબાબાનગરના ૬ વિદ્યાર્થીઓએ NMMS ૨૦૧૯ મેરીટમા સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં એક સામાન્ય કુટુંબમાંથી આવતો વિદ્યાર્થી આશિષ ધનરાજ હિરે સુરત કોર્પોરેશનમાં ૧૫૦ ગુણો સાથે દક્ષિણ ગુજરાતમાં દ્વિતીય અને સુરત જિલ્લામાં પ્રથમ ક્રમાંક સાથે મેરીટમાં ઉત્તીર્ણ થયેલ છે, તેના પિતા ધનરાજભાઈ હિરે સામાન્ય સલૂનની દુકાન ચલાવી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમના પુત્રે આજે પિતાનું , શાળાનું, સમાજનું નામ રોશન કર્યું છે, આ વાત બતાવે છે કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું શાળાઓ પણ કોઈ ક્ષેત્રે પાછળ નથી, આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ વિદ્યાર્થી આશિષ ધનરાજ હિરે તેમજ શાળાના તમામ મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓ, શાળા નં. ૨૬૪ ના મુખ્યશિક્ષક શ્રી વિજય પાટીલ, શાળાના તમામ શિક્ષકો અને માર્ગદર્શક શિક્ષક રામ રાણેને સુરત શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી છોટુભાઈ પાટીલ, સુરત મહાનગરપાલિકાના જાહેર બાંધકામ કમિટીના ચેરમેન સોમનાથભાઈ મરાઠે, કોર્પોરેટરશ્રીઓ શ્રી સુરેશભાઈ કણસાગરા, શ્રીમતી રોહીણીબેન પાટીલ શ્રીમતી મગનાદેવી શુકલા અભિનંદન પાઠવે છે.

સુરત શહેરમાં ભરાતા તમામ સાપ્તાહિક બજારો તા.૩૧ 'મી માર્ચ સુધી બંધ રહેશે

રવિવારે જનતા કરફ્યુ વખતે સુરત મહાનગરપાલિકાની બસ સેવા પણ બંધ રાખવામાં આવશે

સુરત

કોરોના વાયરસથી બચવા સાવચેતી રાખવા અને લોકોને ભીડભાડથી દૂર રહેવા કેન્દ્ર સરકાર દ્વારા એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ મોદી દ્વારા ૨૨ માર્ચ રવિવારે જનતા કર્ફ્યુનું અપીલ કરતા મહાનગરપાલિકા સંચાલિત સીટી બસ બીઆરટીએસ સેવા પણ રવિવારે બંધ રહેશે.

સુરત મહાનગર પાલિકાના ડેપ્યુટી ઈન્ચાર્જ કમિશનર કમલેશ નાયકના જણાવ્યા અનુસાર રવિવારે ૨૨મી માર્ચના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને સવારે ૭થી રાત્રે ૯ વાગ્યા સુધી સ્વૈચ્છીક રીતે કોરોના સંક્રમણ અટકાવવા ઘરોમાં રહીને જનતા કર્ફ્યુની અપીલ કરવામાં આવી છે. આ અપીલના પગલે મહાનગરપાલિકા સંચાલિત બીઆરટીએસ અને સીટી બસ સેવા રવિવારે સંપૂર્ણ રીતે બંધ રહેશે જેની શહેરીજનોએ નોંધ લેવી.

મહાનગરપાલિકા કમિશનર બંચ્છાનિધિ પાની દ્વારા પોતાને મળેલ સત્તાની રૂએ હાલની કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ સાવચેતીના પગલારૂપે લોકો ભીડભાડવાળી જગ્યાએ એકત્રિત ન થાય તેની તકેદારી લેવામાં આવી છે. શહેરના તમામ વિસ્તારોમાં ભરાતા મંગળવારી, ગુરૂવારી, શનિવારી, રવિવારી જેવા સાપ્તાહિક હાટ બજારો ૨૧-૩-૨૦૨૦ થી તા.૩૧-૩-૨૦૨૦ સુધી ભરી શકાશે નહીં. આ વિસ્તારના મુખ્ય રસ્તાઓ રાહદારીઓ માટે ચાલુ રહેશે જેની શહેરીજનોએ નોંધ લેવી.

બ્લ્યુ વ્હેલ, ઓનલાઈન ચેલેન્જ જેવી ગેમો રમવા પર પ્રતિબંધ

સુરત

સુરત શહેરમાં જાહેર હિત અર્થે યુવા અને બાળકોના કુમળા માનસ પર વિપરીત અસર કરતી પબજી કે આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરતી બ્લ્યુ વ્હેલ કે ઓનલાઈન ચેલેન્જ જેવી ગેમો રમવા પર, મોબાઈલમાં ઈન્સ્ટોલ કરવા પર મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા)શ્રી પી.એલ.ચૌધરીએ એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ જાહેર કર્યો છે.

જાહેરનામા પ્રમાણે પબજી તેમજ બ્લ્યુ વ્હેલ/ બ્લ્યુ વ્હેલ ચેલેન્જ, ઓનલાઈન ચેલેન્જ મારફતે કયુરેટરના એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરીત કરવા અથવા સાથો સાથ જે પણ વ્યકિતને કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધિમાં ભાગ લે છે તેવું ધ્યાને આવે તો નજીકના પો.સ્ટેશનમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમમાં મૌખીક કે લેખિત જાણ કરવા જણાવાયુ છે.

જાહેર જનતાના તથા બાળકોના હિત માટે ઈન્ટરનેટ પ્રોવાઈડ કરતી તમામ મોબાઈલ કંપનીઓ તથા ગુગલ ઈન્ડિયા, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, માઈક્રોસોફટ જેવી તમામ કંપનીઓએ પબજી, બ્લ્યુ વ્હેલ ચેલેન્જ ગેમ તથા તેના નામે મળતી આવતી અન્ય રમતોની કોઈ પણ લિંક પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવાતી હોય તો તે હટાવી દેવાની રહેશે. અપવાદ તરીકે ગુનાની તપાસની કામગીરી તથા શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ લાગુ પડશે નહી. આ હુકમ તા.૦૯/૦૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

જીઆઈડીસી પોલીસે આઈસર ટેમ્પો અને ભંગારનો જથ્થો જપ્ત કર્યો, ટેમ્પોચાલકની અટકાયત ...

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા રોડ પર આવેલ નોબલ માર્કેટ પાસે શંકાસ્પદ ભંગાર લઈ જતા આઈસર ટેમ્પા ચાલકને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડી કુલ ૩.૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ ભરકોદ્રા વિસ્તારમાં પેટ્રોલિગમાં હતી તે દરમિયાન શંકાસ્પદ ભંગાર સાથે પસાર થતા આઈસર ટેમ્પાને રોક્યો હતો. જીઆઈડીસી પોલીસે નોબલ માર્કેટ ખાતે રહેતા ટેમ્પા ચાલક ઝાકીરહુસેન મન્સૂરી પાસે ભંગાર જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા ભંગારના જથ્થો ચોરીનો હોવાની આશંકા સાથે પોલીસે રૂ. ૫૦ હજારનો ભંગારનો જથ્થો તેમજ આઈસર ટેમ્પો અને મોબાઈલ મળી ૩.૫૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી ટેમ્પા ચાલક ઝાકીરહુસેન મન્સૂરીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

બાંધકામ સાઈટ પર શ્રમિકોને પ્રાથમિક સુવિધા આપવી પડશે

સુરત મદદનીશ પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરત

સૂરત શહેરમાં બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણ જેવી જગ્યાઓ પર કામ કરતી મહિલા શ્રમિકોને વીજળી, પાણી, શૌચાલય, પીવાના શુદ્ધ પાણી જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત ન રહે તે માટે શહેરના મદદનીશ પોલીસ કમિશનર (વિશેષ શાખા)શ્રી પી. એલ. ચૌધરીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચાલતા માર્ગ અને મકાનના બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મહિલા મજૂરો તેમજ તેમના બાળકો માટે લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વીજળી, રહેણાંક અને શૌચાલયને લગતી પ્રાથમિક સુવિધાઓ ફરજીયાત પૂરી પાડવાની રહેશે. જાહેરમાનાનો અમલ તા.૦૯/૦૫/૨૦૨૦ સુધી રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

નવસારી બસ સ્ટેન્ડ પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

મુસાફરોને પણ સ્વચ્છતા રાખવા ખાસ અનુરોધ

નવસારી

કોરોના વાઈરસના પગલે સમગ્ર વિશ્વભરમાં આ રોગને અટકાવવા માટે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે નવસારી જિલ્લા એસ.ટી.વિભાગે પણ સાવધ રહેવાની સાથે સાથે પોતાના તંત્રને સાબદુ કરી દીધું છે.

કોરોના વાઈરસથી સાવધાની ના ભાગરૂપે નવસારી ખાતે બહારથી આવતી તમામ બસોને વોશ કરવામાં આવે છે.મોટા ભાગે એસ.ટી. બસમાં મુસાફરો આવ-જા કરતા હોય સાવધાની રાખવી ખૂબ જ જરૂરી બની રહે છે. જાહેર બસ સ્ટેન્ડ ઉપર આવેલા ટોઈલેટ-બાથરૂમ પણ દરરોજ રાબેતા મુજબ સ્વચ્છ રાખવામાં આવે છે. જાહેર સ્થળોમાં સ્વચ્છતા જાળવી રાખવા તેમજ સરકારશ્રીની ઝૂંબેશ માટે લોકોને સહભાગી બનવા અપીલ કરવામાં આવી રહી છે.



રિંગરોડ સહારા દરવાજા પાસે કિન્નરો દ્વારા નિ:શુલ્ક માસ્કનું વિતરણ કરી કોરોના વાયરસ ફેલાતો રોકવાના પ્રયાસો કર્યા હતા. લોકોમાં જાગૃતિ લાવવા કિન્નરો દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

કોરોના વાયરસ ફેલાવાના ભય

બહુમાળી ભવન સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં લોકોની ભીડ યથાવત

નાનપુરા બહુમાળી કચેરી ગ્રાઉન્ડ પર સરકારી કામ માટે આવેલા લોકોનો જમાવડો

સુરત

કોરોના વાયરસનો ગતરોજથી સુરતમાં પ્રવેશ થઈ જવા પામ્યો છે. શંકાસ્પદ કોરોના હેઠળ દાખલ યુવતીનો રિપોર્ટ ચાર દિવસ બાદ ગતરોજ મોડી સાંજે પોઝીટીવ આવતા સુરતમાં પાલિકા તેમજ કલેક્ટરનું તંત્ર દોડધામમાં લાગી ગયું છે તો બીજી બાજુ નાનપુરા ખાતે આવેલી બહુમાળી બિલિંગમાં આવેલી સરકારી મોટાભાગની કચેરીમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

રાજ્ય સરકારથી માંડીને સુરત મ્યુનિ. કોર્પોરેશન સુધી તમામ નાગરિકોને ઘરમાં રહેવાની સલાહ આપી રહ્યા છે. ભીડથી દૂર રહેવાની સલાહ આપી રહ્યા છે. પણ સુરત શહેરમાં આવેલી ૧૦ જેટલી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ કરવા આવનારા અરજદારોની ભીડ આજે પણ જામી રહી હોવાનું સ્પષ્ટ પણે દેખાઈ આવે છે.

સુરત શહેરમાં નીચલી કોર્ટથી માંડીને હાઈકોર્ટ સુધી ઈમરજન્સી કેસ સિવાય પક્ષકારો ને વીકલોની હાજરી ટાળી રહી છે. તો બીજી બાજુ સુરતની કતારગામ, અઠવા, નવાગામ જેવી સબરજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજો માટે આવતા બંને પક્ષકારો તેમજ સાક્ષીઓ સાથેની ભારે ભીડ લાગેલી જોવા મળે છે અને દસ્તાવેજો નોંધાવી રહ્યા છે. આવી સમસ્યામાં કેટલાક જાગૃત વકીલો પણ સરકારની આ નીતિ સામે રોષ ઠાલવી રહ્યા છે. કોરોના વાયરસને ધ્યાનમાં રાખી જેવી રીતે પો.કમિ.એ જીમ, સ્કૂલો, મલ્ટીપ્લેક્ષ બંધ રાખવાનો હુકમ કર્યો છે. મ્યુ.કમિ.એ લારી ગલ્લાવાળાઓને અમૂક દિવસો સુધી બંધ રાખવાનો હુકમ કર્યો છે. તેવી જ રીતે કલેક્ટર બહુમાળી બિલ્ડિંગમાં જે મોટાભાગની કચેરીઓમાં સરકારી કામોને લઈને ઘર્ષણ જોવા મળે છે તેને ધ્યાનમાં રાખી યોગ્ય કાર્યવાહી કરવા એડવોકેટ રાજેશ ડી. ટેલરે જણાવ્યું હતું.

અંકલેશ્વર નોટીફાઈડનું તંત્ર એક્શનમાં , ગંદકી મુદ્દે પાણી તેમજ ડ્રેનેજનાં કનેક્શનો કાપી નાખ્યા

- **૪૩ ઉપરાંત મકાનો અને દુકાનોનાં કનેક્શનો કપાયાં...**
- **નોટીફાઈડની કડકાઈથી ગંદકી ફેલાવતા તત્વોમાં ફફડાટ**

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં કોરોના વાયરસને અનુલક્ષીને સાવચેતીનાં ભાગરૂપે નોટીફાઈડ તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે , અને સ્વચ્છતા અંગે નોટિશ ફટકાર્યા બાદ પણ ગંદકી ફેલાવતા ૪૩ ઉપરાંતનાં મકાનો તેમજ દુકાનોનાં પાણી તેમજ ડ્રેનેજનાં કનેશનો કાપી નાખવામાં આવ્યા હતા.

કોરોના વાયરસનાં રાક્ષસી ભરડા થી બચવા માટે સ્વચ્છતા પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે , અને અંકલેશ્વર નોટીફાઈડ એરીયા ઓથોરિટી દ્વારા જીઆઈડીસીનાં ૫૦૦ ક્વોર્ટસ વિસ્તારમાં સ્વચ્છતા અંગે નોટિશો આપવામાં આવી હતી , જોકે તેમછતાં કોઈજ સુધારો ન થતા નોટીફાઈડ ઓથોરિટી દ્વારા કડકડ કાર્યવાહી કરવામાં આવી હતી , અને ૪૩ ઉપરાંત નાં મકાનો તેમજ દુકાનોનાં પાણી તથા ડ્રેનેજનાં કનેક્શનો કાપી નાખવામાં આવ્યા હતા.

વધુમાં જીઆઈડીસીમાં આવેલ દુકાન ધારકોને પણ ગંદકી ફેલાવા પર પ્રથમ વખત રૂપિયા ૫૦૦નો દંડ અને બીજી વખત પકડાશે તો રૂપિયા ૧૦૦૦નાં દંડ ની કાર્યવાહી સાથે કડકડ કાર્યવાહી કરવાના પગલાં નોટીફાઈડ તંત્ર દ્વારા લેવા આવશે તેમ જાણવા મળ્યું હતુ.

અંકલેશ્વર ની નોબલ માર્કેટ પાસે શંકાસ્પદ ભંગારનો ૩ લાખ ઉપરાંતનો જથ્થો ઝડપાયો.



પ્રાથમિક સ્કૂલ નિયામકે શાળામાં દરમિયાન બાળકોના ઘરે ઘરે જઈને પીએટી બુકલેટનું વિતરણ કરવા શિક્ષકોને આદેશ કરાતા શિક્ષકો ઘરે ઘરે જઈને બુકલેટ વિતરણ કરતા હોવાનું તસ્વીરમાં જણાય છે. કોરોના વાયરસ ફેલાવાના ખતરા વચ્ચે શિક્ષકોને ઘરે ઘરે મોકલવાના શિક્ષકોને ઘરે ઘરે મોકલવાના નિર્ણયનો પ્રાથમિક શિક્ષણ મંડળ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

નાના વરાછામાંથી ૨૯ વર્ષીય મહિલા મિતલ સુતરીયા ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૩/૦૩/૨૦૨૦ ના રોજ ઘર નં. ૦૫, અમીધારા સોસાયટી, નાના વરાછા, શ્યામધામ રોડ સિવીલાઈઝ સર્કલ ખાતે રહેતા ૨૯ વર્ષીય મિતલબેન વિપુલભાઈ સુતરીયા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌર વર્ણ, ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે શરીરે પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા નાના વરાછા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અડાજણમાં રહેતી યુવાન સ્ત્રી હેતવી બેન શાહ ગુમ થયા

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૪/૦૩/૨૦૨૦ ના રોજ સી/૭૦૩, મિલેનીયમ રેસિડેન્સી, અયોધ્યાનગરી પાસે, અડાજણ ખાતે રહેતા ૩૨ વર્ષીય હેતવીબેન યોગેશભાઈ શાહ ગુમ થયા છે. હેતવીબેન શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે ગ્રીન રંગની ટી-શર્ટ તથા લીલા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પાંડેસરામાં રહેતી પરિણીતા કવિતાબેન પાટીલ લાપતા

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૧./૦૨/૨૦૨૦ ના રોજ પ્લોટ નં.૧૮, કર્મયોગી સોસાયટી-૨, પાંડેસરા(મૂળ વતન-ચીકલોડ, તા.પારોળા, જી. જલગાંવ) ખાતે રહેતા ૨૫ વર્ષીય કવિતાબેન પાંડુરંગ એકનાથ પાટીલ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌર વર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે લાલ રંગની સાડી પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ઈમરજન્સી સિવાઈ પાસપોર્ટ કચેરીમાં આવવું નહીં

સુરત

કોરોના વાયરસના ફાટી નીકળતા ધ્યાનમાં રાખીને, પાસપોર્ટ અરજદારોને સલાહ આપવામાં આવ છે કે અતિ આવશ્યક સ્થિતિમાં જ પાસપોર્ટ ઓફિસ/ પાસપોર્ટ સેવા કેન્દ્ર પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રની મુલાકાત લેવી અથવા ૧ એપ્રિલ ના રોજ નહિ તર તે પછીની એપોઈન્ટમેન્ટની તારીખ પર ફરીથી સેટ કરો . છેલ્લી એપોટઈન્ટમેન્ટ વાળા અરજદારોને ચિંતા કરવાની જરૂર નથી, તે રઅરજદારોને ફરીથી તક આપવામાં આવશે. અરજદારો તેમની શિકાયત rpo.surat@mea.gov.in મેઈલ પર કરી શકો છો.

વલસાડ જિલ્લાની સંકલન બેઠક મોકુફ

વલસાડ

વલસાડ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની માહે માર્ચ-૨૦૨૦ માસની માસિક સમીક્ષા બેઠક, તા.૨૧/૦૩/૨૦૨૦ના રોજ નવી કલેક્ટીર કચેરી, વલસાડના સભાખંડમાં મળનાર હતી. જે હાલમાં કોરોના વાઈરસ સામે સાવચેતી અને તકેદારીના ભાગરૂપે મોકૂફ રાખવામાં આવી છે, જેની સંબંધિતોને નોંધ લેવા નિવાસી અધિક કલેક્ટાર, વલસાડ દ્વારા જણાવાયું છે.

ધરમપુર ખાતે રોજગાર એપ્રેન્ટીસ ભરતી મેળો મોકુફ

વલસાડ

મુખ્યથમંત્રી એપ્રેન્ટીસસશીપ યોજના અંતર્ગત શ્રમ અને રોજગાર વિભાગ તેમજ જિલ્લા વહીવટીતંત્ર વલસાડના સંયુક્ત ઉપક્રમે ઓન જોબ કૌશલ્યળ તાલીમ દ્વારા યુવાનોની રોજગારક્ષમતામાં વધારો થાય તેવા ઉદ્દેશથી ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટીસની ખાલી જગ્યાલઓ ભરવા માટે તા.૨૧/૩/૨૦૨૦ના રોજ ધરમપુર આઈ.ટી.આઈ. ખાતે રોજગાર/ એપ્રેન્ટીરસ ભરતીમેળાનું આયોજન કરાયું હતું. જે કોરોના વાઈરસના નોટિફિકેશન મુજબ મોકૂફ રાખવામાં આવ્યોશ છે, જેની સંબંધિતોને નોંધ લેવા વલસાડના રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

ઉમરગાવમાં રહેતા જ્યોતી રોહિતભાઈ દબીર લાપતા

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ નવીનગરી સ્કૂલલની પાછળ રહેતી જ્યોતિબેન રોહિતભાઈ દબીર તા.૧૧/૩/૨૦૨૦ના રોજ આશરે ૨-૦૦ વાગ્યાલની આપસપાસ ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર જતી રહી છે, જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૨૩ વર્ષ, રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ આશરે પાંચ ફૂટ, જમણા હાથની કલાઈ ઉપર ફુલનું નિશાન કોતરાવેલું છે. શરીરે લાલ કલરની મેક્ષી પહેરી છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળી મહિલાની જો કોઈને ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેલશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ખેરગામ રોડ પર ટેમ્પો અડફેટે અજાણ્યાનું મોત

વલસાડ

વલસાડ તાલુકાના ગુંદલાવ- વલસાડથી ખેરગામ થતા રોડ ઉપર એક આઈશર ટેમ્પોહના ડ્રાવઈરે અજાણ્યાય વ્ય ક્તિ ને અડફેટે લેતાં તેનું મરણ થયું હતું. જેના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યાપ નથી. મૃતકની ઊંચાઈ ૫.૬ ફૂટ રંગે ઘઉંવર્ણ, મધ્યેમ બાંધો, શરીરે કાળા રંગનું પેન્ટી પહેર્યું છે. માથાના વાળ નાના છે. આ વર્ણનવાળા મૃતકના જો કોઈ વાલીવારસો હોય તો વલસાડ રૂરલ પોલીસ સ્ટે શનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

નર્મદામાં વધુ ત્રણ વિદેશથી આવેલ વ્યક્તિઓને કોરન્ટાઈલ કરાયા : કોરન્ટાઈલમાં અત્યાર સુધી આંકડો ૨૧ પર પહોંચ્યો

હાલ બહારથી આવેલ ૩ વ્યક્તિઓને કોરોનટાઈલ કરવામાં આવ્યાં રાજેન્દ્ર નગર સોસાયટી જે દુબઈથી આવ્યા હતાં. ૨ જલારામ નગર જે અબુધાબી થી આવેલ છે.



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

ભારતમાં કોરોનો વાયરસ ની ઈફેક્ટ ના પગલે આરોગ્ય વિભાગ ની સતર્કતા વધી છે. ગુજરાતમાં અત્યાર સુધી પાંચ કેશ નોંધાયા છે ત્યારે નર્મદા જિલ્લામાં પણ મોનીટરીગ સુપરવાઈઝિંગની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ત્યારે શુક્રવારે વધુ ત્રણ વિદેશથી આવેલ વ્યક્તિઓને કોરન્ટાઈલ કરવામાં આવ્યા રાજપીપળામાં બહારથી આવેલ ૩ વ્યક્તિઓને કોરોનટાઈલ કરવામાં આવ્યાં જેમાં રાજેન્દ્ર નગર સોસાયટી માં જે દુબઈથી આવ્યા હતાં.જયારે જલારામ નગર સોસાયટી ના જે અબુધાબી થી આવ્યા છે.આયુર્વેદિક કોલેજના બોયઝ હોસ્ટેલ માં થઈને ત્રણ ને નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્કેનિંગ કરવામાં આવ્યા અને તેમને કોરન્ટાઈલ કરવામાં આવ્યા હતા.

અત્યાર સુધી નર્મદા જિલ્લા માં વિદેશ થી આવેલ ૨૧ લોકો ને કોરન્ટાઈલ કરવામાં આવ્યા છે અને એક ઈંગ્લેન્ડ થી આવેલ પ્રવાસી અને ૭ ચાઈના થી આવેલ પ્રવાસીઓ આરોગ્ય વિભાગ સ્કેનિંગ કરી ને જરૂરી તકેદારી રાખવાની સલાહ આપી હતી. આમ નર્મદા જિલ્લાનું આરોગ્ય વિભાગ કોરોના ને લઈ ખુબ સતર્ક છે.

ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી યુવકને અશ્લિલ મેસેજ કરનાર વિદ્યાર્થિનીની ધરપકડ

સુરત

અડાજણ વિસ્તારમાં રહેતી અને તલાટી કમ મંત્રી તરીકે નોકરી કરતી યુવતીનું ફેક ફેસબૂક એકાઉન્ટ બનાવી યુવાનને અશ્લીલ મેસેજો અને ફોટા મોકલી તેને બદનામ કરવા પ્રયાસ કર્યો હતો. સુરત સાયબર ક્રાઈમ પોલીસે આ બનાવમાં જામનગરની એલએલબીનો અભ્યાસ કરતી યુવતીની ધરપકડ કરી છે.

મૂળ રાજકોટની વતની અને હાલ સુરતના અડાજણ વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ૨૬ વર્ષીય યુવતી સુરતમાં જ તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. ત્રણ વર્ષ અગાઉ સમાજના આગેવાન મારફતે તેની રાજકોટના પડઘરીના દહીસરાના યુવક સાથે સગાઈની વાત ચાલી હતી. જોકે, યુવક દૂરના સગામાં હોય યુવતીના પિતાએ સગાઈ કરવા ના પાડતા વાત બંધ થઈ ગઈ હતી.

સામાજીક પ્રસંગમાં યુવક અને યુવતીના પરિવારજનો ભેગા થતા તેણે ફરી વાત મૂકી હતી પરંતુ પરિવારે ઈકાર કર્યો હતો. તેમ છતાં યુવક યુવતીને ફોન કરી અને વ્હોટ્સએપ મેસેજ કરી સગાઈ માટે દબાણ કરતો હતો. તે વખતે પણ યુવતીએ ના પાડી હતી. દરમિયાન ગત ૨૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ યુવકે યુવતીના મોટા ભાઈને વ્હોટ્સએપ ઉપર ફેસબૂક ચેટીંગનો સ્ક્રીનશોટ મોકલ્યો હતો. સ્ક્રીનશોટમાં યુવતીના નામના ફેસબૂક એકાઉન્ટનું ચેટીંગ હતું અને એકાઉન્ટના પ્રોફાઈલ પિક્ચરમાં યુવતીનો જ ફોટો હતો. તે એકાઉન્ટમાંથી યુવકને અશ્લીલ મેસેજો અને ફોટા મોકલાયા હતા.

કોરોના વાયરસનો ભયઃ સુરતમાં ૧૪૪ની કલમનો અમલ લાગુ થયો

તા.૨૭મીસુધી ચાર કે વધુ લોકોએ એકત્ર થવા પર પ્રતિબંધ

સુરત

સુરત શહેરમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરકરાર રહે તે માટે શહેરના સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા પોલિસ કમિશનર વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવી કે સરઘસ કાઢવા ઉપર તેમજ જાહેરમાં ઉશ્કેરણી કરે અને લાગણી દુભાય તેવા અભદ્ર, દ્વિઅર્થી ભાષા પ્રયોગ કરવા પર તા.૨૭/૦૩/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. અપવાદ તરીકે સરકારી, અર્ધસરકારી ફરજ સાથે સંકળાયેલા તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

લગ્નની વર્ષગાંઠ નિમિત્તે હળપતિ વાસમાં ૧૦૦ બાળકોને ભોજન

ગરીબ બાળકોને ભોજન કરાવી પરિવારે લગ્નની સીલ્વર જ્યુબીલી ઉજવી

સુરત

લાયન્સ ક્લબ સુરત પ્રેસિડન્સીના સભ્ય લાયન કિરીટ ગજજર અને લાયન શ્રીમતિ નિલમ ગજજરે તેના લગ્નના ૨૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે લાયન્સ ક્લબ પ્રેસિડેન્સીના સભ્યોને સાથે મળીને ભાઠા હળપતિવાસ તેમજ ભાટપોરના હળપતિવાસના લગભગ ૧૦૦ બાળકોને રાત્રિનું ભોજન કરાવ્યું હતું. આ પ્રસંગે આ વિસ્તારના બાળકોને ઓટલા પર બેસાડીને શિક્ષણ આપતા સમાજ સેવિકા શ્રીમતિ બીનાબેન રાવ, લા. હિતેન્દ્ર ચુડાવાળા, લા. પ્રા. એન.એમ. કારિયા, લા. નિરજ ભાઈ શાહ, પ્રિતિબેન શાહ, પ્રિ.ફુ.દીપિકા શુક્લ, શ્રીમતિ સ્મીતાબેન ચુડાવાળા, દેવિકાબેન કંસારા, તેમજ મુકેશભાઈ લાડ, ભાવેશભાઈ કંસારા અને જ્યોતિબેન પચ્ચીગર ઉપસ્થિતિ રહી આયોજનને સફળ બનાવ્યું હતું. અને લાયન દંપતિ એડવોકેટ કીરીટ ગજજર અને શ્રીમતિ નિલમ ગજજરને દાંપત્ય જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

લો બોલો કોરોના વાયરસના હાઉ વચ્ચે જાહેરમાં થૂંકનાર દંડાય છે ત્યારે એટીએમમાં થૂંકવાની પણ ઘટના સામે આવી..?!

રાજપીપળાની એક જાણીતી બેંકના એટીએમના નોટ બોક્ષમાં પાનની પિચકારી મારવાની ઘટના બની



જોકે આ બાબતે બેંક અધિકારીઓ એ કોઈને દંડ ન કરી લોકોમાં વાત ન ફેલાય એ બાબતને પ્રાથમિકતા આપી

(ભરત શાહ દ્વારા) -
રાજપીપળા :

હાલ આખા વિશ્વમાં કોરોના નો હાઉ હોય જાહેરમાં થૂંકતા વ્યક્તિઓ પર તંત્ર સતત નજર રાખી દંડ પણ વસુલ કરે છે જેથી અન્યો માં આ વાયરસ ન ફેલાય તેની તકેદારી રાખવા તંત્ર આ પગલું ભરે છે છતાં આદત સે મજબુર લોકો હજુ પણ ક્યાંક ને ક્યાંક પોતાની આદત કે અન્ય કારણોસર આમ કરે જ છે ત્યારે રાજપીપળા શહેરની એક જાણીતી બેંકની શાખાના એટીએમમાં કોઈક કારણોસર કોઈ વ્યક્તિ એ પાનની પિચકારી મારી એટીએમ નું નોટ (રૂપિયા) મુકવાનું બોક્ષ લાલ કરી નાખ્યું હતું.ત્યારે જાણવા મળ્યા મુજબ કદાચ આ વ્યક્તિ પૈસા જમા કે ઉપાડ માટે આવ્યો હોય ત્યારે મશીન ચાલ્યું નહિ હોય જેથી આવેશમાં આવી આમ કર્યું હોઈ શકે પરંતુ એ જે બાબત હોય તે હાલ કોરોના માટે આખું વહીવટી તંત્ર

જ્યારે સતર્ક હોય ત્યારે આવી હિંમત કોણે કરી હશે..? ખરેખર તો આ બેંકના અધિકારીઓએ આવા વ્યક્તિને દંડ સાથે કડક કાર્યવાહી કરવી જોઈએ છતાં બીજા લોકો માં આ વાત ન ફેલાય અને બીજા કોઈ આવું પગલું ન ભરે તેને અધિકારી એ પ્રાથમિકતા આપી હોવાનું આ બેંકના અધિકારી એ ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતું.

સુરતમાં ચેઈન સ્નેચિંગ કરતો રીઢો આરોપી ઝડપાયો

સુરત

શહેરમાં રાહદારી મહિલાઓના ગળામાંથી ચેઈન ખેચી લૂંટ ચલાવતા નાસતા ફરતા રીઢા આરોપીને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. કાઈમ બ્રાંચને મળેલી બાતમીના આધારે સોસિયો સર્કલ પાસેથી આરોપીને ઝડપી લીધો છે. આરોપીએ વિવિધ ચોરીના ગુનાની કબૂલાત પોલીસ ચોપડે નોંધાયેલા ગુના ઉકેલાયા છે.

પોલીસના હાથ ઝડપાયેલો આરોપી પંકજ શંકરલાલ પરમાર (ઉ.વ.આ.૩૭) રહે. પગારાગામ,લીમડાફળા પોસ્ટ.દામડી થાના દોબડા, જિ.ડુંગરપુર રાજસ્થાન ૨૦૧૬માં સહ આરોપી રાહુલ ઉર્ફે રીકુ સાથે મળી ડુંગરપુરથી બાઈક લઈને સુરતમાં ચેઈન સ્નેચીંગ કરતાં હતાં.અલગ અલગ વિસ્તારમાં નવ જેટલા ગુના આચર્યાનું તેમણે કબુલ્યું હતું. અગાઉ પોલીસે આ ગુનામાં રાહુલ ઉર્ફે રીકુ કપીલ સોનીને ઝડપી લીધો હતો જ્યારે પંકજ નાસતો ફરતો હતો અંત ઝડપાઈ ગયો છે. આરોપીનો ગુનાહિત ઈતિહાસ પણ ખરડાયેલો છે.પાસા હેઠળ પણ અગાઉ તે ઝડપાયો હતો.

રાજપીપળા શહેરમાં વિદેશથી આવેલા કે આવનાર વ્યક્તિઓ બાબતે જાણકારી આપવા પાલિકાની સૂચના



કોરોના બાબતની સાવચેતીને ધ્યાને લઈ ચીફ ઓફિસરે જાહેર હિતમાં નાગરિકોને આપી સૂચના

(ભરત શાહ દ્વારા)-
રાજપીપળા :

હાલ સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે લોકોને ચિંતિત કર્યા છે ત્યારે વહીવટી તંત્ર તેની અટકાયત માટે કોઈ પણ કચાસ છોડતું નથી જેમાં અનેક પ્રકારની જાહેરાતો મહત્વની હોય રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલ દ્વારા પણ જાહેર હિતમાં સૂચના આપવામાં આવી જેમાં જણાવ્યું હતું કે રાજપીપળા શહેરમાં કોઈ પણ નાગરિક વિદેશથી આવ્યા હોય કે આવવાના હોય તેવી જાણકાર કોઈ પણ વ્યક્તિને મળે તો આ માહિતી મો.નં ૯૯૧૩૭૪૨૯૩૧ અથવા ૯૯૯૮૧૫૫૨૧૭ પર આપવા વિનંતી કરવામાં આવી છે. સાથે જણાવ્યું હતું કે હાલમાં કોરોના વાઈરસથી ગંભીર બીમારીઓ થતી હોય અટકાયતી પગલાં લેવા માટે આ માહિતી ખાસ જરુરી છે.તેથી આ માહિતી કોઈ પણ નાગરીક પાસે હોય તો કોઈ પણ પ્રકારના વિલંબ વગર આપવા જણાવ્યું છે.

કોરોના વાયરસથી સાવચેતી

ભાટીયા ટોલમુક્તિ સંઘર્ષ સમિતિનું આંદોલન મોકૂફ

તા.૩૧ 'મી સુધીના તમામ કાર્યક્રમો સ્થગિત

સુરત

સ્થાનિક વાહનોને ભાટીયા ટોલનાકા ઉપર ટોલટેક્સ મુક્તિ માટે છેલ્લા ૪૫ દિવસથી ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ લડત ચલાવી રહી છે. હાલ કોરોના વાયરસને કારણે સમગ્ર દેશમાં યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે. કોરોના વાયરસને પ્રસરતો અટકાવવા માટે તંત્ર ૨૪ કલાક દોડી રહ્યું છે. કેટલાક પ્રતિબંધિત આદેશો પણ કરવામાં આવી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિએ સુરત શહેર અને જિલ્લાના નાગરિકોના હિતમાં શરૂ કરાયેલ આ આંદોલનને તા.૩૧મી માર્ચ સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ તા.૩૧મી માર્ચ સુધી સંઘર્ષ સમિતિ દ્વારા કોઈપણ જાતના કાર્યક્રમો આપવામાં આવશે નહીં. કોરોના વાયરસ અંગેની સ્થિતિ સામાન્ય થયા બાદ ફરીથી લડત ઉપાડવામાં આવશે.

કોરોના અસર: ગુજરાતમાં સુગર ફેકટરીઓની ચૂંટણી ન યોજવા નર્મદાના પાટીદાર યુવાને સીએમને પત્ર લખ્યો

જો ચૂંટણી જાહેર થશે તો ગામે ગામ સભાઓ થશે, જેથી કોરોના ફેલાવાનો ભય રહેશે : નર્મદાના પાટીદાર યુવાને દેહશત વ્યક્ત કરી



જીવલેણ વાયરસ મામલે સરકાર જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવે તો ગુજરાતની સુગર ફેકટરીઓ ચૂંટણી કાર્યક્રમ હાલ પૂરતો જાહેર ન કરે: નર્મદાના પાટીદાર યુવાનની વિનંતી

(ભરત શાહ દ્વારા) -
રાજપીપળા:

કોરોના વાયરસે વિશ્વ ભરમાં હાહાકાર મચાવ્યો છે.ભાગ્યે જ કોઈ એવું રાજ્ય હશે જ્યાં કોરોના એ દસ્તક ન દીધી હોય.ગુજરાતના સુરત,રાજકોટ, અમદાવાદ અને વડોદરામાં પણ કોરોના ના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે.જેને પગલે સરકારે ત્યાં ૧૪૪ ની કલમ લાગુ કરી દીધી છે.આ તમામ વચ્ચે નર્મદા જિલ્લા ના એક પાટીદાર યુવાને કોરોના વાયરસને લીધે ગુજરાત ના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક પત્ર લખી ગુજરાતની સુગર ફેકટરીઓની ચૂંટણી ન થાય તેવી માંગ કરી છે.

નર્મદાના નાંદોદ તાલુકાના વાવડી ગામના પ્રવીણભાઈ શાંતિલાલ પટેલે પોતાની રજુઆતમાં જણાવ્યું છે કે કોરોના વાયરસે વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે.જેથી ગુજરાત સરકારે આગામી ૩૧ માર્ચ સુધી સ્કૂલો, કોલેજો સહિત જ્યાં વધુ લોકો એકત્ર થાય છે એવી તમામ જગ્યાઓ બંધ કરવાના આદેશ આપ્યા છે.તો ગુજરાતની કેટલીક સુગર ફેકટરીઓએ સંચાલક મંડળની ચૂંટણી જાહેર કરવાની તૈયારીઓ કરી છે. ૨૫ હજારથી ૩૦ હજાર સભાસદો ધરાવતી સુગર ફેકટરીઓનું કાર્યક્ષેત્ર ૩૦૦-૪૦૦ ગામોનું હોય છે.તેથી જો ચૂંટણીઓ જાહેર થાય તો ગામે ગામ મોટી સભાઓ થાય જેને કારણે કોરોના વાયરસ ફેલાવાનો ભય વધુ રહેલો છે. જાનલેવા વાયરસ મામલે જો ભારત સરકારે અગમચેતીના પગલાં રૂપે જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ ફરમાવ્યો છે ત્યારે ગુજરાતની સુગર ફેકટરીઓ પોતાનો ચૂંટણી કાર્યક્રમ હાલ પૂરતો જાહેર ન કરે એવો સરકાર હુકમ કરે એવી મારી વિનંતી છે.

નર્મદા જિલ્લામાં કોરોના વાયરસના ભયથી ફફડતા લોકો પાસે માસ્ક તેમજ સેનીટાઈઝરના ભાવમાં લૂંટ ચલાવાતી હોવાની બુમ

સરકારી તંત્ર ભલે કોરોના ને લઈ જાગૃત છે પરંતુ માસ્ક અને સેનીટાઈઝરની માંગ વધતા ભાવમાં ઉછાળો આવ્યો છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



ભારત દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોના વાઇરસ મહામારીનો ભય લોકોને સતાવી રહ્યો છે. ભારત માં પણ તેનો પગપેસારો થઈ ગયો છે ત્યારે નર્મદા જિલ્લા માં હાલમાં કોરોના વાયરસ ને લઈને લોકોમાં સરકારી તંત્ર ભલે જાગૃત છે ત્યારે જિલ્લા ના કેટલાક મેડિકલસ્ટોરમાં હાલમાં આ વાયરસના ભયના કારણે માસ્ક તેમજ સેનીટાઈઝરની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે ત્યારે કેટલાક મેડિકલ સ્ટોરના સંચાલકો કોરોના વાઇરસ ના ડર નો ગેર ફાયદો ઉઠાવી રહ્યાં હોય તેવી લોકોમાં બુમ ઉઠી છે.હલકી ક્વોલિટીના અને ખૂબ જ સસ્તા દરના માસ્ક ૯૦ થી ૧૨૦ રૂપિયામાં વેચાય છે જ્યારે નામાંકિત બ્રાન્ડના ન હોઈ તેવા સેનેટાઈઝર પણ બજારમાં મળી રહ્યા હોવાની બુમ ઉઠી છે.ત્યારે આવી સ્થિતિમાં જ્યારે મહામારી દેશમાં ફેલાઈ હોય ત્યારે મેડિકલ સંચાલકોએ આવા સમયે પ્રજાને હાલાકી ન પડે તે માટે સસ્તા દરે અને સારી ક્વોલિટીના માસ્ક અને સેનેટાઈઝર આપે એ જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે આવા સમયે લોકોને સસ્તા દરે માસ્ક અને સેનેટાઈઝર મળી રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા પણ અલગ અલગ સ્થળે તેના સ્ટોલ ઉભા કરવા જોઈએ અથવા આરોગ્ય કેન્દ્ર ,દવાખાના ,સી એસ સી માં તેનું વિતરણ કરવું જોઈએ.નર્મદા જિલ્લો ગ્રામ્ય વિસ્તાર ધરાવતો જિલ્લો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં મોટાં ભાગના લોકોને ખબર નથી કે સેનેટરાઈઝર નો ઉપયોગ કેવી રીતે થાય માટે ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક પહેરવાનું કેટલું મહત્વ છે જે અંગે પણ લોકોને જાગૃતિ આપવામાં આવે એ જરૂરી બન્યું છે.

સુરતમાં કલમ-૧૪૪ લાગૂ: ડુમસ-સુંવાલી બીચ બંધ કરાયા

સુરત

કોરોના વાયરસને લઈને પોલીસ તંત્ર પણ સતર્ક થયું છે. સુરતમાં ૧૪૪ કલમ લાગુ કરી દેવામાં આવી છે અને ડુમસ અને સુંવાલી બીચ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.આ નિયમનું ઉલ્લંઘન ન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે તેમ કમિશનરે જણાવ્યું છે.

સુરતમાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવ્યો છે અને કેસ સામે આવ્યો છે જેને લઈને તંત્ર તો સજાગ છે જ પરંતુ પોલીસ ખાતું પણ સજાગ થઈ ગયું છે સુરતમાં પોલીસ કમિશનરે ૧૪૪ કલમ લાગુ કરી દીધી છે જાહેર સ્થળો પર ૪ થી વધુ લોકોને એકઠા થવા પર પ્રતિબંધ છે આ ઉપરાંત પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે સુરતના ડુમસ અને સુવાલી બીચ પર પણ લોકોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે અહી પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે આ ઉપરાંત કાયદાનું પાલન નહિ કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમજ લોકોને વરઘોડો નહિ કાઢવા પણ અપીલ કરી છે.

રાજપીપળા શાક માર્કેટમાં કોરોનાથી ના ડરો જેવો ઘાટ





(ભરત શાહ દ્વારા)- વિશ્વભરના લોકો કોરોના ના ભય હેઠળ છે ત્યારે નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા શાક માર્કેટમાં માસ્ક કે કોઈજ જાતની સુરક્ષા વિના પ્રજાની ભારે ભીડ જોવા મળી રહી છે.ત્યારે કોણ કોને વાયરસ નો ચેપ હશે..કે લાગશે..? એ કહેવું મુશ્કેલ છે પરંતુ સુરક્ષાના ભાગરૂપે ત્યાં જરૂરી પગલાં લેવાય એ પણ લોકહીત માટે અત્યંત જરૂરી જણાય છે.

રિંગરોડ પર દુકાનમાંથી ૨૨ મોબાઈલ ચોરાયા

સુરત

રિંગરોડ કોહીનૂર એપાર્ટમેન્ટમાં આવેલ ન્યુ અનમોલ ટેલિકોમ નામની દુકાનનું તાળુ તોડી અજાણ્યા બે તસ્કરોએ દુકાનમાંથી રૂપિયા ૧.૩૦ લાખની કિંમતના ૨૨ મોબાઈલ ફોનની ચોરી કરી નાસી ગયા હતા. આ બનાવ અંગે સલાબતપુરા પોલીસ સ્ટેશને દુકાન માલિક ફારૂક અમીન તૈલીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સલાબતપુરા પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી મોબાઈલ ફોનની ચોરી કરનારા બે અજાણ્યા ચોરની શોધખોળ હાથ ધરી છે. આ કેસની તપાસ પીએસઆઈ સી.એચ. પનારા કરી રહ્યા છે.

દમણગંગા નદીમાંથી અજાણ્યો મૃત દેહ મળ્યો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બોરીગામ-ભગત ફળિયા નાનુભાઈ બાબરભાઈના રેતી મશીન નજીકમાં દમણગંગા નદીના પાણીમાં એક અજાણ્યો વ્યલક્તિલ મૃત હાલતમાં તા.૧૩/૩/૨૦ના રોજ સાંજે ૩-૦૦ વાગ્યા?ની આસપાસ મળી આવ્યોણ હતો. મૃતકની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષ મજબૂત બાંધો, શરીરે સફેદ કલરનું આખી બાંયનું શર્ટ તથા કમરે કોફી કલરનું પેન્ટ પહેર્યું છે. આ વર્ણનવાળા વ્યતક્તિપના જો કોઇ વાલીવારસો હોય તો ભિલાડ પોલીસ સ્ટે શનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)